હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૬-૨-૨૦૨૬, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૮૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




રાજયપાલના ભાષણ સાથે

# વિધાનસભામાં બજેટ સત્રનો આરંભઃ ખેતી, રોજગાર અને સુરક્ષામાં સુધારાનો સંગમ

## દિવંગત પૂર્વ ધારાસભ્યોને શ્રધ્ધાસુમન અર્પણ કરાયાઃ બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ અંદાજપત્ર રજૂ કરશે

### વિધાનસભાના ઉપદંડકનું પદ રાજકોટને મળશે ??



ધારાસભ્ય રમણભાઈ સોલંકી અને કૌશિક વેકરીયાનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવતા વિધાનસભામાં ચાર ઉપદંડક પૈકી ૨ ઉપદંડકની જગ્યાઓ ખાલી પડી છે. બજેટ સત્ર દરમિયાન આ જગ્યાઓ ભરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.રાજકોટનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો ન હોય.રાજકોટના ચાર પૈકી કોઈ એક ધારાસભ્યને વિધાનસભાના ઉપદંડક બનાવવામાં આવે તેવી શક્યતા હાલ દેખાય રહી છે. દંડક પદ માટે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

### ગાંધીનગરમાં કોંગ્રેસની 'જન આક્રોશ સભા': રાજ્ય સરકાર પર પ્રહારો

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના આરંભ સાથે આજે વિપક્ષ કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભા યોજાઈ હતી.જન આક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, આદિવાસીઓ, વેપારીઓના પ્રશ્નો સહિત ગુજરાતના અનેક પ્રાણ પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ રાજ્ય સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે,ડબલ એન્જીનની સરકારમાં દિલ્હીનું એન્જીન મોંઘવારી વધારે છે અને ગુજરાતનું એન્જીન બેફામ ભ્રષ્ટાચાર વધારે છે .કોંગ્રેસ જનતાના પ્રશ્નો, સમસ્યાઓ, પીડાઓના આક્રોશને બુલંદ અવાજે ઉઠાવશે.

### વિધાનસભાના ઉપાધ્યક્ષ બનશે પૂર્ણેશ મોદી

#### કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારની કારમી હાર



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી અંગે આજે પ્રસ્તાવ મુકવામાં આવશે. જેમાં ભાજપ તરફથી પૂર્ણેશ મોદીના નામની દરખાસ્ત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી જયારે કોંગ્રેસ તરફ ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોરે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યનું સંખ્યાબળ હોવા છતાંય ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. વિપક્ષનું કહેવું છે કે, ભાજપે લોકશાહીની પરંપરા તોડી છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં આ પદ વિપક્ષને અપાતું હતું. ઉપાધ્યક્ષની ચૂંટણીમાં પૂર્ણેશ મોદી તોતિંગ લીડથી જીત્યા હતા.

**અબતક, રાજકોટ**

૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રનો આરંભ થઈ ચૂકયો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અભિભાષણ સાથે સત્ર શરૂ થયું છે. ગૃહના પુર્વ દિવંગત સભ્યોને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદી ઉપાધ્યક્ષ તરીકે તોતીંગ બહુમતી સાથે ચૂંટાઈ આવ્યા હતા. વિધાનસભાના બજેટ સત્રમાં ખેતી, સુરક્ષા અને રોજગાર પર ભારે મૂકવામાં આવશે. આગામી (અનુ. આઠમા પાને)

## રોજગાર નિયમન અને સેવા શરતો સુધારા બિલ, ગુજસીટોક સુધારા અને સૌરાષ્ટ્ર ઘરખેડ,ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક મેજ પર મુકાયા

# નરેન્દ્ર મોદીની 'સૂર્ય' શક્તિને 'ગ્રહણ' લાગ્યું?

## બેંકોની આનાકાની અને રાજ્યોના અસહકારથી સોલાર મિશનની ગતિ ધીમી પડી

## વીજ કંપનીઓને પણ ડર, બધા ગ્રાહકો વીજળી ઉત્પન્ન કરવા લાગશે તો વીજળી વેચીશું કોને?

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી 'પીએમ સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના', જેનો ઉદ્દેશ્ય દેશના ૧ કરોડ ઘરોને સોલાર પાવરથી રોશન કરવાનો છે, તે હાલમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. લાખો લોકોએ ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં, બેંકો અને રાજ્ય સરકારોની વીજ કંપનીઓના નિરસ વલણને કારણે સોલાર પેનલ લગાવવાની કામગીરી ધીમી પડી ગઈ છે. નાના ગ્રાહકોને લોન આપવામાં બેંકોની અનિચ્છા આ યોજનામાં સૌથી મોટો અવરોધ ધિરાણકર્તાઓ તરફથી આવી રહ્યો છે. અહેવાલ મુજબ, ઘણી બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ સોલાર રૂફટોપ માટે લોન મંજૂર કરવામાં ડરી રહી છે. તેમનું કહેવું છે કે આ લોનની રકમ ઘણી નાની હોય છે (સામાન્ય રીતે રૂ.૫૦,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ આસપાસ), પરંતુ તેની પ્રોસેસિંગ પાછળ થતો ખર્ચ અને મહેનત હોમ લોન જેટલી જ લાગે છે. આર્થિક રીતે નબળા અથવા મધ્યમ વર્ગના ગ્રાહકો પાસેથી લોનની રિકવરી (વસૂલાત) કરવામાં મુશ્કેલી પડશે તેવો ડર પણ બેંકોને સતાવી રહ્યો છે, જેના કારણે લોન મંજૂર થવામાં વિલંબ થઈ રહ્યો છે. (અનુ. આઠમા પાને)

### જાન્યુઆરી સુધીના ૧૦ મહિનામાં ૫૨.૫ ગીગાવોટ પાવર ક્ષમતા ઉમેરી ભારતે ઈતિહાસ રચ્યો

ભારતે ઉર્જા ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિનામાં જ દેશમાં રેકોર્ડબ્રેક ૫૨.૫ ગીગાવોટ નવી વીજ ઉત્પાદન ક્ષમતા ઉમેરવામાં આવી છે. અત્યાર સુધીના કોઈપણ નાણાકીય વર્ષમાં ઉમેરાયેલી ક્ષમતામાં આ આંકડો સર્વોચ્ચ છે. વીજ મંત્રાલયના ડેટા મુજબ, ભારત વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા માટે મિશન મોડમાં કામ કરી રહ્યું છે અને આ ઐતિહાસિક વધારો તેનો પુરાવો છે. દેશમાં તીવ્ર ગરમી અને ઝડપી આર્થિક વિકાસને કારણે વીજળીની માંગમાં સતત ઉછાળો આવી રહ્યો છે.

(અનુ. આઠમા પાને)



### હર ઘર સોલાર, ઘર ઘર સોલાર રૂફટોપ સોલાર પાવરમાં ગુજરાત અવ્વલ નંબરે

પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ દેશભરમાં રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવાની દોડમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સૌથી આગળ નીકળી ગયા છે. સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે આ ત્રણ રાજ્યોએ દેશમાં કુલ રુફટોપ સોલાર ક્ષમતામાં સિંહફાળો આપ્યો છે. ખાસ કરીને ગુજરાતે તેની સૌર ઉર્જા નીતિ અને લોકોમાં જાગૃતિને કારણે આ યાદીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે મહારાષ્ટ્ર અને યુપીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ રાજ્યોની સફળતા રાષ્ટ્રીય ગ્રીન એનર્જી લક્ષ્યાંકો માટે ખૂબ જ પ્રોત્સાહક સાબિત થઈ રહી છે. જ્યારે દેશના અન્ય ભાગોમાં બેંકો અને ડિસ્કોમના પ્રશ્નોને કારણે યોજના ધીમી પડી છે, ત્યારે આ ત્રણ રાજ્યોમાં ગ્રાહકો અને તંત્રના સંકલનથી ઈન્સ્ટોલેશનની ગતિ જળવાઈ રહી છે. આ વધતી જતી સોલાર ક્ષમતાને કારણે આ રાજ્યોના લાખો પરિવારોને વીજળીના બિલમાં મોટી રાહત મળી રહી છે અને ગ્રીડ પરનું ભારણ પણ ઘટી રહ્યું છે.

૨૦ દેશો ભારતની એઆઈ તાકાતને માણશે

# દિવ્યાંગોને દ્રષ્ટી, મેલેરિયામાંથી મુક્તિ અને ફેક વીડિયો સહિતની સમસ્યાઓનું સમાધાન હવે 'એઆઈ' શોધશે

## ૧૩ થી ૨૧ વર્ષના યુવાનોએ ટેકનોલોજીના સથવારે ખેતીથી લઈને કેન્સરના નિદાન સુધીના જટિલ પ્રશ્નોનો 'એઆઈ'થી શોધ્યો સચોટ જવાબ

**અબતક, નવી દિલ્હી**




ભારત હવે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશ નથી રહ્યો, પરંતુ વિશ્વને નવી દિશા આપનાર 'એઆઈ હબ' બનીને ઉભરી રહ્યો છે. દિલ્હીમાં આજથી શરૂ થયેલી હાઈ-પ્રોફાઈલ 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં ભારત પોતાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ની તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે, જેને નિહાળવા માટે વિશ્વના ૨૦ થી વધુ અગ્રણી દેશોના પ્રતિનિધિઓ એકઠા થયા છે. આ સમિટમાં રજૂ થનારા આધુનિક સોલ્યુશન્સ માનવજીવનની જટિલ સમસ્યાઓના કાયમી ઉકેલ લાવવા માટે સક્ષ્ક્ષ છે. ભારતની આ વધતી જતી ભૂમિકા હવે જવાબદાર અને લોકોપયોગી એઆઈ સોલ્યુશન્સ વિકસાવવામાં ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે.

ભારત સરકાર દ્વારા આયોજિત ત્રણ મોટી વૈશ્વિક એઆઈ ચેલેન્જ - 'એઆઈ ફોર ઓલ', 'એઆઈ બાય હર' અને 'યુવા-એઆઈ' માટે વિશ્વભરમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. સત્તાવાર આંકડાઓ મુજબ, ૬૦ થી વધુ દેશોમાંથી કુલ ૪,૬૫૦ થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. નિષ્ણાતો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ દ્વારા વિવિધ તબક્કે કરાયેલા કડક (અનુ. આઠમા પાને)

### સતત માળખાકીય સુધારા, ઈનોવેશનને વેગ અને શાસનનું સરળીકરણ જ ભારતને વૈશ્વિક મહાસત્તા બનાવશેઃ નરેન્દ્ર મોદી



ભારત જયારે 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્ય તરફ મક્કમ ડગલાં ભરી રહ્યું છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી દાયકા માટે દેશની આર્થિક અને વહીવટી પ્રાથમિકતાઓનો રોડમેપ સ્પષ્ટ કર્યો છે. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સરકારની 'રિફોર્મ એક્સપ્રેસ' હવે માત્ર છૂટાછવાયા ફેરફારો પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશમાં પ્રણાલીગત પરિવર્તન લાવી રહી છે. આ વ્યૂહરચનાના કેન્દ્રમાં ત્રણ મુખ્ય સ્તંભો છેઃ માળખાકીય સુધારા, ટેકનોલોજીકલ ઈનોવેશન અને વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી ૧૦ વર્ષોમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવા માટે સતત માળખાકીય સુધારા જારી રહેશે. આ સુધારાઓ ઉત્પાદકતા વધારવા અને વૈશ્વિક બજારમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે અનિવાર્ય છે. બીજું મહત્વનું પાસું ઈનોવેશનને વેગ આપવાનું છે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ભારતને ગ્લોબલ હબ બનાવશે. ત્રીજો અને સૌથી મહત્વનો સુધારો શાસનનું સરળીકરણ છે, જેથી સામાન્ય નાગરિકો અને ઉદ્યોગસાહસિકો સરકારી ગૂંચવણો વગર વધુ સરળતા અને વિશ્વાસ સાથે કામ કરી શકે.વડાપ્રધાનનું આ વિઝન હાલમાં યોજાઈ રહેલી ગ્લોબલ એઆઈ સમિટ સાથે સીધું જોડાયેલું છે. ભારત જે રીતે UPI અને (અનુ. આઠમા પાને)

ભંગારને "પારસમણી" નો ટચ "કંચન" બનાવી દેશે

# ભારતની સાડા પાંચ કરોડ ટન સ્ટીલની જરૂરિયાતને સાડા ચાર કરોડ ટન સ્ક્રેપથી પુરી કરાશે

## જૂના ભંગારમાંથી સ્ટીલ બનાવવાથી પ્રદૂષણ ૭૦-૭૫% ઓછું થાય છે, ઉર્જાની મોટી બચત થાય અને ભંગારમાંથી સ્ટીલ બનાવવું સસ્તું પણ પડે

### ભારતને સ્ટીલની આટલી બધી જરૂર કેમ છે?

ભારત એક વિકાસશીલ દેશ છે અને અહીં સ્ટીલની જરૂરિયાત સતત વધી રહી છે કારણ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમાં નવા રોડ, બ્રિજ, રેલ્વે અને મેટ્રો પ્રોજેક્ટ્સ માટે પુષ્કળ સ્ટીલ જોઈએ છે. નવા મકાનો અને ટાવરના નિર્માણમાં સ્ટીલ મુખ્ય ઘટક છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતને ૫૪ મિલિયન ટન ભંગારની જરૂર પડશે, જ્યારે આપણી પાસે માત્ર ૪૨-૪૫ મિલિયન ટન જ ઉપલબ્ધ હશે. ભારતનો ૫૦-૬૦% ભંગાર હજુ પણ ગલી-મહોલ્લાના 'કબાડી' દ્વારા ઉઘરાવવામાં આવે છે, જેમાં ક્વોલિટી અને ટ્રેકિંગની સમસ્યા રહે છે. ભારતમાં ૧.૨૦ કરોડ વાહનો ભંગારમાં જવા લાયક છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૩% વાહનો જ સ્ક્રેપ થયા છે. જો જૂની ગાડીઓ ઝડપથી ભંગારમાં જાય, તો સ્ટીલ ઉદ્યોગને મોટી રાહત મળી શકે.પર્યાવરણને અસર ન થાય તે રીતે ઝીરો કાર્બનની પ્રક્રિયામાં ચીમનીમાંથી ઝેરી ધુમાડાને બદલે માત્ર પાણીની વરાળ નીકળે છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવામાં નવી ખાણકામ પ્રક્રિયા કરતા ૫૬% ઓછી ઉર્જા વપરાય છે.

જે રીતે લોકકથામાં 'પારસમણી' ના સ્પર્શથી લોખંડ સોનું બની જતું હતું, બરાબર તેવી જ રીતે આજે ભારતની સ્ટીલ ઈન્ડસ્ટ્રી માટે 'રિસાયકલિંગ ટેકનોલોજી' એક આધુનિક પારસમણી સાબિત થઈ રહી છે. અત્યાર સુધી જેને આપણે નકામો 'ભંગાર' ગણીને ખૂણામાં ફેંકી દેતા હતા, તે હવે ભારતની અર્થવ્યવસ્થા અને પર્યાવરણ માટે 'કંચન' એટલે કે કિંમતી સોનું બનવા જઈ રહ્યો છે. ભારત દુનિયામાં સ્ટીલના ઉત્પાદનમાં બીજા ક્રમે છે, પણ આપણી આ સફળતા હવે માત્ર જમીનમાંથી ખોદેલા લોખંડ પર નહીં, પરંતુ જૂની ગાડીઓ, ફેક્ટરીઓના કાટ ખાતા મશીનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભંગાર પર ટકેલી છે. 'ગ્રીન સ્ટીલ'ના આ યુગમાં ભંગાર એ માત્ર વેસ્ટ નથી, પણ એક એવી વ્યૂહાત્મક સંપત્તિ છે જે પ્રદૂષણ ઘટાડશે, વિદેશી હૂંડિયામણ બચાવશે અને ભારતને સ્ટીલ ક્ષેત્રે સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બનાવશે.



પર્યાવરણને બચાવવા અને પ્રદૂષણ ઘટાડવા માટે 'ગ્રીન સ્ટીલ' બનાવવું જરૂરી છે, જેમાં ભંગારનો ઉપયોગ અનિવાર્ય છે. પરંતુ (અનુ. આઠમા પાને)

### "ગ્રીન સ્ટીલ" છે શું?

'ગ્રીન સ્ટીલ' એટલે એવું સ્ટીલ જેને બનાવવાની પ્રક્રિયામાં પર્યાવરણને નુકસાન પહોંચાડતા કાર્બન ઉત્સર્જનમાં ભારે ઘટાડો કરવામાં આવ્યો હોય. સામાન્ય રીતે સ્ટીલ બનાવવા માટે કોલસાનો ઉપયોગ થાય છે, જેનાથી પુષ્કળ પ્રદૂષણ ફેલાય છે. પરંતુ કોલસાને બદલે હાઈડ્રોજન કે વીજળીનો ઉપયોગ કરીને પરંપરાગત રીતે જમીનમાંથી નીકળતા લોખંડને ઓગાળવા માટે 'બ્લાસ્ટ ફર્નેસ'માં કોલસાનો ઉપયોગ થાય છે. ભંગારનો ઉપયોગ કરીને ગ્રીન સ્ટીલ બનાવવાની સૌથી સરળ અને અસરકારક રીત છે રિસાયકલિંગ. જૂના લોખંડ કે સ્ટીલના ભંગારને ઓગાળીને નવું સ્ટીલ બનાવવું. આમાં નવું લોખંડ ખોદવાની જરૂર પડતી નથી.

## જયાં દિલ જોડાય, ત્યાં બને પરિવાર

# પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે: આજે "ફેમિલી ડે"

## પરિવાર જીવનની સૌથી મજબૂત પાયાની ઈંટ ગણાય છે: આધુનિક સમયમાં, લોકો ભલે પોતાના કામ અને વ્યસ્ત દિનચર્યામાં હોય, પરંતુ કુટુંબનું મહત્વ ક્યારેય ઓછું થતું નથી: ઘરમાં હાસ્ય અને ખુશીઓનો માહોલ હોય ત્યારે જીવન જીવવાની મજા અનેરી બની જાય છે

પરિવાર જ આપણી જીવનયાત્રાનો સહારો અને સાથી હોય છે. કુટુંબ, પરિવાર કે ફેમિલીમાં જ આપણો સર્વાંગી વિકાસ થાય છે, પરિવારથી અલગ રહેતા લોકોની માનસિક સ્થિતિ ખરાબ હોય છે. આજે વિશ્વના ઘણા દેશોમાં ફેમિલી ડે ઉજવાય રહ્યો છે, ત્યારે આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થા વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે. વિદેશી કલ્ચરમાં તો બધા પોતપોતાની રીતે જીવતા હોવાથી આવા દિવસોમાં ભેગા થતા હોય છે, ત્યાં ૧૮ વર્ષ પછી સંતાન જુદો રહેવા ચાલ્યો જાય છે. આપણે ત્યાં પણ હવે લગ્ન પછી જુદા થઈ જવાનો ટ્રેન્ડ થઈ ગયો છે, પણ એક વાત નક્કી છે કે



પરિવારમાં જ સંતાનોનો સર્વાંગી વિકાસ થાય છે. સમાજ વ્યવસ્થાનો પાયો કુટુંબ વ્યવસ્થામાં સમાયેલો છે. આધુનિક સમયમાં, લોકો ભલે પોતાના કામ અને વ્યસ્ત દિનચર્યામાં હોય, પરંતુ કુટુંબનું મહત્વ ક્યારેય ઓછું થતું નથી. દૂર રહેતા સભ્યો પણ એકબીજા સાથે જોડાયેલા રહેવાનો પ્રયત્ન કરે છે. પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે છે. એકબીજા પ્રત્યે આદર અને સ્નેહ રાખવાથી સંબંધો મજબૂત બને છે. પરિવાર એ એક એવી શાળા છે જ્યાં આપણે જીવનના પાઠ શીખીએ છીએ અને મુશ્કેલીઓના સમયે હિંમત અને પ્રોત્સાહન મેળવીએ છીએ. સાચા અર્થમાં, કુંટુંબ એ ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે.

સમાજની પરિકલ્પના પરિવાર વગર અધૂરી છે અને પરિવાર બનાવવા માટે લોકોએ હળીમળીને રહેવું ખુબ જરૂરી છે. વિશાળ અર્થમાં કહીએ તો સમગ્ર વિશ્વ પણ એ પરિવાર છે. પૃથ્વી આપણા સૌ ની માતા છે અને આપણે તેનાં સંતાનો. વસુધૈવ કુટુંબકમની ભાવના વિકસાવવી ખુબ જરૂરી છે.

મતભેદોને મનભેદોમાં ન પરિણમીને શાંતિ અને એકતા જાળવીને રહેવું ખુબ જરૂરી છે કારણ કે, આખરે તો સૌનો નાશ નિશ્ચિત જ છે તો પછી દેશ દેશ વચ્ચેની લડાઈઓથી આપણે શું પામી રહ્યા છીએ ? કોઈનાં પર વેર રાખીને દુશ્મનાવટ કરીને કેટલે અંશે કોઈ સુખી રહી શકે છે ? આમાં અંતે તો માનવતાની હત્યા સિવાય કંઈ જ જડતું નથી. પરિવાર જ મુશ્કેલીઓમાં આપણી પડખે ઉભા રહે છે, આપણને સ્વીકૃતિ, ક્ષમા અને બિનશરતી પ્રેમનો સાચો અર્થ શીખવે છે. કુંટુંબ

પરિવાર એ જીવનનો આધારસ્તંભ છે. સુખ હોય કે દુઃખ, કુંટુંબના સભ્યો હંમેશા એકબીજાની સાથે ઊભા રહે છે. પરિવાર આપણને પ્રેમ, સુરક્ષા અને પોતાનાપણાની ભાવના આપે છે. નાના બાળકોથી માંડીને વડીલો સુધી, દરેક સભ્યનું એક આગવું સ્થાન અને મહત્વ હોય છે.




ઘરમાં હાસ્ય અને ખુશીઓનો માહોલ હોય ત્યારે જીવન જીવવાની મજા અનેરી બની જાય છે. તહેવારો અને પ્રસંગોમાં જ્યારે આખો પરિવાર એકસાથે ભેગો થાય છે, ત્યારે ખુશીઓ બેગણી થઈ જાય છે. પરિવાર સાથે સમય કે દિવસ વિતાવીને, સહિયારા અનુભવો દ્વારા કાયમી યાદો બને છે જે જીવનભર યાદ રહે છે, અને સંબંધોને ગાઢ બનાવે છે. આજે ઘરો નાના થઈ રહ્યા છે, પણ એકસરખા નથી જોવા મળતા. ૧૫૬ દેશોના ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે છેલ્લા ૫૦ વર્ષોમાં સરેરાશ ઘરનું કદ દર દાયકામાં લગભગ અડધા વ્યક્તિ જેટલું ઘટ્યું છે, છતાં વૈશ્વિક વસ્તીના ૮૩% હજુ પણ એવા દેશોમાં રહે છે જ્યાં ઘરનું સરેરાશ સભ્યપદ ૨.૩ થી ૫ સભ્યોની વચ્ચે છે, જે કદમાં એકરૂપતા દર્શાવે છે

પરંતુ કુટુંબની રચનામાં સતત વિવિધતા જોવા મળી રહી છે. વૈશ્વિક સમુદાયના પરિવારોને જોડવા અને પરિવારોને લગતા આર્થિક, વસ્તી વિષયક અને સામાજિક પ્રક્રિયાઓ વિશેના પરિબળોને લગતા પ્રશ્નોની જાગૃતિ માટે યુએન જનરલ એસેમ્બલીની પહેલ રૂપે ૧૯૯૩ માં વિશ્વ કૌટુંબિક દિવસની ઉજવણી માટે સૌ પ્રથમ ઉજવણી થઈ હતી.

પરિવાર, જ્યાં મનને હલકું કરવા, મનને આરામ આપવા રજાની વાટ ન જોવી પડે ને એ છે, પરિવાર.પરિવાર એ સૃષ્ટિનો પાયો છે. પરિવાર વગર માણસની કલ્પના પણ અધૂરી છે. પરિવારનું મહત્વ, નવા સંકલ્પો, તેના પ્રત્યે જાગરૂકતા, અને પડકારોને રેખાંકિત કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે. જૂના યુગોની કે ધાર્મિક માન્યતાઓને આધારે પણ વાત કરીએ તો આજની જેમ પહેલા પણ પરિવારમાં વિખવાદ થતો હતો. રામાયણ અને મહાભારત બંનેમાં તેનાં ઉદાહરણો જોવા મળે છે, પરંતુ આધુનિક સમાજમાં પરિવારમાં વિખવાદને કારણે પરિવારનું તૂટવું સામાન્ય બની ગયું છે તો બે દેશોની તો વાત જ શું કરવી ! શાંતિ અને સમજદારીથી રહેવાથી માણસ તણાવમુક્ત રહી શકે છે અને એ દ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરી શકે છે. ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ કૌટુંબિક એકતાને મહત્વ આપતી હતી. પ્રાચીન રોમનો ઘરગથ્થુ દેવતાઓ અને પૂર્વજોના સન્માન માટે ''ફેમિલિયા'' વિધિઓ રાખતા હતા.આ પરંપરાઓ કૌટુંબિક સંબંધોનું સન્માન કરવાના સાર્વત્રિક વિષયને પ્રતિબિંબિત કરે છે.

આપણી ભારતીય સંસ્કૃતિની ચાલી આવતી કુટુંબ વ્યવસ્થામાં પરિવારનાં તમામ પાત્રોનો દરેક વ્યકિતના જીવન વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. આજે વિભક્ત કુટુંબ પ્રથાને કારણે બાળકો આ મહામૂલા પ્રેમથી વંચિત રહેતા જીદી, ગુસ્સા વાળા અને ગમે તેની સામે બોલે જેવી વિવિધ સમસ્યા વાળા જોવા મળે છે. પૃથ્વી પર સૌથી નશીબદાર વ્યક્તિ એ છે, જેને દાદા-દાદી કે નાના-નાનીનો પ્રેમ મળ્યો છે. પહેલાના જમાનામાં ચાર-પાંચ ભાઈ-બેન હોવાથી

### કોઈ લૌટા દે, મેરે બિતે હુએ દિન પ્યારે પ્યારે પલ...

આજે બધાંના મોઢે આપણે સાંભળીએ છીએ કે પહેલા જેવી મઝા જીવનમાં નથી આવતી, વર્ષો પહેલા અમો નાના હતા ત્યારે બધા સાથે રહેતા ત્યારે કેવી મઝા આવતી. જીવનનાં તમામ પાઠો એક બીજા સાથે હળી મળીને રહેવાથી શિખવા મળી જતાં કયારેય કોઈ ચિંતા હતી જ નહીં ઘરનો મોભી કહે, તેમ કરતાં ને તેજ તમામ કામો વિના વિધ્ને પૂર્ણ પણ કરતાં જ. સંયુક્ત કુટુંબ પ્રથા આપણી સમાજ વ્યવસ્થાનું આભૂષણ હતું. વિદેશી કલ્ચરના આંધળા અનુકરણ અને શહેર તરફની દોડને કારણે પરિવાર તૂટતા જાય છે. તમારા સંતાનોને તમારા પૂર્વજોનાં ઈતિહાસ વિશે વાત કરવી અને પારિવારિક પરંપરા પણ જણાવવી.

વિશાળ પરિવાર એક છત નીચે રહીને આનંદથી જીવન જીવતાં હતા. ધીમે-ધીમે વિકાસના પગલે અને વિદેશી કલ્ચરનાં આંધણા અનુકરણને કારણે ભવ્ય કુટુંબો છૂટા પડતા મોતીની તૂટેલ માળાની જેમ વિખેરાય ગયા. એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે જેને દાદા-દાદી કે નાના-નાનીનો પ્રેમ મળ્યો હતો એવા બાળકો સંસ્કારી અને સમજદાર વધુ જોવા મળ્યા હતા. વિશ્વભરમાં ભારતીય કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. વર્ષોથી પરિવારમાં સંયુકત પરિવારમાં રહેનારી રહેનારી પ્રજા એક મેકનાં સથવારે ગમે તેવી મુશ્કેલીને પાર પાડે છે. કુટુંબના મોભીના નેતૃત્વ હેઠળ સમગ્ર પરિવારની સંસાર યાત્રા સુખરૂ પસાર થાય છે. નેશનલ ફેમીલી ડે નો હેતું કુટુંબના મહત્વને ઓળખે અને તેની એકતામાં રહેલી શક્તિ અને રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા વિશે પરિવારનો દરેક સદસ્ય જાણે તેવો છે. આપણે ત્યાં આવતા બારોટ આપણાં પરિવારનો આખો ઈતિહાસ જણાવતા હોય છે, અમુક પરિવારોની આબરૂ એવી બધી હોય કે તેની છાપ સમગ્ર પંથકમાં ફેલાયેલી હોવાથી લોકો તેને માન સન્માન આપતા હતા.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**તમારા સંતાનોને તમારા પૂર્વજોનાં ઈતિહાસ વિશે વાત કરવી અને પારિવારિક પરંપરા પણ જણાવવી : પ્રેમ, હુંફ અને લાગણીસભર પરિવારના વાતાવરણની સમજ ભાવિ પેઢીને આપીને તેનામાં આ ગુણોનો વિકાસ કરવો: પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે છે**

## જસદણ: દેવપરા ખાતે સોમવારે એકલશૃંગી ગૌશાળાનું ખાતમુહુર્ત અને હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

સંત, સૂરા અને દાતાની ભૂમિ સૌરાષ્ટ્રમાં કોઈને કોઈ વિરલ વિભૂતિ દ્વારા સેવાની ધૂણી સતત ધખતી રહી છે એમાં એક નવો ઉમેરો થવા થઈ રહ્યો છે. જસદણના જાણીતા કવિ, લેખક, ચિંતક અને વિચારક પૂ.બાપુ જેમની પ્રેરણાથી દેવપરા ખાતે બીમાર અને અશક્ત ગૌમાતાનો સેવાયજ્ઞ આરંભાયો છે. એના અનુસંધાને તારીખ ૨૩/૨/૨૬ સોમવારના રોજ શ્રીએકલશૃંગી ગૌશાળાનું



ખાત મુહૂર્ત અને સાથે સાથે હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. આ સેવાયજ્ઞમાં સમસ્ત દેવપરા ગામ તો જોડાશે જ સાથે આજુબાજુના ગામ જસદણ, પારેવાળા, લીલાપુર, બાખલવડ પણ જોડાશે. બપોરે મૂર્તિ પ્રતિષ્ઠા બાદ બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુ મહાપ્રસાદ પણ લેશે. ગૌશાળા અને પ્રાણ પ્રતિષ્ઠાના આ કાર્યક્રમમાં જસદણ અને આજુબાજુના ગૌસેવકો, ઉધોગોપતિઓ, રાજકીય આગેવાનો અને સાધુ- સંતોની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે એવું પૂ.બાપુની એક યાદીમાં જણાવવામાં આવે છે.

## જસદણના મામલતદાર આઈ.જી. ઝાલાની બદલી: નવા મામલતદાર તરીકે એમ કે બાલિયાને જવાબદારી સોંપાઈ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

રાજ્ય સરકારના મહેસુલ વિભાગએ રાજ્યમાં મામલતદારોની બદલી અને બઢતીનો ગંજીપો ચીપતા જેમાં જસદણના મામલતદાર આઈ કે ઝાલાની પોરબંદર બદલી થઈ હતી જયારે જસદણ મામલતદાર તરીકે એમ કે બાલીયાની નિમણુંક બોટાદથી કરવામાં આવી છે આ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના મહેસુલ વિભાગએ



રાજ્યના ઘણાં શહેરોમાં વહીવટી માળખામાં જે ફેરફારો કર્યા તે આવકાર્ય છે જસદણના નવા મામલતદાર મહેશભાઈ બાલીયાને પણ આવકારું છું.

## ઉનાના મોટા ડેસર ગામે શારદા ગામ પુસ્તકાલયમાં પુરાણો અને ધર્મગ્રંથોની વૈધ પાંચાભાઈ દમણીયાએ આપી ભેટ

**અબતક, ઉના**

ઉના તાલુકાના મોટા ડેસર ગામે સેવારત શારદા ગ્રામ પુસ્તકાલય ની મુલાકાત લઈ વેદ પાંચાભાઈ દમણીયાએ રૂબરૂ મુલાકાત લઈ સંચાલન વ્યવસ્થા અંગે જાણકારીમેળવી તેમણે પુસ્તકાલયમાં તમામ પુરાણો અને ધાર્મિક પુસ્તકો ભેટમાં આપ્યા હતા, શારદા ગ્રામ પુસ્તકાલય કુમાર શાળા ના એક ઓરડામાં ચાલે છે નાની જગ્યા અને શાળા કાર્ય ના કારણે વિદ્યાર્થીઓ પુસ્તક યોગ્ય રીતે વાંચી શકતા ન હતા તે માટે નવી ગ્રામ પંચાયત બન્યા બાદ એક ઓરડો પુસ્તકાલય તરીકે વાપરવા નક્કી



કરવામાં આવ્યું છે ટૂંક સમયમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે, પુસ્તકાલય ની અલાયદી વ્યવસ્થા ની તૈયારી વચ્ચે વૈધ પાંચાભાઈ દમણીયા દ્વારા હિતેશભાઈ જોશી સાથે વિદ્યાર્થીઓને ગ્રામજનો માટે ધાર્મિક પુસ્તકો ની વ્યવસ્થા કરી હતી સરપંચના પ્રતિનિધિ ને રૂબરૂ મળી પાંચાભાઈ દમણીયાએ પુસ્તકો અર્પણ કર્યા હતા.

## ધોરાજી: જાળેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવરાત્રીની ઉજવણી કરાય

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજી શહેર ખાતે આવેલા જાળેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવરાત્રી નિમિત્તે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું વહેલી સવારથી જ પૂજા અર્ચના કરવા માટે પડ્યા સામે ઝાએળેશ્વર દાદા ને પૂજા કરવા માટે લાંબી કતારો લાગી હતી ધોરાજી શહેર નો ઈતિહાસ ગણાતું પ્રાચીન મંદિર છે હર હર મહાદેવ ના નારા લાગ્યા હતા અને જાળેશ્વરમહાદેવ મંદિર શિવાલયથીગુજી ઉઠયું લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો .

## વાંકાનેર: બ્રહ્માકુમારી દ્વારા બાબા અમરનાથ મહાદેવ દર્શન કરી લોકો થયા અભિભૂત

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર ખાતે અરૂણોદય સોસાયટી ખાતે આવેલ (જ્ઞાનભવન) બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ખાતે દર વર્ષની માફક આ વર્ષે પણ મહાશિવરાત્રીના પાવનદિને બાબા અમરનાથ મહાદેવની આબેહુબ શિવલીંગ બરફથી તૈયાર કરવામાં આવી હતી.

અને સવારે નવ થી રાત્રીના નવ વાગ્યા સુધી જાહેર જનતાને આ દિવ્ય દર્શનનોલાભલેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ હતુ. આ તકે આ જ્ઞાન ભવન ખાતે સવારથી જ મોટી સંખ્યામાં સહ પરિવાર સાથે દર્શનની ભીડ જોવા મળી હતી. આ તકે વાંકાનેર કિરાણા એશોસીએશનના પ્રમુખ વિનુભાઈ કોટક તથા કાપડ એશો.ના પ્રમુખ મુન્નાભાઈ હેરમા તથા જ્ઞાન ભવનના મોભી શિલાદીદી તથા સરિતાદીદીના હસ્તે દિપ પ્રાગટય કરી જાહેર જનતા માટે દર્શન ખુલ્લા મુકવામાં આવેલ હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૨-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસડીયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૨-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા. ૧૭-૨ -૨૦૨૬ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ અમાસ પંચક સવારે ૯.૦૬થી
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** પરિધ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૭.૧૮ **સુર્યાસ્ત:** ૬.૪૪
**ચંદ્ર રાશી** મકર સવારે ૯.૦૬થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ./ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | | ૮ | | ૩ |
| | | ૮ | | | | ૧ | ૪ | |
| | | ૩ | | ૪ | ૫ | | ૯ | |
| | | | | ૨ | | | | |
| | | ૧ | | | ૩ | ૯ | | |
| ૫ | ૬ | | | | | | | |
| ૨ | | | | | | ૬ | ૩ | |
| | | | | ૭ | ૮ | | | |
| ૪ | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૨.૨૦૨૬, મંગળવાર, સંવંત ૨૦૮૨, મહા વદ અમાસ, ધનિષ્ઠા નક્ષત્ર, પરિઘ યોગ, નાગ કરણ આજે સવારે ૯.૦૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ** (બ,વ,ઉ) : સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.

**મિથુન** (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.

**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ** (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**કન્યા** (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે.

**તુલા** (ર,ત) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.

**વૃશ્ચિક** (ન,ય) : નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર** (ખ,જ) : આર્થિક બાબતોમાં મધ્યમ રહે,વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ** (ગ,સ,શ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

### હર હર મહાદેવ, જય જય ગિરનારીના ગગનભેદી નાદ સાથે

# શાહી રવેડી અને સાધુ સંતોના મૃગીકુંડમાં દિવ્ય સ્નાન સાથે મહાશિવરાત્રી મેળાનું સમાપન

## રવેડીમાં સાધુઓના અવનવા કરતબ પાંચ દિવસમાં ૨૫ લાખ ભાવિકોએ મીનિ કુંભમાં બાંધ્યું પુણ્ય ભાથુ



### ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવનો મેળો, મિનિ કુંભ સમો આધ્યાત્મિક મહાસંગમભવનાથ મંદિરના પૂજારી

જુનાગઢ સ્થિત ભવનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે યોજાતા પરંપરાગત મેળામાં આ વર્ષે પણ ભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. ભવનાથ મંદિરના પૂજારીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગિરનારની ગોદમાં યોજાતો આ મેળો મિની કુંભ તરીકે ઓળખાય છે અને દેશભરમાંથી સાધુ-સંતો અહીં પધારે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં નાગા સંન્યાસીઓ અને સંતો મેળામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મહાશિવરાત્રીની મધ્યરાત્રિએ નીકળતી સાધુઓની ભવ્ય રવેડી મેળાનું મુખ્ય અંગ માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ આ રવેડીમાં સ્વયં ભગવાન શિવ નાગા સાધુના રૂપમાં જોડાય છે તેવી શ્રદ્ધા ભક્તોમાં છે.રવેડી પૂર્ણ થયા બાદ નાગા સાધુઓ પવિત્ર મૃગી કુંડમાં શાહી સ્નાન કરે છે. લોકવાયકા મુજબ કુંડમાં સ્નાન માટે ઉતરેલા કેટલાક સાધુઓ પરમાત્મામાં વિલીન થઈ જાય છે તેવી કથા પ્રચલિત છે.







### આસ્થાના મહાકુંભરૂપ મહાશિવરાત્રીના મેળાનો લાહો લઈને ધન્યતા અનુભવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાશિવરાત્રીના પાવન પર્વે ગરવા ગિરનારની ગોદમાં અને ભવનાથ તળેટીમાં બિરાજતા સ્વયંભૂ ભવનાથ મહાદેવના શ્રદ્ધાભાવ સાથે દર્શન અને પૂજા અર્ચના કરી હતી. શ્રદ્ધાપૂર્વક ભવનાથ મહાદેવના દર્શન - પૂજામાં જોડાયા હતાં. મુખ્યમંત્રી એ મહાશિવરાત્રીના પાવન અવસરે જૂનાગઢમાં પરંપરાગત રીતે યોજાતા પાંચ દિવસીય મહાશિવરાત્રી મેળાના અંતિમ દિવસે ભવનાથ મંદિર પરિસરમાં સાધુ સંતોના આશીર્વાદ મેળવી તેમને ખેસ અર્પણ કરીને વિશેષ સન્માન સાથે અભિવાદન કર્યું હતું. સંત સમાગમ માટે પ્રસિદ્ધ આ મહાશિવરાત્રીના મેળામાં મુખ્યમંત્રીશ્રીએ સાધુ સંતો સાથે મેળાપ કરીને આધ્યાત્મિક ચેતનાની પણ અનુભૂતિ કરી હતી. ભૂપેન્દ્ર પટેલે ભવનાથ મંદિરમાં આવેલા અખંડ ધુણાના પણ દર્શન કર્યા હતા ત્યારબાદ મૃગીકુંડ ખાતે શ્રદ્ધાપૂર્વક નમન કર્યા હતા. મુખ્યમંત્રી એ આસ્થાના મહાકુંભરૂપ મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર પરિસરના સત્સંગ હોલ ખાતે મુક્તાનંદ બાપુ, શેરનાથ બાપુ, હરિહરાનંદ બાપુ, મહેશગીરીબાપુ, મહેન્દ્રાનંદગીરીબાપુ, સંપૂર્ણાનંદજી બાપુ, રાજેન્દ્રદાસ બાપુ, ભારદ્વાજગીરી બાપુ, બુદ્ધગીરી બાપુ, સોમનાથજી બાપુ સહિતના સાધુ સંતો સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે જ ખેસ અને ફુલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. આ તકે જિલ્લાના પદાધિકારી - અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હર હર મહાદેવ, જય જય ગિરનારી ના ગગનભેદી નાદ, હજારો સંતો, મહંતો ની શાહી રવાડી, નાગા સાધુઓના અંગ કરતૂત, ઢોલ, નગારા, બેન્ડ ની સુરાવલીઓ અને બાદમાં સંતો, મહંતોના શાહી સ્નાન અને ભવનાથ મહાદેવના મહાઆરતી સાથે ભવનાથનો મહાશિવરાત્રિ મેળો ગત મધ રાતે પૂર્ણ થયો છે. ગઈકાલે પાવન પવિત્ર મહાશિવરાત્રીનો પાવન પવિત્ર

દિવસઅને ભવનાથના શિવરાત્રી મેળાનો અંતિમ દિવસ હોવાથી વહેલી સવારથી જ ભાવિક, ભક્તજનો લાખોની સંખ્યામાં જગવિખ્યાત ભવનાથના મેળાને માણવા પહોંચતા સવારથી જ ભગવાન ભવનાથ મંદિરે દર્શન માટે ભાવિકોની કતાર અવિરત રહી હતી. જેના કારણે ભવનાથ

ક્ષેત્ર ભાવિકોથી ઉભરાયું હતું, હૈયે હૈયું દળાય તેટલા ભાવિકો ભવનાથ ક્ષેત્રમાં પહોંચતા યાત્રિકોની સુવિધા માટે તંત્ર દ્વારા બપોરથી જ પરવાનગી સહિતના તમામ વાહનો માટે ભવનાથમાં પ્રવેશ બંધી કરી દેવામાં આવી હતી.

દરમિયાન રાત્રિના ૯ કલાકે શિવરાત્રીની રાત્રીએ ભવનાથ ક્ષેત્રમાં યોજાતી શાહી રવાડીની તૈયારીઓ આરંભાઈ હતી, ભવનાથ ક્ષેત્રમાં આવેલ અહિં અખાડા, આહવાન અખાડા, જૂના અખાડા, કિન્નર અખાડા સહિતના વિવિધ અખાડાના

વિવિધ અંગ કરતૂતો દર્શનીય હતો.

આ વખતે ભાવિકો શાહી રવાડીના સારી રીતે દર્શન કરી શકે તે માટે તંત્ર દ્વારા ૫૦૦ મીટર નો રૂટ વધારતા આ ભવ્ય અને દિવ્ય રવાડી ભવનાથ ક્ષેત્રમાં બે કિમી. જેટલા રૂટ પર પ્રસાર થતા, સ મ ગ્ર ભવનાથ ક્ષેત્ર જય જ ય ભોલેનાથ, હર હર મહાદેવ, જય જય ગિરનારી સાથે ગુંજી ઊઠયું હતું. સમગ્ર રૂટ ઉપર ભગવાનની

ધર્મની ધજાઓ, સેંકડોની સંખ્યામાં હર હર મહાદેવ, જય જય ગિરનારના નાદ સાથે જ નીકળેલી શાહી રવાડી રાત્રિના ૧૨ વાગ્યે ભવનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી, અને શાહી રવેડીમાં ઉપસ્થિત સંતો, મહંતો એ ભવનાથ મંદિરમાં આવેલ મૃગીકુંડમાં શાહી સ્નાન

ભવનાથ ક્ષેત્રમાં બિરાજતા ભગવાન ભવનાથ મંદિરના શિખર પર દર વર્ષે મહા વદ નોમના દિવસે ધ્વજાજીના રોપણ સાથે મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ થાય છે. પાંચ દિવસ ચાલનારા આ મેળો ભજન,

ભક્તિ અને ભોજન માટે ખૂબ પ્રચલિત છે અહીં ૩૫૦ થી વધુ અનશેત્રો દ્વારા પ્રેમથી આવકારી 'હરિહર''ના નાદ સાથે અહીં આવતા લાખો ભાવિકોને ભોજન પ્રસાદનો લાભ આપવામાં આવે છે. આ સાથે પાંચ દિવસ દરમિયાન જ્યાં જુઓ ત્યાં ભજન પ્રિય લોકો માટે ભજનની છોળો ઉડતી હોપ છે, જ્યાં ભાવિકો ભજનની મોજ માણે છે. તો

સમગ્ર ભારત વર્ષમાંથી આવતા જુદા જુદા અખાડાના સાધુ સંતો અહીં ભોળાનાથના જપ, તપ કરી અહીં આવતા ભાવિકોને સુખ, સમૃદ્ધિના આશીર્વાદ આપે છે.









હજારો સંતો, મહંતોની એક શાહી રવાડી ભવનાથ ક્ષેત્રમાં યોજાઈ હતી, જેમાં માતા ગાયત્રી, ભગવાન દત્તાત્રેય અને ભગવાન ગણેશજીની પાલખી અને અખાડાના ધ્વજા પ્રમુખ હતી, આ સાથે હજારોની સંખ્યા ભારત વર્ષમાંથી મેળામાં પધારેલા નાગા સાધુઓ દ્વારા લાઠી દાવ, ભાલા દાવ, તલવાર બાજી તથા

પાલખી અને સાધુ સંતો ઉપર પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. અને શાહી રવાડીના મન ભરી દર્શન કરવા બપોરના ૪ વાગ્યાથી ફૂટની બંને સાઈડ ઉપર બેસી રહેલા ભાવિકો આ શાહી રવાડી તથા સાધુ-સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા હતા.

સમગ્ર ભવનાથ ક્ષેત્રમાં બેન્ડ વાજા, ઢોલ નગારા અને સંતોના રથ,

કર્યું હતું. બાદમાં ભવનાથ દાદાની મહા આરતી યોજાઈ હતી અને આ સાથે ભવનાથનો શિવરાત્રી મેળો સંપન્ન થયો હતો અત્રે નોંધનીય છેકે, જગવિખ્યાત ભગવાન ભોળાનાથની મહાશિવરાત્રી પર્વને અનુલક્ષીને જુનાગઢના ગિરનારના ખોળે વસેલા

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં મુખ્યમંત્રીએ આરાધના સાથે કરી કલ્યાણની પ્રાર્થના

## મહાશિવરાત્રી નિમિત્તે વહેલી સવારથી જ દર્શનાર્થે લાંબી કતારો; ''હર હર મહાદેવ''ના જયઘોષથી ગુંજ્યું પ્રથમ જ્યોતિર્લિંગ

### સુત્રાપાડા અબતક'ના પ્રતિનિધિ સૌરવ મોરી સાથેની વિશેષ વાતચીતમાં કલાકારો ભાવુક થયા



રામસિંગ મોરી, સુત્રાપાડાઃ સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના પવિત્ર પરિસરમાં મહાશિવરાત્રીના અવસરે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોના બીજા દિવસે ભક્તિ અને સંગીતનો અનોખો માહોલ સર્જાયો હતો. પ્રસિદ્ધ લોકગાયક જિગરદાન ગઢવી અનેયશ બારોટ અને ઋષભ આહિરએ પૌરાણિક પ્રસંગો સાથે ભક્તિગીતોની રજૂઆત કરી કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું હતું. કાર્યક્રમ બાદ અબતકના સુત્રાપાડા પ્રતિનિધિ સોરવ મોદી દ્વારા કલાકારો સાથે વિશેષ વાતચીત કરવામાં આવી હતી, જેમાં કલાકારોએ સોમનાથ ધામમાં રજૂઆત કરવાનો ગૌરવ અનુભવો વ્યક્ત કર્યો હતો.



**અબતક અતુલ કોટેચા જયેશ પરમાર સોમનાથ**


મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું.

મંદિરના પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે મુખ્યમંત્રીશ્રીનું મંદિર પ્રાંગણમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દેવાધિદેવ મહાદેવ સમક્ષ ગંગાજળથી જળાભિષેક કરી રાજ્ય અને દેશના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મંત્રોચ્ચારના મધુર ગુંજારવ વચ્ચે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

મંદિર પરિસરમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ અવસરે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, કલેકટર એન.વી. ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજા, ટ્રસ્ટી જે.ડી. પરમાર, સચિવ યોગેન્દ્ર દેસાઈ, મહાપ્રબંધક વિજયસિંહ ચાવડા સહિત જિલ્લા તથા સોમનાથ ટ્રસ્ટના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાશિવરાત્રી પર્વના પ્રથમ દિવસે સોમનાથ પધારેલા સુપ્રસિદ્ધ ગાયક કૈલાશ ખેરએ પોતાના ભક્તિમય સ્વરોથી શ્રદ્ધાળુઓને શિવમય બનાવી દીધા હતા. તેમણે સોમનાથ દર્શનનો અવિસ્મરણીય અનુભવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત આધ્યાત્મિક વિસ્મયોથી સમૃદ્ધ ધરતી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પેન્સિલ સ્કેચ અર્પણ કરતી ગીર સોમનાથની બાળા



પ્રથમ જ્યોતિર્લિંગના આંગણે મહાશિવરાત્રી નિમિત્તે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અન્વયે ઉજવાઈ રહેલા સાંસ્કૃતિક કાર્યક્રમના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે સોમનાથની બાળાએ તેમને 'પેન્સિલ સ્કેચ' અર્પણ કર્યો હતો. જેને મુખ્યમંત્રીએ સહર્ષ સ્વીકાર્યો હતો.

# કચ્છના યુવાનોને ૨૦૩૦માં કોમન વેલ્થમાં મેડલ લાવવા સંકલ્પની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાંકલ






ભુજના બિદડામાં હરિકો ભવન અને અધ્યતન સ્પોર્ટસ કોમ્પલેકસનું હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

બિદડા કચ્છ યુવક સંઘ સંકુલ ખાતે હરીકો ભવન તથા ૭ એકરમાં અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ બિદડા ખાતે ૭ એકરમાં ફેલાયેલી સ્પોર્ટ્સ એકેડેમીને કચ્છનું ઉજ્જ્વળ ભવિષ્ય ગણાવતા આ એકેડમી ગુજરાતને ગૌરવ અપાવનાર ખેલાડીઓ તૈયાર કરશે તેવો આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજે ભારત દેશમાં ગુજરાત વિકસિત રાજ્ય તરીકે નંબર વન છે જેનું સૌથી મોટું કારણ એકસંપ થઈને મહેનત કરવા સાથે સાચા માર્ગે પોતાના નાણા વાપરતા ગુજરાતીઓ છે.

બિદડા ખાતેના આ આધુનિક સંકુલને ગુજરાતીઓની એકતા તથા સહિયારા પ્રયાસનું ઉદાહરણ ગણાવતા નાયબ મુખ્યમંત્રીએ કચ્છ બહાર વસતા હોવાછતાં પોતાના વતનને ન ભૂલનાર દાતાઓને અભિનંદન આપ્યા હતા. સાથે આવા સેવાકાર્યોથી લોકસેવકોને પણ સામાજિક કાર્યોમાં આગળ વધવાની પ્રેરણા મળતી હોવાનું ઉમેર્યું હતું.

બિદડા સ્પોર્ટ્સ સંકુલમાં ૪૦૦ મીટરના ટ્રેકને માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં પરંતુ કચ્છના યુવાનોના સપના સાકાર કરતો ટ્રેક ગણાવતા નાયબ મુખ્યમંત્રીએ અહીં સુવિધાઓ સાથે સ્પોર્ટ્સ સાયન્સ તથા સ્પોર્ટ્સ ફિઝીયો પર પણ ભાર મૂકવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જો કચ્છના દાતાઓ તેમજ સંસ્થાના આગેવાનો કચ્છમાં અન્ય તાલુકામાં પણ આવા સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માંગતી હોય તો રાજ્ય સરકાર તેમને તમામ રીતે મદદરૂપ બનશે તેવી ખાત્રી આપી હતી.

ગુજરાત સરકારના'વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ની ફળશ્રુતિ રૂપે ગુજરાતને'કોમનવેલ્થ ગેમ્સ' નું યજમાનપદ મળ્યું છે ત્યારે કચ્છના યુવાનોને આહ્વાન કરતા નાયબ મુખ્યમંત્રીએ પરસેવો પાડીને ૨૦૩૦ કોમન વેલ્થ માટે તૈયાર થઈ જવા તથા ગુજરાત માટે મેડલ જીતી લાવવા સંકલ્પબદ્ધ થવા હાકલ કરી હતી.

આ પ્રસંગે સાસંદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, પૂર્વ ધારાસભ્ય વાસણભાઈ આહિર, અંગદાનના પ્રણેતા દિલીપભાઈ દેશમુખ, કચ્છ યુવક સંઘના પ્રમુખ રાહુલભાઈ દેઢીયા, આગેવાન દેવજીભાઈ વરચંદ,

સ્પોર્ટ્સ ફેસિલિટી બિલ્ડિંગના દાતા કોમલભાઈ છેડા, હરિકો ભવનના દાતા હરીશભાઈ રવજી છેડા , સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના માતૃશ્રી સરલાબેન શાંતિલાલ શાહ , સ્પોર્ટ્સ એકેડમીના શાંતિલાલ રતનશી પટેલ, અનિલભાઈ ગાલા, નેહાબેન ગરેવાલ, દિલીપભાઈ દેઢિયા, અતુલભાઇ એન્કરવાલા, અનિરુદ્ધભાઈ ગાલા,બિદડા સર્વોદય ટ્રસ્ટના વિજયભાઈ છેડા, જયંતભાઈ છેડા, સંજયભાઈ એન્કરવાલા, પ્રફુલભાઈ પાસડ સહિત અન્ય દાતાઓ તથા આગેવાન હાજર રહ્યા હતા.

## તંત્રી લેખ

# વિધાનસભા સંકુલમાં ગુજરાતની કલાનો અનુપમ વૈભવ

ગરવી ગુર્જરીની પ્રોત્સાહક પહેલે કલા-કારીગરોને ગૌરવમય મંચ પ્રદાન કર્યું છે.ગુજરાત વિધાનસભા સંકુલ બન્યું રાજ્યના સમૃદ્ધ કલા વારસાનો અરીસો બન્યું છે.બજેટ સત્ર શરૂ થતાં પહેલા વિધાનસભા પર છવાયો પરંપરાગત અને સાંસ્કૃતિક કલા-કારીગરીનો રંગ દેખાયો છે.વિધાનસભા સંકુલમાં અમદાવાદી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલી કલાની કલાકૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી વિધાનસભા હવે કલાનું પ્રતિનિધિત્વ પણ કરી રહી છે. રાજ્યની પરંપરાગત કલા-કારીગરીને પ્રજાના પ્રતિબિંબ સમાન વિધાનસભા સંકુલમાં સ્થાન આપી એક નવતર પગલું ભરવામાં આવ્યું છે અને આ પગલું સમગ્ર રાજ્યની પરંપરાગત કલા સંસ્કૃતિ તથા તેની સાથે જોડાયેલા હજારો કલા-કારીગરોને તેમના કૌશલને પરંપરાગત રીતે આગળ વધારવા માટે પ્રેરણાબળ પૂરૂં પાડશે.

ગુજરાત વિધાનસભા સંકુલ માત્ર શાસનનું કેન્દ્ર નથી રહ્યું, પણ રાજ્યની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો જીવંત અરીસો બની ગયું છે. આ પહેલ હેઠળ વિધાનસભા સંકુલના વિવિધ વિસ્તારોમાં ગુજરાતની ભાતીગળ અને લોકવારસાની ઝાંખી કરાવતી અનોખી લોકકલાકૃતિઓ કંડારવામાં આવી છે, જે રાજ્યની કલા-કારીગરીની વૈવિધ્યતા અને વૈભવને પ્રતિબિંબિત કરે છે.

કુશળતાના આધારે ત્રણ કળાઓની પસંદગી કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા સંકુલમાં ગુજરાતનું પરંપરાગત મડ મિરર વર્ક,છોટા ઉદેપુરની વારલી આર્ટ તથા અમદાવાદની માતાની પછેડી (પરંપરાગત કલમકારી કળા)નો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકકલાકૃતિઓ આજે વિધાનસભા સંકુલના ભીંતો અને વિસ્તારોને શોભા આપી રહી છે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરી રહી છે.

વારલી કલા દ્વારા પ્રાચીન રાજસભાથી આધુનિક વિધાનસભા સુધીની યાત્રા ભીંતો પર કંડારાઈ છે.

પ્રાચીન હસ્તકલા આજે વિધાનસભા જેવા ગૌરવપૂર્ણ સંકુલમાં જીવંત બની રાજ્યના સાંસ્કૃતિક વારસાને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ગરવી ગુર્જરીનો આ પ્રયત્ન રાજ્યની કલા-કારીગરીને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.

# ઘેલાં સોમનાથમાં ભવ્ય પાલખી યાત્રામાં હર હર મહાદેવ નાદ ગુંજયા

## મહાશિવરાત્રી નિમિત્તે શિવાલયોમાં વિશેષ કાર્યક્રમો

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ પંથકમાં મહાશિવરાત્રીનો પાવન પર્વ અત્યંત ધામધૂમ અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. વહેલી સવારથી જ સમગ્ર વિસ્તારમાં આવેલા શિવાલયોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. હર હર મહાદેવના જયઘોષ સાથે આખું પંથક શિવમય બની ગયું હતું.

વિશેષ કરીને પ્રસિદ્ધ તીર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં વહેલી સવારે મહાઆરતી, અભિષેક અને વિશેષ પૂજા-અર્ચના યોજાઈ હતી. દૂધ, જળ અને બિલિપત્ર અર્પણ કરવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. મહાશિવરાત્રીના અવસરે મંદિર પરિસરમાંથી ભવ્ય પાલખી યાત્રા નીકળી હતી. શિવજીની સુંદર રીતે અલંકૃત પાલખી ભક્તો દ્વારા ભક્તિગીતો અને ઢોલ-નગારા સાથે શહેરભરમાં ફરાવવામાં આવી હતી. પાલખી યાત્રામાં સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા



હતા. માર્ગભરમાં ભક્તોએ પુષ્પવર્ષા કરી શિવજીના જયઘોષ સાથે ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા.

જસદણના વિવિધ ગામડાઓ અને વિસ્તારોમાંથી ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકો માટે પ્રસાદ, પીવાના પાણી અને વ્યવસ્થિત દર્શન સુવિધાની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

મહાશિવરાત્રીના આ પવિત્ર દિવસે જસદણ પંથકમાં શ્રદ્ધા, ભક્તિ અને પરંપરાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો, અને સમગ્ર વિસ્તાર શિવનામના ગુંજનથી ગુંજી ઉઠ્યો હતો.

# વિસાવદર બ્રહ્મસમાજના મોભી પ્રભાશંકર વિક્માનો જન્મ દિવસ: ૯૯ વર્ષમાં પ્રવેશ



વિસાવદર પંથકના બ્રહ્મસમાજના મોભી અને પત્રકાર ગિજુભાઈ વિક્માના પિતા પ્રભાશંકરભાઈ વિક્માનો આજે જન્મ દિવસ છે. હંમેશા ધર્મ કાર્ય અને સેવામાં અગ્રેસર પ્રભાશંકરભાઈ આજે જીવનના ૯૮ વર્ષ પૂર્ણ કરી ૯૯ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. પ્રભાશંકરભાઈને સામાજીક, રાજકીય આગેવાનો સ્નેહીજનો દ્વારા જન્મ દિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# ધોરાજી ભાજપ આગેવાન યુવા બિલ્ડર વિમલ કોયાણીનો જન્મ દિવસ



ધોરાજી શહેર ભાજપ આગેવાન અને બિલ્ડર વિમલભાઈ કોયાણીનો આજે જન્મ દિવસ છે પરિવારજનો દ્વારા જૂનાગઢના સિધ્ધેશ્વર મહાદેવના ચરણોમાં પ્રાર્થના કરી તેમની દિર્ઘાયુંની પ્રાર્થના કરવામાં આવી છે. સ્નેહીજનો દ્વારા વિમલભાઈને સફળ જીવન અને દિર્ઘાયુંની શુભકામના પાઠવાય રહી છે.

# વાંકાનેરના ભંગેશ્વર મહાદેવ ધામમાં હંસવિવેક પુસ્તકનું પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાએ કર્યું વિમોચન

## ધાર્મિક શૈક્ષણિક સંકુલોના નિર્માણના દાતા હંસરાજભાઈની સખાવત સાથે જીવન ચરિત્ર હંસ વિવેકમાં પ્રકાશિત થયું

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરના ભંગેશ્વર મહાદેવ મંદિર તીથવા ખાતે શિવરાત્રી નિમિત્તે મેળાની જેમ ભાવિકોની મેદની વચ્ચે સમગ્ર પંથકના ધાર્મિક અને શૈક્ષણિક સંકુલો ના નિર્માણ માટે અનન્ય યોગદાન ના દાતા હસરાજભાઈ ભવાનભાઈ હાલપરા ના જીવન ચરિત્ર ના આલેખન સાથે પ્રકાશિત પુસ્તક ''હંસ વિવેક''નો પૂર્વ ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજા ના હાથે વિમોચન કરવામાં આવ્યું હતું. કેળવણીકાર દાતા હસરાજભાઈ ભવાનભાઈ એ સામાજિક શૈક્ષણિક, ધાર્મિક ક્ષેત્રે છુટા હાથે દાનઆપ્યું છે તિથવા



ગામ પાસે આવેલ શ્રી ઉમા ભંગેશ્વર મંદિર પરિસર ના પૂન નિર્માણમાં પણ તેમનું યોગદાન રહ્યું છે ડો, ભાવેશ જેતપરિયા દ્વારા હંસરાજભાઈ ના જીવન ચરિત્રપી પ્રકાશિત કરતું પુસ્તક હંસ વિવેક ની રચના કરવામાં આવી છે . પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં સંતો મહંતો રાજકીય સામાજિક આગેવાનો અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા પૂર્વ ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજા એ હંસ વિવેક પુસ્તક ના લેખક ને શુભેચ્છા પાઠવી હતી.

# ધ્રાંગધ્રા સાધના સ્કુલમાં માતા-પિતા પુજન સાથે મનાવાયો વેલેન્ટાઈન-ડે

## શાળાના સંસ્કાર-સંસ્કૃતી સમન્વય જેવા કાર્યક્રમની સરાહના

**અબતક, સલીમ ઘાંચી,ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાની ધાંગધ્રા ખાતે આવેલી સાધના વિદ્યાલય શાળામાં વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી

આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા પોત પોતાના માતા પિતા નું પૂજન ભારતીય શાસસ્રોકત વિધિથી કરવામાં આવ્યું હતું તેમજ માત પિતા ની પ્રદક્ષિણા કરવામાં આવી હતી જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓ એ ભાગ લીધો હતો ધાંગધ્રા ખાતે આવેલી સાધના વિદ્યાલય સ્કૂલ માં દશેરા, હોળી, નવરાતી, તેમજ અન્ય ભારતીય ધાર્મિક તહેવારો નું મહત્વ બાળકોને સમજાવવા માટે આ પ્રકારના અનેક આયોજનો કરાતા હોય



છે તેમજ બાળપણથી જ વિદ્યાર્થીમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન શિક્ષણની સાથો સાથ કરવા ના આશયથી આ પ્રકારના આયોજનો કરવામાં આવતા હોવાનું શાળા સંચાલકે જણાવ્યું હતું તેમજ વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી કરી અન્ય લોકોને પણ નવો રાહ ચિંધ્યો હતો.

# ગાંધીધામના ઓસ્લો સર્કલ પાસે રિષભ ટાયરની દુકાનમાં આગ ભભૂકી

## ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો મોટી જાનહાની ટળી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ખાતે ઓસ્લો સર્કલ નજીક આવેલ રિષભ ટાયર દુકાનમાં ગતરોજ સાંજના સમયે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી હોવાનું માનવામાં આવી રહ્યું છે. મનપાની ફાયર ટીમના દીપક ગરવા, વિજય મહેશ્વરી, કિરીટ ચુના અને કેતન પરમારે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી સમયસર કાબૂ મેળવી લીધો હતો. રજાનો દિવસ હોવાથી સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી.

# મહાશિવરાત્રિ પર્વે આદિપુર નિવાસીતેશ્વર મંદિરે ભાવિકો ઉમટયાં

## વેશભૂષા અને શોભાયાત્રા સહિતના આયોજનો કરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરના નિવાસીતેશ્વર મહાદેવ મંદિરમાં શિવજીની પૂજા અર્ચના તેમજ દર્શન કરવા માટે થઈને વહેલી સવારથી જ ભક્તોની લાઈન જોવા મળી હતી.આજના શિવરાત્રીના પવિત્ર દિવસે આદિપુર



સ્થિત નિવાસીતેશ્વર મહાદેવ મંદિરમાં સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. ૭૬ વર્ષ કરતા પણ વધારે પૌરાણિક આ શિવ મંદિર પ્રત્યે ભક્તોમાં ભારે આસ્થા અને શ્રદ્ધા જોવા મળે છે. શિવરાત્રી સિવાયના દિવસોમાં પણ નિયમિતપણે આ મંદિરમાં શિવભક્તો આવે છે. જ્યારે મહાશિવરાત્રીના પર્વમાં સમગ્ર શહેરમાંથી ભાવિકો દર્શન કરવા માટે અહીં આવે છે. આ મંદિરમાં શિવરાત્રી મહોત્સવ બે દિવસ સુધી મનાવવામાં આવે છે. ગતરોજ શિવરાત્રીની પૂર્વ સંધ્યાએ વેશભૂષા હરીફાઈ અને શોભાયાત્રાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા ઓમ શિવ મંડળી આદિપુરના હોદ્દેદારો, સભ્યો અને કાર્યકરો દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવે છે.

# ભાલકા ખાતે સમસ્ત હિન્દુ સમાજ આયોજન સમિતિ દ્વારા વિરાટ હિન્દુ સંમેલન યોજાયું



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ભાલકા ખાતે શ્રી બાઈ ગરબી ચોક ખાતે સાંજે ૬ થી ૮ દરમિયાન સમસ્ત હિન્દુ સમાજ બાયોજન સમિતિ દ્વારા વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ સમાજની એકતા, સમરસતા, સંસ્કૃતિના સુરક્ષણ અને રાષ્ટ્રીય જાગૃતિને પ્રબળ બનાવવાના ઉદ્દેશ સાથે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનોએ ઉપસ્થિતિ નોંધાવી હતી.

કાર્યક્રમમાં ભક્તિપ્રકાશદાસજી સ્વામી (સ્વામિનારાયણ ગુરુકુળ)એ ધાર્મિક સંસ્કારો અને સનાતન પરંપરાની મહત્તા સમજાવી હતી. બ્રહ્માકુમારી નીલમબેન (બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય)એ આધ્યાત્મિકતા અને નૈતિક મૂલ્યોના સંવર્ધન પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. કલ્પેશભાઈ મહેતાએ સમાજમાં સંગઠનશક્તિ અને સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું. મોજેશ્વર મહાદેવ (ભીરાજ)ના પ્રતિનિધિ દ્વારા ધાર્મિક એકતા અને પરંપરાના પાલન અંગે સંદેશ આપવામાં આવ્યો હતો.

તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સોમનાથ જિલ્લા સહકાર્યવાહ રોહિતભાઈ હરિયાણીએ યુવા પેઢીને રાષ્ટ્રભાવના, કર્તવ્યનિષ્ઠા અને સ્વદેશી વિચારધારાને અપનાવવાનો આહ્વાન કર્યો હતો.

વક્તાઓએ હિન્દુ સમાજમાં સમરસતા, સંગઠન અને સંસ્કાર જાગૃત કરવાની સાથે સામાજિક પડકારોનો સામૂહિક રીતે સામનો કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ભક્તિમય રજૂઆતો, પ્રેરણાદાયી વ્યાખ્યાનો અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનો સમાવેશ થયો હતો.

# રાજકોટ: એમ.જી. હોસ્ટેલમાં ગીત વગાડવા બાબતે છાત્રો વચ્ચે મારા મારી!!

## લોબીમાં મોબાઈલની ફ્લેશ લાઈટ અને ગીત વગાડવા મુદે ધોકા વડે હુમલો , ગીર સોમનાથના છાત્ર સહિત ત્રણ ઘવાયા

**અબતક,રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર આવેલી એમ.જી. હોસ્ટેલમાં મોડી રાત્રે ગીત વગાડવા જેવી નજીવી બાબતે વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં ગીર સોમનાથ જિલ્લાના બે વિદ્યાર્થીઓ પર ધોકા વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વીગતો મુજબ મૂળ કોડીનારના કાચ ગામના વતની અને હાલ રાજકોટની હરિવંદના કોલેજમાં કક્કઈનો અભ્યાસ કરતા દિવ્યેશ રમેશભાઈ સોસા (ઉ.વ. ૨૩) એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રિના સાડા બારેક વાગ્યાની આસપાસ તેનો મિત્ર કૈલાશ બીપીનભાઈ પરમાર (રહે. ઉના) હોસ્ટેલની લોબીમાં મોબાઈલ પર ગીતો સાંભળતો હતો. આ સમયે મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ હોવાથી સામેના રૂમમાં રહેતા ભરત જગુભાઈ જાદવ અને મયુર જગુભાઈ જાદવે 'અમને ડિસ્ટર્બ થાય છે' તેમ કહી ગાળાગાળી કરી હતી. દિવ્યેશ અને તેના મિત્રો જ્યારે આ બાબતે સમજાવટ માટે સામેના રૂમમાં ગયા, ત્યારે મામલો વધુ વણસ્યો હતો. મયુર અને ભરતે ઉશ્કેરાઈને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન લાકડાના ધોકા વડે હુમલો કરવામાં આવતા કૈલાશને હોઠના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બીજી તરફ સામા પક્ષે મયુર જાદવને પણ ઈજાઓ પહોંચતા તેને પણ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે. મયુર જાદવે આક્ષેપ કર્યો છે કે સામા પક્ષે પાઈપ અને ધોકા વડે હુમલો કર્યો હતો.

# વેરાવળના ભીડીયા ગામે મકાનમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ, યુવાન ગંભીર

## ટીવી જોતા સમયે ગેસનો બાટલો અચાનક ફાટતા ઘરની તમામ ઘરવખરી અને કિંમતી સામાન બળીને ખાખ

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં પ્રભાસ પાટણ નજીક ભીડીયા ગામમાં હ્રદયદ્રાવક ઘટના બની હતી. ઘરમાં ટીવી જોઈ રહેલા ૨૭ વર્ષીય યુવાન ગેસનો બાટલો ફાટતા તે ગંભીર રીતે દાઝી ગયો છે, જ્યારે આગની લપેટમાં આખું ઘર સળગી જતાં મોટું નુકસાન થયું છે.પ્રાપ્ત વીગતો મુજબ ભીડીયા ગામમાં રહેતા રાજેશભાઈ મેઘજીભાઈ પાંજરી (ઉ.વ. ૨૭) ગઈકાલે સાંજે સાતેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે આરામથી બેસીને ટીવી પર સાઉથનું મૂવી જોઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક રસોઈના ગેસના સિલિન્ડરમાં ધડાકો થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે પળવારમાં આખા ઘરમાં આગ પ્રસરી ગઈ હતી. આ અકસ્માતમાં રાજેશભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા.ઘટના સમયે પરિવારના અન્ય સભ્યો ઘરની બહાર હોવાથી તેઓનો ચમત્કારિક બચાવ થયો હતો, પરંતુ આગને કારણે ઘરની તમામ ઘરવખરી અને કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત રાજેશભાઈને તાત્કાલિક વેરાવળની આદિત્ય બિરલા હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેમની હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભોગ બનનાર રાજેશભાઈ માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાના અને કુંવારા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે માછીમાર પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## શિવરાત્રીના મેળામાંથી પરત ફરી રહેલા મિત્રોની

# જેતલસર નજીક કાર બ્રિજની દિવાલ સાથે ધડાકાભેર અથડાતા યુવતી સહિત ત્રણના મોત

### ઓવર સ્પીડમાં સ્કોડા કાર હોવાનું પ્રાથમિક તારણ: એક ગંભીર



**અબતક, રાજકોટ**

જેતલસર નજીક રેલ્વે બ્રીજ પર બે કાબુ બનેલી કાર ડિવાઈડર સાથે ધડાકા ભેર અથડાતા કારમાં સવાર યુવતી સહીત ત્રણના મૃત્યુ નીપજ્યા હતા, એક યુવાનને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ચારેય યુવાનો જુનાગઢથી શિવરાત્રીનો મેળો કરી પરત ફરતા હતા અને ઓવર સ્પીડમાં ગાડી ચલાવવાના હિસાબે બનાવ બન્યાનું પોલીસે જણાવ્યું. પ્રાપ્ત વિગતો મુજબ જેતલસર ચોકડી નજીક આવેલા રેલ્વે બ્રીજ પર વહેલી સવારે બે કાબુ બનેલી કાર ડિવાઈડર સાથે ધડાકા ભેર અથડાઈ હતી ત્યારે કારમાં સવાર મુસ્કાન હરેશભાઈ બગડા (ઉવ.૨૧), અરૂણ પ્રફુલભાઈ વાળા(ઉવ.૨૦), અને જયદીપ કિશોરભાઈ ચૌહાણ (ઉવ.૨૦) અને અમીશ ચનાભાઈ પરમાર(ઉવ.૧૯)ને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે જેતપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં અરૂણ અને મુસ્કાનને મૃત જાહેર કર્યા હતા જયારે જયદીપ અને અમીશને જેતપુર થી વધુ સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યા જયદીપ ચૌહાણને મૃત જાહેર કર્યો હતો અને અમીશને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો ત્રણ ત્રણ યુવાનોના મૃત્યુ થી અરેરાટી વ્યાપી હતી, વધુ વિગત મુજબ યુવાનો જુનાગઢ થી શિવરાત્રીનો મેળો કરી પરત ફરતા હતા ત્યારે કરૂણાંતિકા સર્જાઈ હતી,બનાવની જાણ થતા જેતપુર તાલુકા પોલીસ મથકના પી.આઈ હેરમા સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે મોકલી તેના પરિવાર સુધી પહોચવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

# દસાડા: જીનાલયમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

### ૧૦ દિવસ પૂર્વે ઘરેણાની લૂંટ ચલાવી અને સિકયુરીટીમેન પર હુમલો કર્યો ‘તો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



દસાડામાં અંદાજે ૧૦ દિવસ પહેલા જીનાલયમાં ભગવાનની આંખો સહીતના ઘરેણાની ચોરીનો બનાવ બન્યો હતો. જે દરમિયાન સિક્યુરિટી ગાર્ડ જાગી જતા તેમના પર હુમલો કરી તસ્કરો નાશી છુટયા હતા. ચાણસમા પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન શંકાસ્પદ કાર નીકળતા તેની તપાસ કરવામાં અને વધુ પૂરછપરછ કરતા દસાડા સમી,શંખેશ્વર મહેસાણા મંદિરની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. જેમાં રાજસ્થાનના આરોપી રૂપારામ હરારામ ગરાસિયાને કાર સહિત ફૂલ ૭.૧૫ લાખના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધો હતો ઉપરાંત વધુ આરોપીઓની પણ સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. જેમાં જેતારામ, પીન્ટારામ, સીતારામ મેસારામ અને મવારામ ગરાસીયા (રહે દેવડાડાંગ જિ.ઉદયપુર,રાજસ્થાન)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા અને ઝડપાયેલ આરોપીને દસાડા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# ભચાઉ પોલીસ દ્વારા બુટલેગરો પર સર્જિકલ સ્ટ્રાઈક

### ૨૧ દારૂના ધંધાર્થીના રહેણાંકો પર દરોડા પાડયા, પાંચ સ્થળે વીજ ચોરી ઝડપાય: ૧૫ વાહનો ડિટેઈન

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ પોલીસ સ્ટેશન દ્વારા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના હેઠળ ભચાઉ ટાઉન અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૧ કલાકનું સઘન ’સરપ્રાઈઝ કોમ્બિંગ’ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. જાડેજાના નેતૃત્વમાં અલગ-અલગ ટીમો બનાવી સવારના ૧૧ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ચાલેલા આ ઓપરેશનમાં પ્રોહિબિશન, જુગાર અને અસામાજિક તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન પોલીસે ૨૧ બુટલેગરોના રહેણાંકો પર દરોડા પાડ્યા હતા અને પ્રોહિબિશનના ૧૦ કેસ નોંધ્યા હતા. વિશેષમાં, PGVCL સ્ટાફને સાથે રાખી ગેરકાયદ વીજ જોડાણ ધરાવતા ૫ શખ્સો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરી હતી. વાહન ચેકિંગમાં કાળા કાચ અને નંબર પ્લેટ વગરના વાહનો સહિત કુલ ૧૫ વાહનો ડિટેઈન કરી રૂ.૧૬,૯૦૦નો સ્થળ દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.એ.જાડેજા,પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જે.ઝાલા, પી.એન. ગમાર, કે.બી.તરાર, જે.જે.ત્રિવેદી તથા પી.જી.વી.સી.એલ સ્ટાફ તથા ભચાઉ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# પડધરીમાં રૂ.૫૧ હજારના દારૂ સાથે શખ્સ ઝડપાયો

### મુસાફરોની આડમાં તુફાન ક્રુઝમાં શરાબની હેરાફેરી, રૂ.૩.૫૧ લાખનો મુદામાલ કબ્જે: સાલ પીપળીયા ગામે રહેતા રિસીવરની શોધખોળ

**અબતક, રાજકોટ**

પડધરીમાં તુફાન ક્રુઝરમાં પેસેન્જરની આડમાં દારૂની હેરાફેરી કરતા એમપીના શખ્સને સ્થાનિક પોલિસે ઝડપી રૂ. ૫૧ હજારના દારૂ સહીત રૂ. ૩.૫૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. દારૂનો જથ્થો મંગાવનાર સાલ પીપળીયા ગામે વાડીમાં રહેતા એમપીના શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે. રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે પડધરી પોલીસ મથકના પીઆઈ એસ એન પરમારની ટીમના કોન્સ્ટેબલ નિકુલસિંહ હરપાલસિંહ અને યુવરાજસિંહ ચંદુભાને ખાનગી રાહે મળેલી હકીકતના આધારે તુફાન ક્રુઝરમાં ચોરખાનું બનાવી મુસાફરોની આડમાં દારૂની હેરાફેરી કરતા શખ્સ દિલીપભાઈ હરિસિંહ મોહનિયા (ઉવ ૩૩ રહે. ભૂરછેડી ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી રૂ. ૫૧,૧૮૭ ની કિંમતની દારૂની ૯૮ બોટલ મળી કુલ રૂ. ૩,૫૧,૧૮૭ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ઝડપાયેલ શખ્સે કબુલાત આપી હતી કે, તે આ દારૂનો જથ્થો પડધરીના સાલ પીપળીયા ગામે બાબભાઈ રામાણીની વાડીએ રહેતા તોપસિંગ ઈન્દરસિંગ મછારને ડીલીવરી આપવા જઈ રહ્યો હતો. જેથી પોલીસે પડધરીના સાલપીપળીયા ગામે રહેતા મૂળ એમપીના ધાર જિલ્લાના વતની તોપસિંગ ઈન્દરસિંહ મછારની શોધખોળ શરૂ કરી છે.



**તસ્વીર : ભૌમિક તળપદા**

# ધ્રાંગધ્રાના ખાંભડા ગામે જુગારધામ પકડાયું

### એલ.સી.બી.એ દરોડો પાડી પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૬,૭૭,૪૦૦ના મુદ્દામાલ ઝડપી લીધા: પાંચ ફરાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રાના ખાંભલા ગામની સીમ વિસ્તારમાં ચાલતા જુગારધામ પર સુરેન્દ્રનગર જિલ્લા એલ.સી.બી. ટીમે ફિલ્મી સ્ટાઈલમાં દરોડો પાડી જુગારિયાઓમાં દોડધામ મચાવી દીધી હતી આ કાર્યવાહી દરમિયાન પાચ શખ્સોને રંગેહાથ ઝડપવામાં આવ્યા હતા, જ્યારે અન્ય પાચ શખ્સો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે કુલ રૂપિયા ૬,૭૭,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે મળેલી બાતમીના આધારે એલ.સી.બી. ટીમના પીએસઆઇ જે વાય પઠાણ,પ્રતાપસિંહ રાઠોડ, સંજયભાઈ પાઠક, અસલમખાન મલેક અને દશરથભાઈ રબારી સહિતના સ્ટાફે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન જુગાર રમતા શખ્સોમાં નાસભાગ મચી જતાં માહોલ ગરમાયો હતો પોલીસે ઘટનાસ્થળેથી અંકિતભાઈ પટેલ, સંજયભાઈ પરેશા, તળસીભાઈ પટેલ, સુરેશભાઈ ચૌહાણ અને સુભાષભાઈ ગોયલ સહિત પાંચ શખ્સોને ગંજીપાના વડે જુગાર રમતા ઝડપી પાડ્યા હતા તેમની પાસેથી રોકડ રૂપિયા ૧,૭૬,૯૦૦, તથા ૬ મોબાઈલ ફોન કિંમત ૪૦,૫૦૦,પાંચ બાઈક કિંમત ૧,૬૦,૦૦૦ અને એક કાર કિંમત ૩,૦૦,૦૦૦, સહીત કુલ ૬,૭૭,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો

આ જુગારધામ ચલાવનાર મુખ્ય આરોપી સુરપલસિંહ ઉર્ફે સુરુભા દાજીભા સોલંકી સહિત અન્ય ચાર વાહનચાલકો અથવા માલિકો તેના રજીસ્ટર નંબર (GJ 13 AG 6547), (GJ 13 AS 9132) (GJ 06 KM 4944)(GJ 01 KB 3727 ) સહિત પાચ શખ્સો સ્થળ પરથી ફરાર થવામાં સફળ રહ્યા હતા, જેઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે એલ.સી.બી. ટીમે ઝડપાયેલા પાચ અને ફરાર થયેલા પાચ સહિત કુલ ૧૦ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# થાનના જામવાડી ગામે બાઈક હંકારી જનાર બેલડી ઝડપાઇ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થાન તાલુકાના જામવાડી ગામના બજાર વિસ્તારમાં પાર્ક કરેલ બાઈકની ગત તા.૦૮ ફેબ્રુઆરીના રોજ અજાણ્યા શખ્સો દ્વારા ચોરીનો બનાવ બન્યો હતો જે અંગે ભોગ બનનાર બાઈકના માલિક દ્વારા થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા થાન મહિલા પી.આઈ. સહિતના સ્ટાફે આ અંગે તપાસ હાથ ધરી હતી જેમાં હ્યુમન સોર્સ અને બાતમીદારોની મદદથી ગણતરીના દિવસોમાં બાઈકની ચોરી કરનાર અજયભાઈ હીરાભાઈ મકવાણા અને સાગરભાઈ સુરેશભાઈ ડાભી (રહે. અમરાપર, તા. થાન) વાળાને ચોરીના બાઈક કિંમત રૂ.૩૫,૦૦૦ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોવિયામાં કૂવામાં ઝંપલાવી સગર્ભાનો આપઘાત

### બે દીકરીઓએ માતાની છત્રછાયા ગુમાવી કારણ અંક બંધ

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ પંથકમાં મોવિયા-શિવરાજગઢ રોડ પર આવેલી વાડીનાં કુવામાં ઝંપલાવી પરપ્રાંતિય પરિણીતાએ મોત મીઠુ કર્યુ હતું.મહીલા ગર્ભવતિ હતી.અને પેટમાં આઠ માસનો ગર્ભ હતો.આપઘાતનું કારણ જાણવાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ મોવિયા શિવરાજગઢ રોડ પર જગાભાઈ ખૂંટ ની વાડીએ ત્રણ વર્ષથી ભાગીયું રાખી ખેતમજુરી કરતા મધ્યપ્રદેશનાં સુનિલભાઈ ઉકુભાઈ ભાભોર નાં પત્નિ લક્ષ્મીબેન ઉ.૨૪ કોઈ અગમ્ય કારણોસર વાડીનાં કુવા માં પડી આપઘાત કર્યો હતો.તેમનાં પતિ વાડીમાં ટ્રેકટર ચલાવી રહ્યા હતા ત્યાંરે લક્ષ્મીબેને આત્મઘાતી પગલુ ભર્યુ હતુ.બનાવની જાણ થતા સુનિલભાઈ દોડી આવી લોકોની મદદથી લક્ષ્મીબેન નાં મૃતદેહને કુવામાંથી બહાર કાઢી ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. બનાવનાં પગલે પગલે પતી સુનિલભાઈ સહિત પરિવારના સભ્યો શોકમગ્ન બન્યા હતા. મૃતક લક્ષ્મીબેનને સંતાનમાં બે નાની દીકરીઓ છે. માસૂમ બાળકીઓએ પોતાની માતાની છત્રછાયા ગુમાવતા ગમગીની છવાઈ હતી. મૃતક ગર્ભવતી હોય ફોરેન્સિક પીએમ માટે તેના મૃતદેહ ને રાજકોટ ખસેડાયો હતો.બનાવ અંગે તાલુકા પોલીસ નાં મેહુલભાઈ બોરીચાએ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં રસ્તા વચ્ચે વાસણ ધોતી મહિલાને સાઈડમાં ખસવાનું કહેતા રિક્ષાચાલક પર હુમલો

### તારે ગલીમાં રિક્ષા લઈને અવાય જ નહીં‘‘ તેમ કહી રિક્ષાચાલક પર ધોકાથી માર માર્યો

**અબતક,રાજકોટ**

જેતપુરના જનતાનગર વિસ્તારમાં સામાન્ય બાબતે એક રિક્ષાચાલક યુવાન પર લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. શેરીમાં વાસણ ધોતી મહિલાને વાસણ સાઈડમાં લેવાનું કહેતા ઉશ્કેરાયેલા તેના ભાઈએ યુવાનને માથાના ભાગે ફટકો મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.પ્રાપ્ત વીગતો મુજબ જેતપુરના જૂનાગઢ રોડ પર આવેલ જનતાનગર-૩ માં રહેતા ૪૦ વર્ષીય આરીફભાઈ હુસેનભાઈ મેર ગત તારીખ ૧૧ ના રોજ રાત્રે નવેક વાગ્યે પોતાની રિક્ષા લઈને ભાડે જવા નીકળ્યા હતા. આ સમયે તેમની શેરીમાં જ રહેતા મદીનાબેન બ્લોચ રસ્તાની વચ્ચે બેસીને વાસણ સાફ કરતા હતા. આરીફભાઈએ રિક્ષા કાઢવા માટે વાસણ સાઈડમાં લેવાનું કહેતા મામલો બિચક્યો હતો. ફરિયાદ મુજબ, વાસણ હટાવવાનું કહેતા જ મદીનાબેનનો ભાઈ શાહરૂખ કાળુ બ્લોચ અગાસી પરથી બોલવા લાગ્યો હતો કે, ‘‘આ તારું રોજનું થયું, તારે ગલીમાં રિક્ષા લઈને અવાય જ નહીં.‘‘ આરીફભાઈએ શાંતિથી વાત પતાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ શાહરૂખ નીચે ઉતરી આવ્યો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો. ઉશ્કેરાયેલા શાહરૂખે હાથમાં રહેલ લાકડાનો ધોકો આરીફભાઈના માથાના પાછળના ભાગે ઝીંકી દીધો હતો. હુમલાના કારણે આરીફભાઈ બેભાન હાલતમાં નીચે પડી ગયા હતા. પરિવારજનો દોડી આવતા હુમલાખોર શાહરૂખ ત્યાંથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક ૧૦૮ મારફતે જેતપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. તબીબોના જણાવ્યા મુજબ, યુવાનને માથાના ભાગે ૭ ટાંકા આવ્યા છે. માથામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થઈ છે. આરીફભાઈની ફરિયાદના આધારે જેતપુર સીટી પોલીસે શાહરૂખ કાળુ બ્લોચ વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# થાનના લાખામાચી ગામે ખનીજ ચોરી ઝડપાઇ

### બન્ને ડમ્પરો મળી રૂ.૭૦ લાખનો મુદામાલ કબજે કર્યો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ભૂમાફિયાઓ દ્વારા મોટાપાયે ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થઈ રહ્યું છે. જ્યારે બીજી બાજુ ગેરકાયદેસર ખનન રોકવા તંત્ર દ્વારા પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે થાન પોલીસ ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું વહન કરતા વાહનો અંગે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં થાનમાં તાલુકાના લાખામાચી ગામ પાસેથી ગેરકાયદેસર અને ઓવરલોડ ખનીજ સંપત્તિનું વહન કરતા બે ડમ્પરો સહિત અંદાજે ૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી મેમો ફટકારી દંડ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કામગીરીમાં થાન મહિલા પીઆઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.


# થાન રેલવે સ્ટેશન પાસે વૃદ્ધ પર હુમલો

### અગમ્ય કારણોસર નશામાં ધૂત આરોપીએ ૬૦ વર્ષીય વૃદ્ધ પર સળિયા વડે હુમલો કર્યો

**અબતક,રાજકોટ**

થાન રેલવે સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે સાંજે મારામારીની ઘટના સામે આવી છે. જેમાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ થાનમાં રહીને લિફ્ટ ફિટિંગનું કામ કરતા ૬૦ વર્ષીય વૃદ્ધ પર જૂની અદાવત અથવા કોઈ અગમ્ય કારણોસર સળિયા વડે હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના વતની રાજેન્દ્ર પ્રસાદ મિસ્ત્રીપ્રસાદ ચમાર (ઉં.વ. ૬૦) થાન રેલવે સ્ટેશન પાસે રહીને લિફ્ટ રિપેરિંગ અને ફિટિંગનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સાંજે જ્યારે તેઓ રેલવે સ્ટેશન પાસે પોતાની જગ્યાએ હાજર હતા, ત્યારે અનુભાઈ નામનો શખ્સ અન્ય માણસો સાથે ત્યા આવ્યા હતા. અનુભાઈ નશાની હાલતમાં હતો. ત્યારે તેણે રાજેન્દ્ર પ્રસાદ સાથે કોઈ કારણોસર ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આરોપીઓએ રાજેન્દ્ર પ્રસાદ પર સળિયા વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં વૃદ્ધને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બનાવને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તને તુરંત સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જાણવા મળ્યું છે કે આરોપી પણ મૂળ ઉત્તર પ્રદેશનો જ છે. આ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો અને તેની પાછળનું મુખ્ય કારણ શું છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



# ગોંડલ નજીક એક્ટિવા પરથી પટકાયેલા યુવક પર વાહન ફરી વળતા મોત

### નવાગઢ ગામેથી પિતરાઈ બહેનના લગ્ન પતાવી અમદાવાદ જઈ રહ્યો હતો ત્યારે નડ્યો અકસ્માત

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ નેશનલ હાઈવે માર્કેટયાર્ડ નજીક જેતપુર નવાગઢ થી એકટીવા પર અમદાવાદ જઈ રહેલો યુવાન અકસ્માતનો ભોગ બન્યો હતો. એક્ટિવા સ્લિપ થતા ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. એ સમયે પાછળ થી આવી રહેલું અજાણ્યું વાહન યુવાન પર થી પસાર થતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ બાદ મૃતદેહને ગોંડલની સરકારી હોસ્પિટલ ખસેડી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ જેતપુરનાં નવાગઢ નાગબાઈ સોસાયટી માં રહેતા અને અમદાવાદ બાવળા નજીક એગ્રિકલ્ચર દવા ની ફેક્ટરી માં કામ કરતાં કરણસિંહ ભોજુભાઈ બાબરીયા ઉ.૩૫ સવારે એકટિવા સ્કુટર લઈ અમદાવાદ જવા નિકળ્યાં હતા. સવારે અગીયારમાં સુમારે ગોંડલ નેશનલ હાઈવે માર્કેટ યાર્ડ નજીક માલધારી



હોટલ સામે અચાનક એક્ટિવા સ્લિપ થતા કરણસિંહ રોડ પર પટકાયા હતાં. એ સમયે પુરજડપે પાછળ ધસી આવેલું અજાણ્યું વાહન કરણસિંહ પર થી પસાર થતા ગંભીર ઈજાઓ ને કારણે તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

અકસ્માતની જાણ થતા પોલીસ દોડી આવી હતી અને મૃતકનાં ખિસ્સામાં રહેલા આધારકાર્ડ નાં આધારે તેનાં પરિવાર ને જાણ કરી હતી. મહાશિવરાત્રી નાં સપરમાં દિવસે અકસ્માત નો ભોગ બનેલા કરણસિંહ પરણિત હતા. ત્રણ વર્ષ પહેલા લગ્ન થયા હતાં. બાવળા પાસે આવેલી એગ્રિકલ્ચર દવાની ફેકટરી માં કામ કરતા હતાં.પત્નિ સાથે ફેકટરીનાં ક્વાર્ટરમાં રહેતાં હતાં. જેતપુર કાકાની દિકરીનાં લગ્ન હોય પત્નિ સાથે જેતપુર આવ્યાં હતાં.લગ્ન પ્રસંગ પુરો થતા તેમનાં પત્નિ જેતપુર રોકાયા હતા અને કરણસિંહ અમદાવાદ પરત જઈ રહ્યા હતાં.પરિવારમાં બે ભાઈ તથા બે બહેન હોવાનું જાણવાં મળેલ હતું. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# માળીયા(મી)ના અંજીયાસર પાસે પાવરગ્રીડ લાઈનમાંથી લાખોના વાયરની ચોરી

## અજાણ્યા શખ્સોએ ૧૩.૫૦ લાખની ચોરી કરી ૫ લાખનું નુકશાન કર્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના અંજીયાસર ગામ નજીક પાવરગ્રીડ ૭૬૫ કેવી લાઈનના થાંભલાઓ વચ્ચે લગાવેલ ૪૫૦૦ મીટર એલ્યુમિનિયમ વાયર તથા ઈનસુલેટર, મેડીસીયન્સ જોઈન્ટ તથા સ્પેસર સહિતની અજાણ્યા શખ્સોએ ચોરી કરી લઈ જતા કંપનીને અંદાજે રૂ. ૧૮.૫૦ લાખથી વધુનું નુકસાન થયું છે.

માળીયા(મી) તાલુકાના અંજીયાસર ગામ નજીક ગાંડીવ કેમિકલ પાસે લકડીયા-અમદાવાદ ૭૬૫ કેવી પાવરગ્રીડ લાઈનના કામ દરમિયાન ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ફરિયાદી આશુતોષભાઈ દિનેશકુમાર ભારતીયા રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી મોરબી મૂળ રહે. ગેદુરાહી જી.પ્રયાગરાજ ઉત્તરપ્રદેશ કલ્પતરું પ્રોજેક્ટસ ઈન્ટરનેશનલ લિમિટેડમાં ઈજનેર તરીકે ફરજ બજાવે છે, તેમણે માળીયા (મી) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે, કંપની દ્વારા લકડીયા-અમદાવાદ ૭૬૫ કેવી પાવરગ્રીડ લાઈનના લોકેશન નં. ૧૯/૦ થી ૧૯/૦૫ વચ્ચે થાંભલાઓ પર એલ્યુમિનિયમ વાયર ખેંચવાનું કામ ૦૧/૧૧/૨૦૨૫ના રોજ પૂર્ણ કરાયું હતું. ત્યારબાદ ૨૦/૧૧/૨૦૨૫ના રોજ પાવરગ્રીડ કંપનીના અધિકારી દ્વારા જાણ કરવામાં આવતા તપાસ કરતાં જાણવા મળ્યું કે લોકેશન વચ્ચેનો કુલ ૪૫૦૦ મીટર એલ્યુમિનિયમ વાયર કિ.રૂ.૧૩.૫૦ લાખ કોઈ અજાણ્યા ઈસમોએ ચોરી કરી લીધો છે. આ ઉપરાંત ૬૫૦૦ મીટર એલ્યુમિનિયમ વાયર, ૧૨ ઈન્સ્યુલેટર, ૧૨ મેડિસન્સ જોઈન્ટ, ૩૫ સ્પેસર અને ૩ ડબલ આઈ સસ્પેન્શન ફિટિંગ સેટને નુકસાન પહોંચાડવામાં આવતા આશરે રૂ.૫ લાખનું વધારાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. આમ કુલ રૂ. ૧૮.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ ચોરી અને નુકસાન થયાનું સામે આવ્યું છે.

હાલ ફરિયાદને આધારે માળીયા(મી)પોલીસ દ્વારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# રંગપર ગામે બંધ સિરામિક ફેક્ટરીમાં બેદરકારીથી મજૂરનું મોત

## કારખાનેદાર સહિત પાંચ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલી બંધ લુકાસો સીરામીક ફેક્ટરીમાં રાત્રે સલામતી વગર કેંચી-એન્ગલ કાપવાનું કામ કરાવતા મજૂર ૨૫ ફૂટ ઊંચાઈથી નીચે પડતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારે બનાવને માર્ગ અકસ્માત બતાવવાનો પ્રયાસ કર્યાના આક્ષેપ સાથે મૃતક મજૂરના સાળાની ફરિયાદને આધારે તાલુકા પોલીસે બે ફેક્ટરી માલીક સહિત પાંચ આરોપીઓ સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.મળતી વિગતો મુજબ, ફરિયાદી વિજયભાઈ લાલજીભાઈ ઈંદરીયા રહે. વીશીપરા મોરબી વાળાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી જયદીપભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ, ગોપાલભાઈ ત્રણેય રહે.રાજકોટ તથા જીતેન્દ્રભાઈ રંગપરીયા અને અંબારામભાઈ રંગપરીયા બંને લુકાસો સીરામીક ફેક્ટરીના માલીક રહે. મોરબી વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના બનેવી વિક્રમભાઈ પરષોતમભાઈ પાટડીયા રહે.મોરબી વીસીપરા વાળા, જે વેલ્ડિંગ કામ કરે છે. તેમને ગત તા.૧૧/૦૨/૨૦૨૬ની રાત્રે રંગપર ગામની સીમમાં આવેલી બંધ લુકાસો સીરામીક પ્રા. લિ. ફેક્ટરી ખાતે એન્ગલ કાપવાના કામે લઈ જવાયા હતા. જ્યાં ઉપરોક્ત પાંચેય આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી રાત્રિના અંધારામાં ૨૫ ફૂટ ઊંચાઈ પર ગેસ વેલ્ડિંગ દ્વારા કોઈપણ સલામતી સાધનો વગર કામ કરાવતા વિક્રમભાઈ નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા મોત નિપજ્યું હતુ.

પરિવારજનોને શરૂઆતમાં ખોટી હકીકત જણાવાઈ હતી. હાલ સમગ્ર બનાવ અંગેની ફરિયાદને આધારે તાલુકા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૬૧(૨), અને ૨૧૨ મુજબ પાંચેય આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી: લીલાપર-ઘુનડા રોડ ઉપર બાઈકચાલક યુવક પર છરીથી હુમલો

## નંબર પ્લેટ વગરના મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી લીલાપર-ઘુનડા રોડ પર બાઈક પર જઈ રહેલા યુવકને અન્ય નંબર પ્લેટ વગરના બાઈક ઉપર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ આંતરી છરી વડે હુમલો કરી ઢીકાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

મોરબી તાલુકાના લીલાપર ગામે રહેતા અનીલભાઈ ધનજીભાઈ રાઠોડ ગત તા.૧૩/૦૨/૨૦૨૬ની રાત્રે પોણા દસ વાગ્યાના અરસામાં લીલાપર ઘુનડા રોડ ઉપર શિવમ પાર્ટી પ્લોટથી આગળ ગાયત્રી સ્ટોન ક્રશર પાસે જઈ રહ્યા હતા. ત્યારે નંબર પ્લેટ વગરના હિરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ ઉપર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેમનું બાઈક આગળ અટકાવી, આરોપીઓ પૈકી લાલ શર્ટ પહેરેલા ઈસમે ફરીયાદીને મારી નાખવાના ઈરાદે છરી વડે પેટ, છાતી, વાસા અને જમણા ગાલે નાક પાસે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન સાથેના અન્ય બે ઈસમોએ ઢીકાપાટુનો માર મારી હુમલામાં મદદગારી કરી હતી.

# મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસો. દ્વારા જીએસટી સેમિનાર યોજાયો

## સિરામિક નીકાસ-ઈવેબીલ જીએસટી દર ઘટાડા અંગે નિષ્ણાંતોએ આપ્યું માર્ગદર્શન

**અબતક, ઋષી મહેતા, મોરબી**




મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા ડીજીટીએસના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં જીએસટી સંબંધિત મુદ્દાઓ પર વિશેષ સેમિનાર યોજાયો હતો. જેમાં સિરામિક ઉદ્યોગના એક્સપોર્ટ, ઈ-વે બિલ અને જીએસટી દર ઘટાડા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.મોરબીમાં તા.૧૪ ફેબ્રુઆરીના રોજ મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ખાતે ભારત સરકારના ડાયરેક્ટરેટ જનરલ ઓફ ટેક્સપેયર સર્વિસ ના પ્રિન્સિપાલ એડિશનલ ડાયરેક્ટર જનરલ સુમિતકુમાર તથા પંકજકુમાર સહિતના જીએસટી અધિકારીઓની ઉપસ્થિતિમાં ટેક્સપેયર્સ માટે વિશેષ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા એક્સપોર્ટ પ્રક્રિયામાં આવતી મુશ્કેલીઓ, ઈ-વે બિલ સંબંધિત પ્રશ્નો તેમજ જીએસટીના વિવિધ નિયમો અંગે અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉદ્યોગકારોના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ માટે ખુલ્લી ચર્ચા યોજાઈ હતી.કાર્યક્રમમાં એસો.ના પ્રમુખ મનોજભાઈ એરવાડીયા, અજયભાઈ મારવાણીયા, સંદીપભાઈ કુંડારીયા, પૂર્વ પ્રમુખ નિલેષ જેતપરીયા, મુકેશભાઈ કુંડારીયા ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગકારોએ સિરામિક ટાઈલ્સ પરનો જીએસટી દર ૫% સુધી ઘટાડવા માટે પણ મજબૂત રજૂઆત કરી હતી. આ સેમિનાર ઉદ્યોગ અને સરકાર વચ્ચે સંવાદનું મહત્વપૂર્ણ માધ્યમ સાબિત થયું છે, જેના કારણે જીએસટી નિયમોની વધુ સ્પષ્ટતા મળી અને ઉદ્યોગને ભવિષ્યમાં સરળતા સાથે કામગીરી કરવા માર્ગદર્શન મળ્યું છે.

# ટંકારાના કલ્યાણપર ગામે બંધ મકાનમાં દિન દહાડે ચોરી

## વેપારીના મકાનને નિશાન બનાવી તસ્કરે ૪.૪૫ લાખની માલમત્તા તફડાવી

**અબતક, ઋષીમહેતા, મોરબી**

ટંકારા તાલુકાના કલ્યાણપર ગામે દિવસ દરમિયાન વેપારીના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યાની ઘટનાને લઈને ચકચાર મચી છે.

જેમાં તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૪.૪૫ લાખની ચોરી કરી લઈ ગયા છે.

ટંકારા તાલુકાના કલ્યાણપર ગામ વિસ્તારમાં રહેતા વેપારી જયંતીલાલ વિરજીભાઈ ઉજરીયા ઉવ.૪૨ના ઘરે ગઈકાલ તા.૧૪/૦૨/૨૦૨૬ ના રોજ સવારના ૯.૩૦થી બપોરના ૧.૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા ઈસમોએ ઘરના તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં વેપારી દ્વારા નોંધાવેલ ફરિયાદ મુજબ, અજાણ્યા ચોરોએ ઘરના તાળા તોડી ૬ તોલા વજનના બે સોનાના મંગળસૂત્ર કિ.રૂ.૧,૩૫,૦૦૦/-, ૩ તોલા વજનના સોનાના પાટલા કિ.રૂ.૭૩,૦૦૦/-, સોનાની બુટી અને ઓમ પેન્ડન્ટ, ૫૦ ગ્રામ ચાંદીની પાયલ, વિવિધ સોના-ચાંદીની ગિનીઓ તેમજ રોકડા રૂ.૨,૧૨,૦૦૦/- મળી કુલ રૂ.૪,૪૫,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી લઈ ગયા હતા.

# મોરબી સબજેલ સામે ૪૫ વર્ષીય પુરૂષનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી સબજેલ સામે વોકળા પાસે ૪૫ વર્ષીય મહેબુબભાઈ બ્લોચનો મૃતદેહ મળતા ખળભળાટ મચ્યો હતો. આ મામલે એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરના મકરાણીવાસ વિસ્તારમાં રહેતા મહેબુબભાઈ ઈબ્રાહિમભાઈ બ્લોચ ઉવ.૪૫ ગઈકાલ તા.૧૪/૦૨ ના રોજ સાંજે કોઈપણ સમયે મોરબી સબજેલ સામે કેન્દ્ર નજીક વોકળા પાસે મૃત હાલતમાં મળ્યા હતા. બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલના તબીબ દ્વારા જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસ બાદ મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. હાલ મૃત્યુના બનાવ અંગે એ ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

# મોરબીના ઘુંટુ ગામે પડતર જગ્યામાં ઈકો કારમાંથી વિદેશી દારૂની ૨૩૭ બોટલ ઝડપાઈ, બે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ઘુંટુ ગામે વસંતવિહાર સોસાયટી પાછળ આવેલ પડતર જગ્યામાં રેઢી પડેલ ઈકો કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૩૭ નંગ બોટલ ઝડપી લીધી હતી. આ સાથે પોલીસે બે આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમને ખાનગીરાહે બાતમી મળી કે, મોઈન મહમદભાઈ જામ રહે. મોરબી મચ્છીપીઠ વાળો તથા તેની સાથે અન્ય એક ઈસમે મળી એક સફેદ કલરની ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૫૬૯૨ વાળીમાં વિદેશી દારૂનો જથ્થો લાવી અને આ વાહન તેઓએ ઘુંટુ ગામે વસંતવિહાર સોસાયટી પાછળ આવેલ પડતર જગ્યામાં રખાવેલ અને ત્યાંથી દારૂની હેરાફેરી કરવાની પેરવીમાં છે. જે મુજબની બાતમીને આધારે તુરંત ઉપરોક્ત સ્થળે રેઈડ કરી હતી. ત્યારે તે સ્થળેથી ઈકો કાર રેઢી મળી આવતા, કારની તલાસી લેતા, કારમાંથી વિદેશી દારૂની કુલ બે બ્રાન્ડની ૨૩૭ નંગ બોટલ કિ.રૂ.૨,૬૦,૭૦૦/-મળી આવી હતી. હાલ એલસીબી પોલીસે દારૂ તથા ઈકો કાર સહિત ૭,૬૦,૭૦૦/-નો મુદામલ કબ્જે લઈ આરોપી મોઈન મહમદભાઈ જામ તથા એક અન્ય ઈસમ તેમજ તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ માનસર નર્મદા કેનાલમા યુવાને મોતની છલાંગ લગાવી

## ૧૯ વર્ષિય યુવાને ભરેલા પગલાથી પરિવારમાં અરેરાટી

**અબતક, ઋષીમહેતા, મોરબી**

હળવદ વિસ્તારમાં માનસર નર્મદા કેનાલ ખાતે ૧૮ વર્ષીય યુવાને પાણીમાં પડી આપઘાત કરી લેતા તેનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, સુજલભાઈ મનસુખભાઈ સોનગ્રા ઉવ.૧૮ રહે. હાલ હળવદ શ્રીજી નગર સોસાયટી-૧, સાંદિપની સ્કૂલ પાછળ મૂળરહે. રણજીતગઢ ગામના વતની ગત તા.૧૪/૦૨ના રોજ પોતાનો મોબાઈલ તથા મોપેડ કેનાલના સાઈફન પાસે મુકી નર્મદા કેનાલના પાણીમાં પડી આત્મહત્યા કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે પોલીસ તપાસમાં મૃતકના પિતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# માળીયા(મી) નજીક બંધ ટ્રક પાછળ ટ્રેઈલર અથડાતા ચાલકનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મૂળ રાજસ્થાનના ટોંક જીલ્લાના જાનકીપુરાના વતની ગોવિંદ સુખદેવ ચૌધરી ઉવ.૨૬ એ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગત તા.૧૨/૦૨ના રોજ રાજસ્થાનથી ટ્રક રજી.નં. આરજે-૧૪-જીએન-૭૬૭૯ માં સીરામીકનો પાઉડર ભરી મોરબી ખાલી કરવા આવતા હોય ત્યારે હળવદ-માળીયા(મી) હાઈવે ઉપર વાઘરવા ગામથી આગળ માળીયા તરફ રોડ ઉપર ઉપરોક્ત ટ્રકનું ટાયર ફાટતા, ટ્રક બંધ પડી ગયેલ જેથી ટ્રકના સાઈડ સિગ્નલ ચાલુ કરી, ટ્રક પાછળ કોઈ અથડાય અકસ્માત ન થાય તે માટે ટ્રક પાછળ પથ્થર મુક્યા હતા અને પાછળ આવતા વાહનોને ઈશારાથી બીજી સાઈડ લેવા ઉભા રહ્યા હતા, તે દરમિયાન પાછળ આવતા ટ્રક-ટ્રેઈલર રજી. ન. જીજે-૩૬-વી-૫૩૬૭ ના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં અને બેદરકારી પૂર્વક ચલાવી આવી બંધ ટ્રકના પાછળના ભાગે અથડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ટ્રેઈલર ચાલકને ગંભીર ઈજાઓ પહોચતા ૧૦૮ મારફત હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ટ્રેઈલર ચાલક લવકુશ રમાશંકર પટેલ ઉવ.૨૩ હાલ રહે. વાઘરવા ગામની સીમમાં નવકાર કોર્પોરેશન કંપનીમાં મૂળ રહે. ઉત્તર પ્રદેશના સોનભદ્ર જીલ્લાના તેદુવા ગામ વાળાનું કરૂણ મોત નીપજ્યું હતું.

# મોરબી નજીક કેનાલમાં ન્હાવા પડેલો યુવક ડૂબ્યો: ફાયર ટીમ દ્વારા શોધખોળ શરૂ

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી ખાતે રફાળિયા મેળા નજીક કેનાલ ડેમમાં ન્હાવા ગયેલા ત્રણ યુવાનોમાંથી ૧૭ વર્ષીય સાહીલ દીપકભાઈ સોલંકી ડૂબી જવાની ઘટના સામે આવી છે. ફાયર ટીમ બોટ સાથે સ્થળ પર પહોંચી શોધખોળ હાથ ધરી છે.

મોરબી શહેરમાં આજે બપોરે ૩ વાગ્યાની આસપાસ ૧૦૧ ફાયર કંટ્રોલરૂમમાં કોલ પ્રાપ્ત થયો હતો કે રફાળિયા મેળામાં ગયેલા ત્રણ યુવકો ત્યાં કેનાલ ડેમ ખાતે ન્હાવા ગયા હતા. જે ત્રણ પૈકી એક યુવક ડૂબી ગયો છે. જે બાબતે મળતી માહિતી મુજબ સાહીલ દીપકભાઈ સોલંકી ઉવ.૧૭ મૂળ નવાગામનો રહેવાસી અને હાલ મોરબીના નીલકમલ સોસાયટી જેલ રોડ પર રહેતો હોય જે મિત્રો સાથે મેળામાંથી ફરીને ડેમમાં ન્હાવા ઉતર્યો હતો. ત્યારે અચાનક પાણીની ઊંડાઈ વધુ હોવાને કારણે સાહીલ ડૂબી ગયો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ મોરબી ફાયર ટીમ બોટ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી અને ડેમમાં શોધખોળ શરૂ કરી છે.

# વાંકાનેર: મહા શિવરાત્રી પર્વે શિવાલયમાં ભક્તોના ઘોડાપુર

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે સમગ્ર વાંકાનેર પંથકના શિવાલયો 'હર હર મહાદેવ' ના જયઘોષથી ગુંજી ઉઠ્યા છે, જેમાં વાંકાનેના સુપ્રસિદ્ધ જડેશ્વર મહાદેવ મંદિર સહિત તમામ શિવમંદિરોમાં વહેલી સવારથી જ હજારો શિવભક્તો દર્શન માટે કતારબદ્ધ થયા હતા. ભક્તોની ભારે ભીડ વચ્ચે મંદિર પરિસરોમાં ભાવભર્યું આધ્યાત્મિક વાતાવરણ છવાયું હતું. જેમાં પ્રાતઃપૂજા, ધ્વજાજી રોહણ, મધ્યાહન આરતી, સંધ્યા આરતી સહિતના કાર્યક્રમો યોજાયો હતો. વાંકાનેરથી દસ કિલોમીટરના અંતરે આવેલ પ્રસિદ્ધ સ્વયંભૂ શ્રી જડેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીના પાવન અવસરે સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને પૂજન-અર્ચનનો લાભ લીધો હતો.

# બગસરા: જેતપુર રોડ પર ટ્રકની ડીઝલ ટેન્કમાં ગેસ વેલ્ડીંગ કરતા બ્લાસ્ટ થતા બેને ઈજા



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા શહેરના જેતપુર રોડ ઉપર. મઢુલી પાનની પાસે આવેલ ચામુંડા ગેસ વેલ્ડીંગ નામની દુકાનમાં કામ કરતા હોય તે દરમિયાન અચાનક ડિઝલ ટ્રેક માં બ્લાસ્ટ થતા દોડધામ મચી હતી. આશરે સો મીટર જેવી ટાંકી ઉછડીને પડી હતી અને તેમના પતરા જુદા થઈ ચારે તરફ ફેલાઈ ગયા હતા.

દુકાનમાં ટ્રકની ડીઝલની ટ્રેકમાં ગેસ વેલ્ડીંગ દરમ્યાન અકસ્માતે બ્લાસ્ટ થતા બે લોકોએ ઈજાગ્રસ્ત થયા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાબ્લાસ્ટ એટલો મોટા થયો કે આસપાસથી લોકો દોડી આવ્યા.૧૦૮ મારફતે કૌશિકભાઈ ધીરુભાઈ ડોડીયા રહે બગસરા અને ધર્મેશ અરવિંદભાઈ પંડ્યાને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

એક વ્યક્તિ આંખમાં ઈજા થતા વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# વાંકાનેરના પરા પીપળીયામાં રૂ.૪૩.૯૭ કરોડના ખર્ચે બનનાર રેલ ઓવરબ્રિજનું ધારાસભ્ય જીતુ સોમાણીએ કર્યું ખાતમુહૂર્ત

## પુલ બનતા એઈમ્સ હોસ્પિટલ તરફ જવું બનશે સરળ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર-કુવાડવા મતવિસ્તારના પરાપીપળીયા ગામે રાજકોટ-જામનગર હાઈવે પર LC-130 નજીક પરાપીપળીયા-ખંઢેરી વચ્ચે રૂપિયા ૪૩.૯૭ કરોડના ખર્ચે રેલવે ઓવર બ્રિજના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણીના વરદહસ્તે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઈ ઢોલરીયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ભરતભાઈ ડાભી, જિલ્લા પંચાયત સભ્ય રાજાભાઈ ચાવડા, વિક્રમભાઈ હુંબલ, વીપુલભાઈ બસીયા, ગણેશભાઈ ગોહેલ, જીગ્નેશભાઈ ગોહેલ સહિત અગ્રણીઓ, સરપંચો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલવે ઓવરબ્રિજના નિર્માણથી વિસ્તારના લોકોને ટ્રાફિક સમસ્યામાંથી રાહત મળશે અને એઈમ્સ હોસ્પિટલ જવું સરળ બનશે.

### પશ્ચિમી સંસ્કૃતિની ઘેલછાને બદલે ભારતીય સંસ્કૃતિના પ્રતિક રૂપે

# બગસરા: વેલેન્ટાઈન ડે નિમિતે શાળા નંબર-૪ માં કરાઈ માતૃ-પિતૃ વંદના

**અબતક, સમીર વિરાણી, બગસરા**



બગસરાના પછાત વિસ્તાર એવા જેતપુર રોડ ઉપર આવેલી શાળા નંબર ૪ માં દાતાના સહયોગથી વેલેન્ટાઈન ડે નિમિત્તે અલગ પ્રકારની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ સ્થિત શેઠ શ્રી ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ રિલિજિયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ તથા ગીરીશભાઈ પારેખ સહયોગથી શાળાના પટાંગણમાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં બાળકો દ્વારા પોતાના માતા-પિતાની વંદના કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ જ્યારે માતા પિતાની આરતી કરી ત્યારે અનેક આંખો ભીંજાઈ ગઈ હતી. અને શાળામાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી કાકડીયા, તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, મનોજભાઈ મહિડા, ધીરુભાઈ કોટડીયા, મુકેશભાઈ ગોંડલીયા, હિરેનભાઈ ચૌહાણ, હર્ષદભાઈ રાવળ, ટી.પી.ઈ.ઓ., કેળવણી નિરીક્ષક, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ પોલિસને ઉંઘતી રાખી એસએમસી ત્રાટકી

# બટેટાની બોરીઓની આડમાં છુપાવેલો રૂ.૩૩.૩૭ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

### જૂના માર્કેટીંગ યાર્ડમાં વિજીલન્સનો દરોડો : આગ્રાના મોનુ તૈલીએ ૪૦૦ બોરી બેટટાની નીચે ચોરખાનું બનાવી દારૂની ૮૨૫૭ બોટલ મોકલી'તી : રાજકોટના બુટલેગરને સપ્લાય થાય તે પહેલાં જ દરોડો



**અબતક, રાજકોટ**

રાજકોટ પોલીસને ઉંઘતી રાખી જુના માર્કેટિંગ યાર્ડમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને બટાકાની બોરીઓની આડમાં આવતો ૩૩.૩૭ લાખનો દારૂ ભરેલ ટ્રક પકડી ચાલક અને કલીનરની ધરપકડ સાથે કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આગ્રાના મોનુ તૈલીએ ૪૦૦ બોરી બટાકાની નીચે ગુપ્ત ખાનું બનાવી મોટા પ્રમાણમાં દારૂ મોકલ્યો હતો, જે રાજકોટના બુટલેગરને સપ્લાય થાય તે પહેલાં જ દરોડો પાડતાં રાજકોટ શહેર પોલીસમાં સોંપો પડી ગયો હતો.

દરોડાની વિગત મુજબ, સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે. ડી.રવીયા ટીમ સાથે રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે એએસઆઈ નરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર, વસીમભાઈ બુખારી સહિતના સ્ટાફને રાજકોટ આરટીઓની બાજુમા પોપટભાઈ સોરઠીયા જુના માર્કેટીંગ યાર્ડનામાં આવેલ લવલી આલુ ભંડાર નામની દુકાન આગળ ટ્રક .નં.આરજે-૧૭-જીએ-૪૫૧૩ માં બટાકાની બોરીઓ ક્વરીંગ તરીકે રાખી તેની આડમાં ગુપ્ત ખાના બનાવી તેમાં વિદેશી દારૂનો જથ્થો ભરી લાવનાર છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ જુના માર્કેટિંગ યાર્ડમાં અલગ અલગ જગ્યાએ વોચમાં હતા. ત્યારે બપોરના સમયે અશોક લેલેન ટ્રક નં.આરજે-૧૭-જીએ-૪૫૧૩ ની આવતા જે લવલી આલુ ભંડાર નામની દુકાનની બાજુમા દિવાલ પાસે આવી ઉભી રહેલ હતો.જેથી એસએમસીની ટીમ ટ્રક આગળ આવી ટ્રકમા સવાર ડ્રાઈવર સાથે કિલનરને અટકમાં લઈ તેઓના નામ પુછતા ડ્રાઈવર સીટ પર બેઠેલ શખ્સે પોતાનુ નામ અલીમુદ્દીન શ્રીલાલ તૈલી (સુન્ની) (રહે. તૈલી પાડા, ધનોલી, આગ્રા, ઉત્તરપ્રદેશ) તેની બાજુમા બેઠેલ શખ્સે પોતાનુ નામ સૈતાનસિંહ શ્રીકૈલાશજી નાઈ, (રહે. ગામ બકાલપુર, આગ્રા ઉત્તરપ્રદેશ) હોવાનુ જણાવેલ હતું.

બાદમાં પોલીસે ટ્રકની કેબિનમાં તપાસ કરતા ડ્રાઈવર સીટની પાછળ ચાર બોલ્ટ મારી પાટીપુ મારેલ હોય જે ડ્રાઈવર પાસે ખોલાવી જોતા તેમાં ૪૦૦ થી વધું બટાકાની બોરીઓમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે બાદ ટ્રક બી. ડિવિઝન પોલીસ મથકે લઈ જઈ ટ્રકમાં રહેલ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો ૮૨૫૭ રૂ.૩૩.૩૭ લાખ અને ટ્રક સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ કબ્જે કરી પકડાયેલ બંને શખ્સોની પૂછતાછ કરી હતી.

પકડાયેલ અલીમૂદીને જણાવ્યું હતું કે, તે છેલ્લા ૨૦ વર્ષથી ટ્રક ડ્રાઈવીંગ કરે છે, મોનુ મલુઆ તૈલી સબંધમાં કુટુંબી સાળો થાય છે. જેનુ ગામ ભોજપુર, આગ્રા, ઉ.પ્રદેશ છે. તે પણ ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. તેની પાસે ચાર ટ્રકો છે. કયારેક સાળાની ટ્રક ઉપર પણ ડ્રાઈવીંગ કરે છે. ગઈ તા.૧૨ ના સાળાએ આગ્રા, બીચપુરી ફાટક પાસે ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ ઉપર બોલાવેલ અને તેના ટ્રાન્સપોર્ટની ટ્રક નં. આરજે-૧૭-જીએ-૪૫૧૩ ની આપેલ અને સાથે બીજો ડ્રાઈવર-કમ કિલનર તરીકે સૈતાનસિહ નાઈનો આવશે તેમ જણાવી બન્નેને રસ્તામા ખર્ચા માટે ૪૦૦૦ રૂપિયા આપેલા અને જણાવેલ કે તેમાં ગુપ્ત ખાના બનાવી દારૂનો જથ્થો છુપાવેલ છે. તેમજ ટ્રકની કેબિનમા ડ્રાઈવર સીટની પાછળ પણ ગુપ્ત ખાનુ બનાવેલ છે. જેમા દારૂનો જથ્થો છુપાવેલ અને ઉપર બટાકાની બોરીઓ ભરેલ છે. રાજકોટ માર્કેટ યાર્ડમા બટાકાનો જથ્થો ખાલી કર્યા બાદ મોનુને ફોન કરવાનો અને મોનુ રાજકોટ શહેરમા જયાં કહે ત્યા જઈ ગુપ્ત ખાનામા છુપાવેલ દારૂનો જથ્થો આપવા જવાનુ હતુ, આ દારૂનો જથ્થો કોને આપવા નો હતો તે મોનુએ પહેલેથી જણાવેલ નથી. તેમજ ગુજરાતમા એક ફેરો મારવાના ૮૦૦૦ રૂપિયા આપવાનુ નક્કી કરેલ હતુ. હાલ એસએમસીની ટીમે બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. જે આગળની તપાસ થોરાળા પીઆઈ એન.જી.વાઘેલા અને ટીમે આદરી છે.

### ડ્રાયવર-ક્લિનરની ધરપકડ, શરાબ સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ જપ્ત : રાજકોટના બુટલેગરને પકડવા સ્થાનિક પોલીસે તજવીજ આદરી

## અંજાર: હોટેલના પાર્કિંગમાં ટ્રકમાંથી ૨ કરોડનો દારૂ જપ્ત

### એસએમસીએ દરોડો પાડી ચોખાની આડમાં છુપાવેલો શરાબનો જથ્થો કબજે કર્યો

અંજાર તાલુકાના વરસાણા ગામ નજીક હોટેલના પાર્કિંગમાં ટ્રકમાંથી એસ.એમ.સી.ની ટીમે દરોડો પાડી રૂા. ૨,૦૬,૭૨,૦૦૦નો અંગ્રેજી શરાબનો જથ્થો જપ્ત કર્યો હતો. એકેય આરોપી હાથમાં આવ્યા નહોતા. એસ.એમ.સી.ની આ કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસમાં ભારે દોડધામ થઈ પડી હતી.વધુ વિગત મુજબ ભચાઉ-ગાંધીધામવાળા ધોરીમાર્ગ ઉપર વરસાણા ગામ નજીક આશાપુરા હોટેલના પાર્કિંગમાં ટ્રકમાં દારૂ હોવાની મળેલી બાતમીના આધારે એસએમસીની ટીમે દરોડો પાડી હોટેલમાં આર.જે. ૧૭ જી.બી. ૧૪૭૭ નંબરનો ટ્રક અંગે હોટેલના સંચાલક મોહન ઉર્ફે મુન્ના ગોમારામ જાટ (ચૌધરી)ને પૂછતાં તા. ૧૪/૨ના સવારથી આ ટ્રક પાર્કિંગમાં પડી છે, કોઈ લેવા આવ્યું નથી તેવું જણાવ્યું હતું. બાદ ટ્રકની તાળપત્રી હટાવી તપાસ કરતાં શરૂઆતમાં ચોખાની બોરીઓ નજરે પડી હતી. આ બોરીઓ હટાવતાં તેની નીચે દારૂની પેટીઓ નજરે પડી હતી. ટ્રકમાંથી નાની-મોટી ૩૦,૦૪૫ બોટલ કિં. રૂા. ૨,૦૬,૭૨,૦૦૦નો શરાબનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સાથે આ વાહનમાંથી રેગ્યુલર ઈન્ડિયન વ્હાઈટ રાઈઝના ૪૪૦ કટ્ટા, બારગઢથી ગાંધીધામની બિલ્ટી, આર.સી. બૂક, ફિટનેસ સર્ટિ., પી.યુ.સી. વગેરે કાગળો જપ્ત કરવામાં આવ્યા હતા. હોટેલના પાર્કિંગમાં કે હોટેલમાં સી.સી. ટી.વી. કેમેરા છે કે નહીં

સવારે અહીં ટ્રક કોણ મૂકી ગયું હતું, આર.સી. બૂકમાં કોનું નામ છે ? તે સહિતની તેમજ દારૂ કોણે મંગાવ્યું હતું અને કોણે ક્યાંથી મોકલાવ્યું હતું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ મોકલનારા મૂળ બુટલેગરો સુધી પહોંચી ન શકે તે માટે તમામ બોટલો પરથી બેચ નંબર વગેરે લખાણ ચેકી નાખવામાં આવ્યા હતા. એસ.એમ.સી.ની આ કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસમાં કોની વિકેટ પડશે તેવો ગણગણાટ પોલીસ બેડામાં સંભળાવા લાગ્યો હતો.

### એસએમસી ટીમના સૌરાષ્ટ્રમાં ધામા : બોટાદ બાદ મોરબી, કચ્છ અને રાજકોટમાં દરોડાનો દોર, સ્થાનિક પોલિસની કામગીરી પર ઉઠતા સવાલ

## હળવદના અજાતગઢ ગામે સીડી પરથી પટકાતા યુવાનનું મોત

### સીડી ચડતી વખતે પગ લપસતા સર્જાયો કસ્માતઃ બનાવથી પરિવારમાં અરેરાટી

**અબતક,રાજકોટ**

હળવદ તાલુકાના અજાતગઢ ગામમાં કરૂણ ઘટના સામે આવી છે, જેમાં ૩૫ વર્ષીય યુવાનનું પોતાના ઘરે સીડી પરથી લપસી પડવાને કારણે મોત નીપજ્યું છે. આ અચાનક બનેલી ઘટનાથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, અજાતગઢ ગામમાં રહેતા વાસુદેવભાઈ ગગનભાઈ ઈટોદરા (ઉં.વ. ૩૫) ગઈકાલે બપોરના સમયે પોતાના ઘરે હતા. ઘરની સીડી ચડતી વખતે અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વાસુદેવભાઈને સારવાર અર્થે સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે,સારવાર દરમિયાન તેમની સ્થિતિ વધુ લથડતા તેમનું મોત નીપજ્યું છે. હોસ્પિટલના સૂત્રો દ્વારા ઘટના અંગેની જાણ પોલીસને કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક વાસુદેવભાઈ ત્રણ ભાઈ અને એક બહેનમાં સૌથી નાના હતા. તેઓ હજુ અપરિણીત હતા.

પરિવારના જણાવ્યા મુજબ, તેઓ છેલ્લા કેટલાક સમયથી કોઈ કામ-ધંધો કરતા ન હતા. ઘરના સૌથી નાના દીકરાના આકસ્મિક નિધનથી પરીવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## જેતપુરમાં મહિલા એડવોકેટને માર મારી પૂર્વ પતિએ ઓફિસમાં તોડફોડ કરી

### નશાની હાલતમા ઘસી આવેલા શખ્સે ભાડાના પૈસા માંગી ગાળો આપી કીબોર્ડ, લેપટોપ, નેમપ્લેટને તોડી ખુરશીના છુટા ઘા કર્યા : પોલીસે આરોપીને દબોચ્યો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં મહિલા એડવોકેટની ઓફિસમાં ઘુસી પૂર્વ પતિની ધમાલ, મારમારી તોડફોડ કરી ખુરશીના છુટા ઘા કરતાં પોલીસે આરોપીને દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે જેતપુરના નવાગઢમાં આવેલ દાસીજીવણપરામાં રહેતાં જયોતીબેન દીપકભાઈ મકવાણા (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે જેતપુર કોર્ટમા એડવોકેટ તરીકે પ્રેક્ટીશ કરે છે. ગઈ તા.૧૨/૧૨/૨૦૨૩ ના તેણીના કરણ અશોકભાઈ પરમાર (રહે.જેતપુર) સાથે પ્રેમલગ્ન થયેલ હોય અને લગ્ન જીવન દરમ્યાન ઘરસંસાર સારી રીતે ચાલેલ નહિ, જેથી ગઈ તા.૦૫ ના રોજ બન્નેએ બન્નેની સહમતી તથા પરીવારના સભ્યોની હાજરીમા નોટરાઈઝથી છુટાછેડા કરેલ હતા. તેમ છતા આ કરણ પરમાર ગઈ તા.૧૨ ના સાંજના સાડા પાચેક વાગ્યે તેણી જેતપુર તીનબતી ચોક પાસે આવેલ મારૂતી કોમ્પલેક્ષમા આવેલ તેમની ઓફીસ નંબર-૦૨ મા કામ કરતી હતી ત્યારે તે નશાની હાલતમા આવેલ અને કહેવા લાગેલ કે, મને ભાડાના પૈસા આપ.

જેથી તેણીએ તેને કહેલ કે, મારી પાસે પૈસા નથી, તો તે ત્યાથી જતો રહેલ. બે થી પાંચ મીનીટ પછી આ કરણ ફરી વાર ઓફીસે આવેલ અને ગાળો આપી માર મારેલ અને ઓફીસના ટેબલ પર રહેલ કીબોર્ડ,લેપટોપ તથા ટેબલ પર રહેલ નેમપ્લેટને તોડફોડ કરેલ. તથા સાઈડમા પડેલ ખુરશી ઉપાડી મારવા માટે ઘા કરતા તેણી ઓફીસના પાછળના દરવાજેથી નીકળી ગયેલ અને આ ખુરશી પાછળની દીવાલ સાથે ભટકાતા ખુરશી તુટી ગયેલ હતી.

બાદ રાડારાડી થતા બાજુમા રહેલ સીનીયર એડવોકેટ ભાવેશભાઈ ત્રીવેદી આવેલ અને તેણે બચાવ કરવા માટે કરણને ઓફીસમાંથી બહાર નીકળવાનુ કહેતા કરણે તેને કહેલ કે, આ મારી ઘરવાળી છે, હુ તેને મારીશ. બાદ કરણને ઓફીસની બહાર કાઢેલ અને આ કરણ બહાર નીકળી ગલીમા પણ ગાળો બોલ તો હતો. બાદ ૧૧૨ ને જાણ કરતાં થોડીવારમાં પોલીસ પણ આવી જતા આ કરણને ગાડીમા બેસાડી પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલ હતા. જેથી આરોપીએ ઓફીસ ખાતે આવી મારી ઓફીસનો સામાનની તોડફોડ કરી રૂ. ૩૫ હજારનુ નુકશાની કરેલ અને તેણીને ગાળો આપી માર મારતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોમટાથી લાપતા બનેલી બે બાળકીઓને શોધી લેતી ગોંડલ તાલુકા પોલીસ

### ઘરકામ બાબતે ઠપકો આપતાં બાળકીઓ રાજકોટથી ઓખા ટ્રેનમાં જતી હોવાનું સીસીટીવી ફૂટેજમાં જોવા મળતા પોલીસે બન્ને બાળકીને દ્વારકા રેલવે સ્ટેશનથી ગણતરીની કલાકોમાં શોધી પરિવારને સોંપી

**અબતક, રાજકોટ**

ગોમટા ગામે ચાર અને બાર વર્ષની બે કૌટુંબિક બહેનો ઘરેથી નીકળી ગઈ હોય જેની જાણ ગોંડલ સિટી પોલીસને થતા અલગ અલગ ટીમ બનાવી સીસીટીવી ફૂટેજ ચેક કરતા બન્ને બાળકી વીરપુરથી રાજકોટ અને રાજકોટથી ઓખા ટ્રેનમાં જોવા મળી હતી.પોલીસે બન્ને બાળકીને દ્વારકા રેલવે સ્ટેશનથી શોધી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું. ૧૨ વર્ષની તરૂણીને માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા તે કૌટંબિક બહેનને લઇ ઘરેથી નીકળી ગઇ હતી.

ગોમટા ગામે ચાર અને બાર વર્ષની બે બાળકી ઘરેથી નીકળી ગઈ હોય જેની જાણ પોલીસને કરવામાં આવતા રાજકોટ રેન્જના આજી અશોક કુમાર,એસપી વિજયસિંહ ગુર્જરે આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગુમ થનાર બાળકીઓને શોધી કાઢવા માટે જરૂરી સુચના આપેલ હતી.જે અંતર્ગત ગોંડલ ડીવાએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા સર્વેલન્સ સ્ટાફ તથા એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમે ગોમટા ગામે જઈ ગુમ થનાર બાળકીઓના માતા પિતાને મળી બનાવની જરૂરી વિગતો એકઠી કરી અલગ અલગ ટીમો બનાવી ગુમ થનાર બાળકીઓને શોધી કાઢવા માટે ગોમટા ગામ તેમજ આજુ બાજુના વિસ્તારના ગેસ્ટ હાઉસ,ધર્મશાળામાં તપાસ કરતા ત્યાંથી પણ બન્ને બાળકી વિશે કોઈ માહિતી મળી ન હતી.આથી હોટલ ધાબા, પેટ્રોલ પંપો, નેશનલ હાઈવેના સીસીટીવી કેમેરાના ફુટેઝ ચેક કરતા ગુમ થનાર બંને બાળકીઓ ગોમટા ગામથી વિરપુર રેલ્વે સ્ટેશન સુધી ચાલીને જતી જોવા મળી હતી. બાદ વિરપુર રેલ્વે સ્ટેશન ખાતે તપાસ કરતા વિરપુરથી રાજકોટ જતી ટ્રેનમાં ગયેલ હોવાનું જાણવા મળતા રાજકોટ રેલવે સ્ટેશનમાં તપાસ કરવામાં આવતા રાજકોટથી ઓખા ટ્રેનમાં જતી હોવાનું જાણવા મળતા અલગ અલગ ટીમોને જામનગર, જુનાગઢ, દ્વારકા તથા ઓખા ખાતે મોકલવામાં આવી હતી. ગુમ થનાર બાળકીઓને શોધી કાઢવા માટે હયુમન તથા ટેકનીકલ સોર્સીસ મારફતે રેલ્વે પોલીસ સ્ટાફની મદદ મેળવી ગુમ થનાર બંને બાળકીઓને દ્વારકા રેલ્વે સ્ટેશન ખાતેથી શોધી કાઢવામાં આવી હતી.ગોંડલ સિટી પોલીસે બન્ને બાળકીને તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવી મનાવતા અને ફરજનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ કામગીરીમાં એલસીબી શાખાના પી.આઇ. વી.વી.ઓડેદરા, એસ.ઓ.જી. શાખાના પી.આઈ. એફ.એ. પારઘી, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. ડોડીયા, રાજકોટ, જામનગર, દ્વારકા, રેલવે પ્રેટેકશન ફોર્સ સ્ટાફના અધિકારી અને કર્મચારીઓ સાથે રહ્યા હતા.

## કાલાવાડમાં જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

**અબતક રાજુ રામોલિયા કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ ગામે આવેલા વેલનાથ ચોકમાં જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી કાલાવડ પોલીસને ટીમને મળી હતી. બાતમીના પગલે દરોડો પાડી જુગાર રમતો રાજેશ છોટુલાલ ધારે વાડીયા, સફિમિયા સત્તરભાઈ કાજી ,હર્ષદ મનસુખભાઈ ભટ્ટ ,શૈલેષ જયંતીભાઈ વરાણીયા અને હરેશ ભુપતભાઈ બારીયા નામના શખ્સોને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૧૨.૨૫૦ની રોકડ કબ્જે કરી છે. દરોડાની કામગીરી કાલાવડ પી.આઈ એ એ ખોખર, એ.એસ.આઇ વી ડી ઝાપડિયા, હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ પાગડાર અને રણજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે બજાવી છે.

## ગાંધીધામ: ''જયશ્રી ક્રિષ્ના હોટલ''માંથી પોષડોડવા સાથે સંચાલક સહિત બે ઝડપાયા

### એસ.ઓ.જી.એ દરોડો પાડી રૂ.૩૨૮૯૫નો મુદ્દામાલ કબ્જે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એસઓજી પોલીસની ટીમે બાતમીના આધારે ગાંધીધામ-ભચાઉ નેશનલ હાઈવે પર મીઠીરોહર પાસે આવેલી 'જય શ્રી ક્રિષ્ના હોટલ'માં દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન હોટલ સંચાલકો પાસેથી ૧.૧૯૩ કિલોગ્રામ પ્રતિબંધિત માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે રાજસ્થાનના બાડમેરના વતની બાલારામ ભુરારામ ચૌધરી અને ચીમારામ નારણારામ ચૌધરીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી બાલારામ ચૌધરી અગાઉ પણ એનડીપીએસના ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલીસે જણાવ્યું છે.પોલીસે માદક પદાર્થ, મોબાઈલ અને અન્ય દસ્તાવેજો



મળી કુલ રૂ.૩૨,૮૯૫નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસને સોંપ્યા છે.

## રાજકોટના લોટરી બજારનો બનાવ

# ફૂટના વેપારીને બેફામ માર મારી હત્યાની કોશિશ કરનાર હિસ્ટ્રીશીટર ઈભલો ઝડપાયો

### મફતમાં ફૂટ અને રૂ. ૧૫ હજાર માંગી કુખ્યાત શખ્સોની ટોળકીએ ધોકા-પાઈપ, છરી વડે હુમલો કર્યો'તો

### એ ડિવિઝન પોલિસે ૫૧ ગુનામાં સંડોવાયેલ અને સાત વાર પાસા કાપી ચૂકેલા ઈભલાને દબોચ્યો : વધુ બેની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના લોટરી બજાર ખાતે ફૂટના વેપારી પાસેથી પૈસા માંગી દાદાગીરી કરનાર કુખ્યાત ઈભલા આણી ટોળકીએ વેપારીને બેફામ માર મારી છરીનો ઘા ઝીંકી હત્યાની કોશિશ કરનાર કુખ્યાત ઈભલાને ઝડપી લેવામાં આવ્યો છે. જયારે બે શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો બજરંગવાડી શેરી નં.-૭ માં રહેતા અને લોટરી બજારમાં એમ.કે.એસ. નામે ફૂટની દુકાન ધરાવતા ૩૫ વર્ષીય ફૂટના વેપારી શબીરભાઈ રફીકભાઈ શેખએ આરોપી તરીકે કુખ્યાત ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો, ફિરોઝ ઉર્ફે ફિરીયો અને તૌસીફનું નામ આપતાં જણાવ્યું હતુ કે, મોરબી રોડ ખાતે રહેતો ઈભલો ખાટકી તથા તેનો ભાઈ ફિરીયો ઉર્ફે ફિરોજ અને તૌસિફ અવાર નવાર મારી દુકાનેથી ફૂટ લઈ જતો હોય પણ પૈસા આપતો ન હતો. ગઈ તા. ૧૩/૦૨/૨૦૨૬ ના રાત્રિના આશરે નવેક વાગ્યે હું તથા મારો કર્મચારી રાહુલ મારી દુકાને હાજર હતા. દરમિયાન ઈભલો તથા તોસિફ મારી દુકાને આવેલ અને ઈભલાએ મને કહેલ કે, પંદર હજાર રૂપીયા કયારે આપવાના છે? તો મે હાલ મારી પાસે રૂપિયા નથી તેવુ કહેતા ઈભલાએ ઉશ્કેરાઈ જઈ રૂપિયા આપી દે નહીતર તને મારવો પડશે કહી ગાળો આપી તને બોવ પાવર આવી ગયો લાગે છે, આજે તારો બધો પાવર ઉતારી દવ તુ અહીયા જ રહેજે, આજે તને જાનથી મારી નાખવાનો છે તેવી ધમકી આપી બંને ચાલ્યા ગયેલ હતા.

થોડીવાર બાદ ઈભલો લાકડાનો ધોકો, તૌસીફ લોખંડનો પાઈપ લઇ અને ફિરીયો એમ ત્રણેય ધસી આવેલ હતા. બાદ ફિરીયાએ મારા વાળ પકડી મને દુકાન બહાર કાઢી પકડી રાખેલ હતો. જયારે ઈભલા અને તૌસીફે આડેધડ માર માર્યો હતો. દરમિયાન મારો કર્મચારી રાહુલ મને છોડાવવા વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. બાદ ઈભલાએ આજે તને જીવતો રેવા દેવાનો નથી થતો તેમ કહી પોતાની કમરના ભાગે રાખેલ છરી કાઢી છરીના હાથાનો ભાગ મારા માથામા મારી દીધેલ હતો. બાદ છરી મારા ગળાના ભાગે મારવા જતા મે હાથ વચ્ચે લાવી દેતા છરી મને ડાબી આંખના નેણથી ઉપર કપાળના ભાગે વાગી જતા હું લોહી લુહાણ થઈ ગયેલ હતા. જે બાદ ત્રણેય નાસી ગયેલ હતા. બીજી બાજુ વેપારીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયા વેપારીને નાકના ભાગે ફ્રેક્ચર તેમજ માથામાં હેમરેજ સહીતની ઈજાઓ થયાનું તબીબે જાહેર કર્યું હતી. બનાવને પગલે એ ડિવિઝન પોલિસે હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ એમ રાણાની ટીમના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા અને કનુભાઈ બસિયાએ બાતમીના આધારે ગંભીર પ્રકારના ૫૧ ગુનામાં સંડોવાયેલ અને સાત વાર પાસા કાપી ચૂકેલ કુખ્યાત ઈબ્રાહિમ ઉર્ફે ઈભલો કરીમભાઈ કાથરોટીયા(ઉવ ૪૨ રહે. જૂનો મોરબી રોડ, ગણેશનગર શેરી નં.-૧૦, રાજકોટ)ની ધરપકડ કરી હતી. જયારે તેનો ભાઈ ફિરોઝ ઉર્ફે ફિરીયો કાથરોટીયા અને તૌસીફની શોધખોળ શરૂ કરી હતી.

# કાનાલુસ ગામ નકલી નોટો સાથે બે રાજસ્થાની શખ્સો ઝડપાયા

## ૫૦૦ના દરના ૧૦૦ નોટ કબ્જે કરી: સલીમ કઠાતની શોધખોળ



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

મેઘપર પડાણા પોલીસે કાનાલુસ ગામ નજીક ખાનગી કંપનીના ગેટ પાસે પાર્કિંગમાંથી બે રાજસ્થાની શખ્સોને ૫૦૦ રૂપિયાની ૧૦૦ નકલી નોટો સાથે ઝડપી પાડ્યા છે.

પોલીસને બાતમી મળી હતી કે પડાણા પાટિયાથી ચંગા પાટિયા તરફ જતા માર્ગ પર ખાનગી કંપનીના ગેટ પાસે પાર્કિંગમાં ઉભેલા ટ્રકમાં નકલી નોટોનો જથ્થો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. ટ્રકમાં સવાર ડ્રાઈવર હમીદ પપ્પુ કઠાત અને ક્લીનર અરમાન મોહમ્મદ ફઝલુ રહેમાન (બંને રહે. રાજસ્થાન) પાસેથી આ નકલી નોટો મળી આવી હતી.

એફએસએલની ટીમે તપાસ કરતા આ નોટો નકલી હોવાનું પુષ્ટિ થઈ હતી. આરોપીઓની પૂછપરછમાં તેમણે કબૂલ્યું કે તેમની સાથે જી.એન. લોજીસ્ટીક કંપનીમાં કામ કરતા સલીમભાઈ કઠાત (રહે. શેખાવાસ, રાજસ્થાન) એ તેમને આ નોટો લાવવા કહ્યું હતું.

આરોપીઓએ જણાવ્યું કે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો અને તેણે હમીદનું લોકેશન માંગ્યું હતું. લોકેશન મોકલતા, આ નંબરવાળો શખ્સ એક અજાણ્યા શખ્સ સાથે રાજકોટ નજીક હાઈવે રોડ પર આવ્યો હતો અને કાગળના પુઠામાં વીંટાળેલું નકલી નોટોનું બંડલ આપી ગયો હતો. આ નોટો સલીમભાઈ કઠાતને પહોંચાડવાની હતી.

આ કેસમાં અન્ય ત્રણ શખ્સોની સંડોવણી પણ સામે આવી છે, જેઓ હાલ ફરાર છે. મેઘપર પડાણા પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રોલમાં જમવા બાબતે થયેલી બોલાચાલીમાં પત્નીએ ઝેર ગટગટાવ્યું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

ધ્રોલમાં જમવાનું બનાવવા બાબતે બોલાચાલી થતા લાગી આવવાથી પરપ્રાંતીય યુવતિએ ઝેર પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી છે.

મુળ એમપીના અને હાલ ધ્રોલના પીપરોડા ગામે રાજેશભાઇની વાડીએ રહીને ખેતમજુરી કરતી સુરેખાબેન મનિષભાઈ અજનાર (ઉ.વ.૩૦)એ બપોરે વાડીએ હતા ત્યારે ઝેરી દવા પી લેતા સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી, બનાવ અંગે હોસ્પીટલ ચોકીના સ્ટાફે ધ્રોલ પોલીસને જાણ કરી હતી, પતિ સાથે જમવાનું બનાવવા બાબતે ચડભડ થતા આ બાબતનું લાગી આવવાથી દવા પીધી હોવાનું જાણવા મળ્યું છે.

# નશીલા પદાર્થના ગુનામાં ફરાર શખ્સ પંજાબથી ઝડપાયો

**અબતક સાગર સંઘાણી જામનગર**

જામનગરના મેઘપર (પડાણા) પોલીસ મથકમાં ગત ૭/૨/૨૬ના રોજ પંજાબમાં રહેતો વિશાલસીંઘ જયવિંદર સીંઘ ઉર્ફે જસવિર સીંઘ નામના શખ્સ વિરુદ્ધ એન ડી પી એસ ના ગુન્હામાં ઝડપાયેલા શખ્સની રિમાન્ડ દરમિયાન મેઘપર પોલીસ કસ્ટડીમાં પોલીસની નજર ચૂકવી નાસી ગયો હતો. જેને લઈને જામનગર જિલ્લા એલસીબી, એસઓજી, પંચકોશી બી ડિવિઝન પોલીસની ટીમ આરોપીને શોધવા અલગ અલગ ટીમો બનાવી નાસી ચૂંટેલા શખ્સની હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સનાં માધ્યમથી શોધ ખોળ વાળું હતી દરમિયાન બાતમી મરી હતી કે, નાસી ગયેલો વિશાલસિંઘ મટુ

હાલમાં તેના વતન પંજાબમાં છે. જેને લઈને જામનગર પોલીસની ટીમ પંજાબ પહોંચી વિશાલ સિંઘની ધરપકડ કરી જરૂરી કાર્ય વહી હાથ ધરી છે.

આ દરોડાની કામગીરી જામનગર એલસીબી પીઆઈ વી એમ લગારીયા, એસ ઓ જી પી આઈ બી એન ચૌધરી, પંચકોષી બી ડિવિઝન પી.આઈ વી જે રાઠોડ, એસ ઓ જી પી આઈ એ વી ખેર,

સ્ટાફના લાખણસિંહ જાડેજા ,જયેશભાઈ પઢેરીયા અને જયદીપસિંહ જાડેજા સહિતના સ્ટાફે બજાવી છે.

# ફલ્લા નજીક રિક્ષામાં થતી દારૂની હેરાફેરી ઝડપાઈ

## ૧૪૪ બોટલ દારૂ, વાહન મળી રૂા.૩.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે: શાપરનો શખ્સ પકડાયો



**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના ફલ્લા નજીક રીક્ષામાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પોલીસે દારૂની ૧૪૪ બોટલ સાથે રીક્ષા ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર પંથકના ફલ્લા નજીક પસાર થતી રીક્ષામાંથી સ્થાનિક પોલીસે તલાસી દરમિયાન ઈંગ્લિશ દારૂની બાટલીના જથ્થા સાથે ચાલકની ધરપકડ કરી હતી અને સ્થળપરથી રૂપિયા પોણા ચાર લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી. જામનગર-રાજકોટ હાઈવે ઉપર આવેલા ફલ્લા ગામ પાસેથી એક રીક્ષા પસાર થતી હોય આ વેળાએ બાતમીના આધારે પંચકોષી એ ડિવિઝન પોલીસે રીક્ષા ચાલક અને હાલ કોટડાસાંગાણી તાલુકાના શાપરગામે રહેતા મનીષ યોગેશભાઈ મીનામા નામના શખ્સને રોકી તલાસી લેતા તેમાંથી ઈંગ્લિશ દારૂની રૂપિયા ૭૨ હજારની કિંમતની ૧૪૪ બાટલી મળી આવતા ઈંગ્લિશ દારૂ અને રીક્ષા તેમજ મોબાઈલ ફોન સહિત રૂપિયા ૩.૭૭ લાખના મુદામાલ સાથે ધરપકડ કરી તેની સામે દારૂબંધી ધારા હેઠળ અપરાધ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આદીપુર: ઠગાઇના ગુનામાં વોન્ટેડ શખ્સ મહારાષ્ટ્રથી ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વરિષ્ઠ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ આદિપુર પીઆઇ એમ.સી.વાળાની જરૂરી સુચના અને માર્ગદર્શન હેઠળ આદિપુર પોલીસ સ્ટેશનના છેતરપીંડીના ગુનામાં છેલ્લા સાતેક માસથી નાસતા ફરતાં આરોપી જગદીશ હરીલાલ બારમેડા બાબતે હ્યુમન સોર્સીસ તથા ટેક્નીકલ સર્વેલન્સ આધારે માહિતી મેળવી પોલીસ ટીમને મહારાષ્ટ્ર રાજ્ય ખાતે મોકલી આપી, છેલ્લા સાતેક માસથી નાસતા ફરતાં છેતરપીંડીના ગુનાના આરોપી જગદીશ હરીલાલ બારમેડાને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લોધિકાના પારડી ગામે રેલવે લોકો પાયલોટની પત્નીનો આપઘાત

## પરિણીતાએ માનસિક બીમારીથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું

**અબતક ,રાજકોટ**

લોધિકા તાલુકાના પારડી ગામમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતાએ માનસિક બીમારીને કારણે ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. અઢી વર્ષના માસૂમ બાળકની માતા અને રેલવેમાં લોકો પાયલોટ તરીકે ફરજ બજાવતા યુવકની પત્નીના આ પગલાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ બિહારના વતની અને હાલ લોધિકાના પારડી ગામે હનુમાન મંદિર પાસે રહેતા પ્રિયાબેન મોન્ટુભાઈ સિંગ (ઉં.વ. ૨૬) ગઈકાલે બપોરે પોતાના ઘરે હતા ત્યારે આ ઘટના બની હતી. પ્રિયાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ બીમારીના લીધે તેમણે ગઈકાલે બપોરે ઘરના ઉપરના રૂમમાં એકલા હતા ત્યારે ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હતા. જે સમયે પ્રિયાબેને આ પગલું ભર્યું ત્યારે તેમના સાસુ-સસરા ઘરના નીચેના રૂમમાં હતા. થોડીવાર બાદ જ્યારે તેઓ ઉપરના રૂમમાં ગયા ત્યારે પ્રિયાબેન બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત નીપજ્યું હતું.

મૃતક પ્રિયાબેનના પતિ મોન્ટુભાઈ રેલવેમાં લોકો પાયલોટ (ટ્રેન ડ્રાઈવર) તરીકે ફરજ બજાવે છે. તેઓ પરિવારમાં સાસુ, સસરા, પતિ અને અઢી વર્ષના પુત્ર સાથે રહેતા હતા. સુખી પરિવારમાં અચાનક બનેલી આ ઘટનાથી પાંચ સભ્યોના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક કાગળો કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રા નજીક 'પેલેસ ધી હોટલ'ના સંચાલક વિરૂધ્ધ જાહેરનામા ભંગ બદલી કાર્યવાહી




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા કલ્પના ચોકડી નજીક પેલેસ ધી હોટલના ગેસ્ટ હાઉસના સંચાલક બ્રિજરાજસિંહ નવનીતસિંહ ઝાલા દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનું પાલન ન કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જાહેરનામા મુજબ ગેસ્ટ હાઉસ સંચાલકો માટે આવતા-જતા ગ્રાહકોની વિગતો પથિક સોફ્ટવેર અંતર્ગત ઓનલાઈન નોંધવી ફરજિયાત છે. પરંતુ તા.૨૨/૧૨/૨૦૨૫થી આજદિન સુધી ગેસ્ટ હાઉસમાં રોકાયેલા મહેમાનોની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવી ન હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. આ મામલે ધ્રાંગધ્રા તાલુકા પોલીસે સંચાલક વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુનો નોંધ્યો છે વધુમાં, ગેસ્ટ હાઉસના જ પ્રવેશદ્વારથી પેરિસ સ્પા એન્ડ વેલનેસ નામે અન્ય પ્રવૃત્તિ પણ સંચાલિત થતી હોવાની માહિતી સામે આવી છે, જેને લઈ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે હાલ પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મેઘપર બોરીચી ગામે જય અંબે પાન પાર્લરમાંથી પ્રતિબંધિત પદાર્થ કબ્જે કર્યા



**અબતક, ભારખી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન જેવા પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ જાહેરનામાના અમલીકરણ માટે અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહીલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન મેઘપર બોરીચીના મંગલેશ્વરનગરમાં આવેલા 'જય અંબે પાન પાર્લર' પર દરોડો પાડી નરેશ કુંદનમલ બાલવાણીને પ્રતિબંધિત વસ્તુઓ સાથે ઝડપી પાડયો હતો.

પોલીસે સ્થળ પરથી ગોગો રોલિંગ પેપર નંગ-૪૮ અને કોન નંગ-૧૩ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ઈગજ કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનનું ચાલું)

### બજેટ સત્રનો આરંભ...

તોતીંગ બહુમતી સાથે ચૂંટાઈ આવ્યા હતા. વિધાનસભાના બજેટ સત્રમાં ખેતી, સુરક્ષા અને રોજગાર પર ભારે મૂકવામાં આવશે. આગામી બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૫-૨૭નું અંદાજ પત્ર રજૂ કરશે.ગુજરાત વિધાનસભામાં આજે બપોરે ૧૨ કલાકે રાજ્યપાલના સંબોધન સાથે બજેટ સત્ર શરૂ થયું છે. જઈ રહ્યું છે. આગામી ૨૫ માર્ચે સત્ર સમાપ્ત થશે .૩૮ દિવસ સુધી ચાલનારા બજેટ સત્રમાં રાજ્ય સરકાર વિકાસનો રોડમેપ રજૂ કરશે.

બીજી તરફ વિપક્ષ વિવિધ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે.આજે કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે વિશાળ સભાનુ આયોજન કરવામાં આવ્યું છે. ત્યાર બાદ વિધાનસભા તરફ કૂચ કરશે. આ સત્ર દરમિયાન યુજીસી,ગુજસીટોકમાં સુધારા સહિત અન્ય મહત્ત્વના વિધેયક પસાર કરાશે. ૩૮ દિવસમાં સત્રમાં ૨૩ દિવસ સુધી ગૃહમાં કામકાજ ચાલશે. આ સત્રમાં ૨૬ બેઠક મળશે.ગુજરાત વિધાનસભાનું સત્ર હંગામેદાર રહેવાની સંભાવના છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ખેડૂતોના પ્રશ્નો, કાયદો વ્યવસ્થા, મોંઘવારી સહિતના પ્રશ્નો ગૃહમાં ઉઠાવી શકે છે. બીજી તરફ મંગળવારે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે જેમાં વિપક્ષ સામે સરકારનો મજબૂતી સાથે પક્ષ રજૂ કરવા માર્ગદર્શન અપાશે. આક્રમકતા સાથે વિપક્ષનો સામનો કરવા રણનીતિ ઘડાશે.ગુજરાત દુકાન અને સંસ્થા(રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વટહુમક સંદર્ભે નિવેદન ગૃહ સમક્ષ આપશે. નાણાંકીય નિગમ, મહિલા આયોગ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ સહિત વિવિધ વિભાગોનું અહેવાલ ગૃહમાં રજૂ થશે. અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભા મેજ પર મુકવામા આવ્યા છે.

### મોદીની સૂર્ય શક્તિ...

બીજી તરફ, રાજ્ય સરકાર સંચાલિત વીજ વિતરણ કંપનીઓ પણ આ યોજનાને પૂરતો સહયોગ આપી રહી નથી. આ કંપનીઓને ડર છે કે જો વધુને વધુ ગ્રાહકો પોતાની વીજળી જાતે ઉત્પન્ન કરતા થઈ જશે, તો વીજ કંપનીઓની આવકમાં મોટો ઘટાડો થશે. ખાસ કરીને એવા ગ્રાહકો જે વધુ વીજળી વાપરે છે અને ઊંચા બિલ ભરે છે, તેઓ સોલાર તરફ વળે તો ડિસ્કોમને મોટું નુકસાન જઈ શકે છે. આ કારણે ઘણી જગ્યાએ નેટ મીટરિંગની મંજૂરી આપવામાં અને ગ્રીડ સાથે જોડાણમાં બિનજરૂરી વિલંબ કરવામાં આવી રહ્યો છે.

સરકારી આંકડા મુજબ, આ યોજના માટે અત્યાર સુધીમાં ૧.૪૮ કરોડથી વધુ રજીસ્ટ્રેશન થયા છે, પરંતુ વાસ્તવિક ઈન્સ્ટોલેશનની સંખ્યા ખૂબ ઓછી છે. ગ્રાહકો તૈયાર છે, વેન્ડરો પાસે સોલાર મોડ્યુલનો સ્ટોક પડ્યો છે, પરંતુ લોન અને ટેકનિકલ મંજૂરીઓના અભાવે કામ અટકી પડ્યા છે. સોલાર ઈક્વિપમેન્ટ સપ્લાયર્સ પાસે હાલમાં મોટા પ્રમાણમાં ઈન્વેન્ટરી જમા થઈ ગઈ છે, જેના કારણે ઈન્ડસ્ટ્રી પર દબાણ વધ્યું છે.

કેન્દ્ર સરકાર માટે આ યોજના માત્ર ઊર્જા બચત જ નહીં, પરંતુ રોજગારી સર્જન અને પર્યાવરણ સુરક્ષા માટે પણ મહત્વની છે. જોકે, હાલની સ્થિતિ જોતા લાગે છે કે જ્યાં સુધી બેંકોને લોન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં નહીં આવે અને વીજ કંપનીઓના વલણમાં ફેરફાર નહીં થાય, ત્યાં સુધી ૧ કરોડ ઘરોનો લક્ષ્યાંક પૂરો કરવામાં સમય લાગી શકે છે.

### ભારતે ઈતિહાસ રચ્યો...

આ માંગને સંતોષવા અને ગ્રીડની સ્થિરતા જાળવવા માટે સરકારે પરંપરાગત (થર્મલ) અને રિન્યુએબલ એનર્જી બંને પર ભાર મૂક્યો છે. આ નવી જંગી ક્ષમતા ઉમેરાવાથી આગામી ઉનાળામાં પીક ડિમાન્ડ સમયે વીજ પુરવઠો જાળવી રાખવામાં મોટી રાહત મળશે અને પાવર કટની સમસ્યા ઘટાડવામાં મદદ મળશે.

### એઆઈ...

મૂલ્યાંકન બાદ ૭૦ શ્રેષ્ઠ ટીમોની પસંદગી કરવામાં આવી છે, જેઓ હાલ દિલ્હીમાં યોજાયેલી સમિટમાં પોતાના ઈનોવેશન્સ રજૂ કરી રહ્યા છે.

આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલા એઆઈ મોડલ્સ સામાન્ય માનવીના જીવનની પાયાની સમસ્યાઓ પર કેન્દ્રિત છે. ખાસ કરીને 'યુવા-એઆઈ' કેટેગરીમાં ૧૩ થી ૨૧ વર્ષના યુવાનોએ અદભૂત કૌશલ્ય દાખવ્યું છે. જેમાં દ્રષ્ટિહીન લોકો માટે એવી 'આસિસ્ટિવ ટેક્નોલોજી' વિકસાવવામાં આવી છે, જે એઆઈની મદદથી તેમને રસ્તો બતાવવા અને આસપાસની વસ્તુઓ ઓળખવામાં મદદરૂપ થશે. તેવી જ રીતે, મેલેરિયા જેવી બીમારીનું વહેલું નિદાન કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં ટેલિમેડિસિન સેવા પહોંચાડવા માટેના સચોટ મોડલ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આજકાલ સોશિયલ મીડિયામાં માથાના દુખાવા સમાન બનેલા ડીપફેક અને ફેક વીડિયોને ત્વરિત પકડી પાડવા માટેના ટૂલ્સ પણ અહીં રજૂ કરાયા છે.

મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપતી 'એઆઈ બાય હર' ચેલેન્જમાં પણ ૫૦ દેશોની મહિલાઓએ કેન્સર સ્ક્રીનિંગ, ન્યુટ્રિશન અને નાણાકીય સમાવેશ જેવા ક્ષેત્રોમાં એઆઈનો ઉપયોગ કરીને ચોંકાવનારા પરિણામો આપ્યા છે. જ્યારે 'એઆઈ ફોર ઓલ' શ્રેણીમાં ખેતી અને પર્યાવરણને લગતી સમસ્યાઓ જેવી કે સોઈલ હેલ્થ એનાલિસિસ અને ક્લાયમેટ રિસ્ક એસેસમેન્ટ પર ભાર મૂકવામાં આવ્યો છે. આગામી પાંચ દિવસ સુધી ચાલનારા આ મંથન દરમિયાન શોર્ટલિસ્ટ થયેલી ટીમો પોલિસી મેકર્સ અને મોટા રોકાણકારો સમક્ષ પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કરશે. વિજેતાઓને તેમના વિચારોને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અમલી બનાવવા માટે સરકાર દ્વારા જરૂરી સહાય અને પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે, જેનાથી ભારતની એઆઈ શક્તિનો ડંકો સમગ્ર વિશ્વમાં વાગશે.

### નરેન્દ્ર મોદી...

ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે, તે જ રીતે હવે એઆઈ અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પણ ક્રાંતિ લાવવા તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું કે, ''અમે ઈચ્છીએ છીએ કે વિશ્વભરનો ડેટા ભારતમાં સુરક્ષિત રહે, કારણ કે ડેટા સેન્ટર્સ આપણા યુવાનો માટે રોજગારીના લાખો નવા અવસરો પેદા કરશે.''

### સ્ટીલ...

ભારત પાસે અત્યારે પૂરતો ભંગાર ઉપલબ્ધ નથી અને વિદેશોએ ભંગારની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું શરૂ કર્યું છે.જૂના ભંગારમાંથી સ્ટીલ બનાવવાથી પ્રદૂષણ ૭૦-૭૫% ઓછું થાય છે અને ઉર્જાની મોટી બચત થાય છે. અમેરિકા અને યુરોપ જેવા દેશો હવે પોતાનો ભંગાર બીજા દેશોને આપવા તૈયાર નથી, કારણ કે તેઓ પણ ગ્રીન સ્ટીલ તરફ વળી રહ્યા છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવું ૨૦-૨૫% સસ્તું પડે છે. ભારત સરકાર ટૂંક સમયમાં નવી 'સ્ટીલ સ્ક્રેપ રિસાયકલિંગ પોલિસી' લાવવા જઈ રહી છે, જે ઉદ્યોગો માટે ખૂબ મહત્વની છે.

ટાટા સ્ટીલ અને JSW સ્ટીલ જેવી મોટી કંપનીઓ હવે પોતાના જ રિસાયકલિંગ પ્લાન્ટ (જેમ કે રોહતક અને લુધિયાણામાં) નાખી રહી છે જેથી તેઓને ભંગાર માટે બીજા પર નિર્ભર ન રહેવું પડે. ભારત જો સ્ટીલ ક્ષેત્રે સુપરપાવર બનવા માંગતું હોય, તો તેણે કચરા (ભંગાર) માંથી કંચન બનાવવાની કળા અને વ્યવસ્થાને ઝડપથી મજબૂત કરવી પડશે.ભારત ૨૦૩૦ સુધીમાં ૩૦૦ મિલિયન ટન અને ૨૦૪૭ સુધીમાં ૫૦૦ મિલિયન ટન સ્ટીલ બનાવવાનું લક્ષ્ય રાખે છે. અત્યારે ભારતમાં માથાદીઠ સ્ટીલ વપરાશ દુનિયાના સરેરાશ કરતા ઓછો છે, જે આવનારા સમયમાં ઝડપથી વધવાનો છે.

પર્યાવરણને અસર ન થાય તે રીતે ઝીરો કાર્બનની પ્રક્રિયામાં ચીમનીમાંથી ઝેરી ધુમાડાને બદલે માત્ર પાણીની વરાળ નીકળે છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવામાં નવી ખાણકામ પ્રક્રિયા કરતા ૫૬% ઓછી ઉર્જા વપરાય છે. જો ભારત ગ્રીન સ્ટીલ નહીં બનાવે, તો યુરોપ અને અમેરિકા જેવા દેશો ભારતનું સ્ટીલ ખરીદવા પર ભારે ટેક્સ નાખશે અથવા ખરીદવાનું બંધ કરી દેશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ''ખાલિસ્તાન''માં...

બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમાં આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્કવોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે. આ ધમકીભર્યા મેલમાં લખ્યું હતું કે, 'મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો' તેઓ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી શાળાઓ,સરકારી કચેરીઓ અને કોર્ટ બિલ્ડીંગને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ છાશવારે મળી રહી છે. જેના જડ સુધી હાજી પોલીસ કે સુરક્ષા એજન્સીઓ પહોંચી શકે નથી.

### કીર્તી પટેલ...

નથી મારી પાછળ પાછળ નહી ફરવાનું' દરમિયાન તેણી સુરક્ષા કર્મચારીઓને ચકમો આપી મૃગી કુંડમાં પહોંચી ગયા હતા. જયાં તેઓએ સાધુ સંતો સાથે સ્નાન કર્યુ હતું. સ્નાનનો વિડીયો વાયરલ થતા મહા શિવરાત્રીના મેળામાં મહા વિવાદ ફાટી નીકળ્યો છે. સાધુ - સંતોમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ કીતી પટેલ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. સાધુ-સંતો સાથે ચર્ચા કર્યા બાદ કીર્તી પટેલ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

અન્ય એક બીજી ઘટનામાં પોલીસ અધિકારી પીઆઇ વરિયાએ પણ મૃગી કુંડમાં ડુબકી લગાવી હોવાની ઘટના સામે આવી છે.

કીર્તી પટેલ અને પીઆઇ વરિયાએ પરંપરા તોડતા સનાતનીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાત્કાલક અસરથી આ બન્ને સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. જયાં સ્નાન માટે માત્ર સાધુ સંતોને મંજુરી આપવામાં આવે છે. તેવી પવિત્ર જગ્યા સુધી આ બન્ને કેવી રીતે પહોચ્યા અને તેઓને મૃગી કુંડમાં સ્નાન કરતા કોઈએ રોકયા પણ નહી આ તમામ પ્રશ્નો ભાવિકોના મનમાં ઉઠી રહ્યાં છે.

જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના ગઈકાલે અંતિમ દિવસે રાત્રિના સમયે નીકળેલી સાધુ, સંતોની રવાડીમાં કીર્તિ પટેલ જોડાઈ હતી. અને બાદમાં મૃગી કુંડ ખાતે શાહી સ્નાનમાં પણ કીર્તિ પટેલે સંતો સાથે ડૂબકી મારતા આ બાબતે વિવાદ સર્જાયો છે.

અનેક વિવાદોમાં ઘેરાયેલ અને ૨૦૨૫ માં એક મહિનો સુધી જેલમાં રહી ચૂકેલ કીર્તિ પટેલ ગઈકાલે ભવનાથના શિવરાત્રી મેળામાં રવાડી દરમિયાન પહોંચી હતી. અને સાધુ, સંતો સાથે રવાડીમાં જોડાઈ હતી. બાદમાં આ રવાડી ભાવનાથ મંદિર ખાતે પહોંચતા કીર્તિ પટેલ સાધુ, સંતો સાથે મૃગીકુંડ સુધી પહોંચી ગઈ હતી અને હર હર મહાદેવનો નાદ કરી સંતોની સાથે મૃગી કુંડમાં ડૂબકી પણ લગાવી હતી.

આ બાબતે સાધુ સંતોમાં નારાજગી પ્રસરી હતી અને કીર્તિ પટેલ સામે પગલા ભરાય તેવી માંગ ઉઠી હતી. જે અંગે મેળા અધિકારી અને જૂનાગઢના પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ બાબતે સાધુ સંતો સાથે ચર્ચા કરાશે અને જો અયોગ્ય હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### મંથન બેઠક...

નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડમાં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુમાં, રાજ્યના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહાર ક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને એનડીડીસી ના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનશે.

આ ઉપરાંત, પીએસીએસ અને આરસીએસ કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ અને તાલીમ તથા નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની યોજનાઓના અમલીકરણ અંગે રાજ્યોની અપેક્ષાઓ પર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

આ 'મંથન બેઠક' સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે ગાઢ સંકલન વધારશે, જેનાથી સહકારી સંસ્થાઓ પાયાના સ્તરે સમૃદ્ધિ, રોજગાર નિર્માણ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનશે.

### અમિત શાહ...

રહેશે. આ વિશે વધુમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ વ્યવસ્થા આગામી ત્રણ-ચાર વર્ષમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. જેથી દેશભરમાં ગરીબોને તેમના હકનું ગુણવત્તાયુક્ત રાશન તેમના સમયે સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રાપ્ત થશે.

અંતમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ સીબીડીસી અને પારદર્શક વિતરણ વ્યવસ્થાના પાયલોટ પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોશી અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવી આ લીક-પ્રૂફ સિસ્ટમને વિકસિત ભારતનો બ્લુ પ્રિન્ટ ગણાવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં ''જે કહેવું તે કરવું''ના મંત્ર સાથે દેશમાં જનકલ્યાણનો નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં હવે અનાજ મેળવવા માટે 'ગ્રેઈન એટીએમ' કાર્યરત થશે. આ એટીએમ દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે અને તે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ સુવિધાથી ખાસ કરીને શ્રમિકો અને મજૂર વર્ગ તેમના કામકાજના કલાકો પછી પણ ગમે ત્યારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા અને દાળ મેળવી શકશે, જે છેવાડાના માનવીના સશક્તિકરણની દિશામાં મોટું પગલું પૂરવાર થશે.

આ ટેકનોલોજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે. આ ડિજિટલ ટ્રેકિંગ અને મોનિટરિંગને કારણે યોજનાના લાભોમાં ૧૦૦ ટકા પારદર્શિતા આવશે અને 'સેચ્યુરેશન એપ્રોચ' એટલે કે દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચવાનો સરકારનો સંકલ્પ ખરા અર્થમાં સાકાર થશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશની ડિજિટલ કરન્સી ગરીબની થાળી સુધી અનાજ પહોંચાડશે. આજે ગુજરાતની ધરતી પર ફરી એકવાર ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે. આપણે સૌ એક એવી ક્રાંતિના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ, જે માત્ર ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર ભારતની જાહેર વિતરણ વ્યવસ્થાની દિશા અને દશા બદલી નાખશે.ભારત જેવા વિશાળ દેશમાં 'અન્ન સુરક્ષા' હંમેશા એક મોટો પડકાર રહ્યો છે. ભૂતકાળમાં સરકારી અનાજ લાભાર્થી સુધી પહોંચતા પહેલા વચેટિયાઓની અને રેશનિંગની દુકાનો પર લાંબી કતારો જેવી સમસ્યાઓ જોવા મળતી હતી. જેનો અંત આવશે.

તેમણે ઉમેર્યું કે, સામાન્ય રીતે નવી ટેકનોલોજીનો પ્રથમ લાભ મોટા ઉદ્યોગપતિઓને મળતો હોય છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં ભારતે એક નવી રાહ ચીંધી છે. 'ડિજિટલ કરન્સી' જેવી આધુનિક ટેકનોલોજીનો સૌથી પહેલો ઉપયોગ ગરીબની થાળી સુધી ભોજન પહોંચાડવા માટે કરવામાં આવી રહ્યો છે. હવે, લાભાર્થીઓએ દુકાનદારની રાહ જોવાની જરૂર રહેશે નહીં. ૨૪ કલાકમાં ગમે ત્યારે ગ્રેઈન અઝખ પર જઈને માત્ર ૦૫ મિનિટમાં જ અનાજ મેળવી શકશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મહેનત અને હિંમતની મિસાલ: ધ્રોલના જાબીડા ગામે ખેડૂતની જીવનગાથા

## એક જ હાથ અને પગ હોવા છતા ખેતી કરીને સ્વાવલંબનની બન્યાં મિશાલ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**





ધ્રોલ જીવનમાં કેટલીક કહાણીઓ એવી હોય છે, જે શબ્દોથી વધુ પ્રેરણા આપે છે. ધ્રોલ તાલુકાના જાબીડા ગામના ૩૩ વર્ષીય સહદેવસિંહ ભવાનસિંહ જાડેજાની જીવનયાત્રા એવી જ એક પ્રેરક ગાથા છે. જન્મથી જ ડાબો હાથ અને ડાબો પગ ન હોવા છતાં તેમણે ક્યારેય પોતાની પરિસ્થિતિને કમજોરી બનવા દીધી નથી. અડધી શારીરિક ક્ષમતા હોવા છતાં પૂર્ણ આત્મવિશ્વાસ સાથે તેઓ ખેતીક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરી રહ્યા છે

ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ પૂર્ણ કરનાર સહદેવસિંહ માટે નોકરીના અનેક વિકલ્પો ખુલ્લા હતા, પરંતુ જમીન પ્રત્યેનો પ્રેમ અને ખેડૂત બનવાનો સંકલ્પ તેમને ખેતર સુધી જ લાવ્યો. આજે તેઓ પોતાની માલિકીની વિશાળ જમીનમાં ખેતીના તમામ કામોમાં સક્રિય રીતે જોડાયેલા છે. વાવેતર, ખાતર વ્યવસ્થા, સિંચાઈ કે પાક કાપણી– દરેક કામગીરીમાં તેઓ આગળ રહે છે.

ખાસ કરીને ટ્રેક્ટર ચલાવવાની તેમની કુશળતા ગામમાં ચર્ચાનો વિષય બની છે. એક હાથ અને એક પગ હોવા છતાં તેઓ ટ્રેક્ટર પર એવું સંતુલન જાળવે છે કે વાવેતર અતિ ચોક્કસ થાય છે.

પંથકના ખેડૂતો પણ તેમની કામગીરીની પ્રશંસા કરે છે. આ સાથે તેઓ ઓટોમેટિક ગિયરવાળી કાર ચલાવી પોતાની દૈનિક જરૂરિયાતો અને સામાજિક પ્રસંગોમાં હાજરી આપે છે.

પરિવારમાં મોટાભાઈ પ્રદીપસિંહ જાડેજા સામાજિક ક્ષેત્રે આગેવાની લે છે, જ્યારે ખેતીની તમામ જવાબદારી સહદેવસિંહ સંભાળે છે. પરિવારનો સહયોગ અને પોતાની દ્રઢ ઈચ્છાશક્તિથી તેમણે સાબિત કર્યું છે કે મર્યાદાઓ માત્ર શરીરની હોય છે, મનની નહીં.

આજના સમયમાં અનેક યુવાનો નાની નિષ્ફળતામાં નિરાશ થઈ જાય છે, ત્યારે સહદેવસિંહની સફર તેમને સંદેશ આપે છે કે સંજોગો સામે ઝૂકવાને બદલે સંઘર્ષ કરવો જોઈએ. મહેનત અને આત્મવિશ્વાસના બળે તેમણે સ્વાવલંબનની નવી મિસાલ ઉભી કરી છે.

મજૂરોની અછત હોય ત્યારે તેઓ પોતે જ ખેતરમાં મહેનત કરીને પાક ઊગાડે છે. પરસેવાના બિંદુઓથી જમીનને ઉપજાઉ બનાવી તેઓ જીવનનું સત્ય સાબિત કરે છે–સફળતા નસીબથી નહીં, મહેનતથી મળે છે.

# દ્વારકા: માત્ર ૧ રૂપીયામાં માતૃશ્રી વિરબાઈમાં ૩૪૬મો લગ્નોત્સવ ઉજવાયો

## આદર્શ લગ્નમાં નવદંપતીને વડીલોએ આપ્યા આશિર્વાદ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

સંતાનોના લગ્ન સગાઈથીકરાવવા ના ઉદેશ્ય સાથે દ્વારકા માં રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા માતૃશ્રી વીરબાઈ માં આદર્શ લગ્ન કરાવવામાં આવે છે ગઈકાલે જલારામ મંદિર દ્વારકા દ્વારા માત્ર એક રૂપિયાના ટોકનથી માતૃશ્રી વીરબાઈ માં આદર્શ લગ્નોત્સવ અંતર્ગત ૩૪૬ માં લગ્ન સંપન્ન થયા હતા જેમાં કન્યા તરીકે રાજકોટનારીટાબેન દિલીપભાઈ પરમાણી અને જામનગરના વરરાજા તૃષાલ પ્રફુલભાઈ દામાણી ના લગ્ન થયા હતા. નવદંપતીને સંતો અને વડીલોએ આશીર્વાદ આપ્યા હતા, આ લગ્નમાં યજમાન તરીકે હિતેશભાઈ ગોવિંદભાઈ સીમરીયા, રવિભાઈ જીતેન્દ્રભાઈ સીમરીયા એ સેવા આપી હતી લગ્ન ને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ અને જલારામ મહિલા સત્સંગ મંડળની બહેનોએ જેમાં ઉઠાવી હતી.

# ધ્રાંગધ્રા જૈન જાગૃતિ સેન્ટરના પ્રમુખ તરીકે નિર્મલ શાહની સર્વાનુમત્તે વરણી

## સમાજ શ્રેષ્ઠીજનોની હાજરીમાં યોજાયો શપથવિધી સમારોહ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા જૈન જાગૃતિ સેન્ટરના વર્ષ ૨૦૨૬-૨૭ના કાર્યકાળ માટે નિર્મલભાઈ શાહની સર્વાનુમતે નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આ અવસરે યોજાયેલા ભવ્ય શપથવિધિ સમારોહમાં સમાજજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. સમારોહ દરમિયાન ગુજરાત રાજ્યના કો-ઓર્ડિનેટર કાશ્મીરાબેન તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના કો-ઓર્ડિનેટર સી.સી. શાહ કારોબારી ટીમ સાથે ખાસ હાજર રહ્યા હતા. તેમના હસ્તે નિર્મલભાઈ શાહ અને નવી કારોબારી સમિતિને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત આગેવાનો દ્વારા જૈન જાગૃતિ સેન્ટરના સેવાકીય અને સમાજલક્ષી કાર્યોને વધુ ગતિ આપવા માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. નવા પ્રમુખ તરીકે નિર્મલભાઈ શાહની પસંદગીને ધ્રાંગધ્રાના જૈન સમાજે હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી હતી. જૈન સોશિયલ ગ્રુપના કારોબારી સભ્યો તેમજ જૈન એલર્ટ ગ્રુપ ઓફ ધ્રાંગધ્રાના લીડર વિશાલભાઈ શાહે ઉપસ્થિત રહી નવી ટીમને અભિનંદન અને મંગલકામનાઓ પાઠવી હતી. પોતાના સંબોધનમાં નિર્મલભાઈ શાહે જણાવ્યું હતું કે તેઓ સમાજલક્ષી પ્રવૃત્તિઓને વધુ વિસ્તૃત બનાવશે અને જૈન સમાજ સાથે સાથે અન્ય જરૂરિયાતમંદ વર્ગોને પણ મદદરૂપ થવા પ્રતિબદ્ધ રહેશે.

# વેરાવળમાં 'માછીમારોને પ્રવેશ પાસ વિતરણ'નો રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ યોજાશે

## માછીમારોને પાસ સંદર્ભે કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



વેરાવળના કે.સી.સી. મેદાન ખાતે તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક્સક્લૂઝીવ ઈકોનોમિક ઝોન અંતર્ગત માછીમારોને પ્રવેશ પાસ વિતરણનો રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ કે.સી.સી. મેદાન ખાતે યોજાવાનો છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન સંદર્ભે કલેક્ટર કચેરી, ઈણાજ ખાતે એક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલે કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય એ માટે ઉપસ્થિત સર્વે અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નિવાસી અધિક કલેક્ટરએ મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, કાર્યક્રમના સ્થળે વીજ પુરવઠો, વાહનવ્યવહાર અને પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયમન, લાભાર્થીઓને કાર્યક્રમ સ્થળે લાવવાની આનુષાંગિક વ્યવસ્થાઓ સહિતના મુદ્દે ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

દરેક યાંત્રિક ફિશિંગ બોટો દ્વારા ૧૨ નોટિકલ માઈલની બહાર ફિશિંગ કરવા માટે દરેક બોટ માલિકે પોતાની બોટમાં પ્રવેશ પાસ મેળવી લેવો અનિવાર્ય છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રાજિવ રંજનસિંહ ઉર્ફે લલ્લનસિંહ, પ્રોફેસર એસ.પી.સિંહ બઘેલ, જ્યોર્જ કુરિયન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં પ્રાંત અધિકારી વિનોદ જોશી, નાયબ પોલીસ અધિક્ષક સી.પી.ખટાણા, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય અને પંચાયત, વાહનવ્યવહાર, સહિત સાગરપુત્ર ફાઉન્ડેશન, ભીડિયા ખારવા સમાજ, ભીડિયા કોળી સમાજ, ખારવા સમાજ, સદભાવના ફાઉન્ડેશન અને સી ફૂડ એક્સપોર્ટ એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિસાવદરના કાનાવડલાના હિન્દુ સંમેલનમાં પર્યાવરણ સેવકોનું કરાયું સન્માન

## હિન્દુ જીવન પધ્ધતિ પંચ પરિવર્તન અંગે અપાયું માર્ગદર્શન

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદરના કાનાવડલા ગામે ૧૪ ફેબ્રુ.એ યોજાયેલા હિન્દુ સંમેલનમાં પર્યાવરણના સેવકોનું સન્માન કરી તજજ્ઞોએ હિન્દુ જીવન પધ્ધતિ અને પંચ પરિવર્તન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વિસાવદર કાનાવડલા ગામમાં વઘાસિયા પરિવાર ના સુરાપુરા જીવાબાપા ના મંદિર ના પટાંગણમાં હિન્દુ સંમેલનનું આયોજન સ્થાનિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું,

આ વિરાટ હિન્દુ સંમેલનમાં ગામના તમામ લોકો સામાજિક સદ્ભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા,

સામાજિક સદ્ભાવ,જાગૃતિ,તથા સંગઠિત હિન્દુ સમાજના વિવિધ વિચારોના આદાન પ્રદાન સમાજ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો મુખ્ય વક્તા તરીકે મિતુલભાઈ દેસાઈ દ્વારા પ્રસંગોચિત - હિન્દુ જીવન પદ્ધતિ તેમજ પંચ પરિવર્તનનો વિષય પર વિસ્તૃત વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં ભલગામ મંડળ અંતર્ગત ૯ ગામો ના સેવાભાવી, પર્યાવરણ પ્રેમી વૃક્ષારોપણ અને સેવાનું કામ કરતા લોકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ હિન્દુ સંમેલન ને સફળ બનાવવા માટે ભલગામ મંડળના ગામોના ઉત્સાહી યુવાનો તેમજ દિનેશભાઈ વઘાસિયા અને જયેશભાઈ વઘાસિયા ભલગામ મંડળ ના સંયોજક હર્ષદભાઈ મુંગલપરા દ્વારા મહેનત કરવામાં આવી હતી.

# ગોંડલના બાંદરા ગામે નર્મદાના પાણી ખેતરોમાં ઘુસ્યા: ઘઉં, ધાણા અને તુવેરના પાકને નુકશાન

## સર્વે કરી નુકશાનીના વળતરની અને જવાબદારો સામે પગલા લેવાની ખેડૂતોની માંગ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ તાલુકાના બાંદરા ગામ નાં સીમમાં નર્મદા પાઈપલાઈનનો વાલ વધારે ખોલવાના કારણે ખેડૂતોના ખેતરોમાં પાણી ઘૂસી ગયાં હતા. અચાનક પાણી ભરાવાથી પાકને મોટું નુકસાન થયું હોવાનું ખેડૂતોમાંથી ફરીયાદ ઉઠી છે. અનેક એકર જમીનમાં પાણી ભરાઈ જતા ઊભો પાક નાશ પામ્યો છે અને લાખો રુપીયા ની આર્થિક નુકસાનની થવા પામી છે.

ખેડૂતો દ્વારા જવાબદાર વ્યક્તિ સામે પગલા ભરી અને નુકસાનની સર્વે કરીને વળતર આપવા માંગ ઉઠી છે. ઘટનાની જાણ ગોંડલ તાલુકા પંચાયત તંત્રને કરવામાં આવી છે.

બાંદરા ની સીમ માંથી પસાર થતી સૌની યોજના હેઠળની નર્મદા પાઈપ લાઈન માં બાંદરા પાસેનાં સંમ્પ માંથી ચેકડેમ ભરવા પાણી છોડાયું હતું.બે દિવસ થી નુકશાની વગરનું સમતલ પાણી વહેતુ હતું.પરંતુ ગઈકાલે પાણીનાં ફુવારા સાથે મોટા પ્રમાણ માં ધસમસતું પાણી ખેતરો માં ફરી વળતા ખેતરોનું ધોવાણ થયુ હતુ.

બનાવ અંગે શાંતિભાઈ ઘોણીયા, રવિભાઈ ઘોણીયા, નાથાભાઈ ઘોણીયા સહિત નાં ખેડૂતોએ જણાવ્યું કે પાણીનાં પ્રવાહે અમારાં બંધ પાળા તોડી નાખ્યાં છે.ચોમાસાનાં વરસાદ થી ના ભરાય એટલું પાણી ખેતરો માં ભરાયું છે.જેને કારણે ઘઉ,ધાણા,તુવેર સહીત નાં પાક ને નુકસાન પંહોચ્યું છે.પાણીને કારણે સાત થી આઠ ખેતરો માં નુકસાન પંહોચ્યુ છે.

બનાવ અંગે સૌની યોજના અંતર્ગત તંત્ર ને પુછતા કોઈ એ વધુ વાલ્વ ખોલી નાખ્યો હોવાનું જણાવ્યું હતું.

# ગોંડલના શિવાલયોમાં બમબમ ભોલેનો નાદ ગુંજ્યો


**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



મહાશિવરાત્રીનાં પાવન પર્વ નિમિતે ગોંડલ નાં વિવિધ શિવાલયો માં શિવનાદ સાથે માનવ મહેરામણ ઉમટ્યુ હતું. મુક્તિધામ ખાતે મુક્તેશ્વર મહાદેવ મંદિરે સવારે ભસ્મ આરતી કરાઈ હતી.મહાદેવ ને ૧૧૧૧ કિલોનાં અલગ-અલગ ફળોનો કલાત્મક શણગાર કરાયો હતો.બપોર નાં બાર કલાકે મહાઆરતી બાદ ફ્રુટ તથા આઠસો લીટર ભાંગ નો પ્રસાદ વિતરણ કરાયો હતો.સુરેશ્રવર, ધારેશ્વર,કાશીવિશ્વનાથ, ભીમનાથ,પંચનાથ,રાજરાજેશ્વ મહાદેવ મંદિર સહિત શિવાલયો માં મહાઆરતી, યજ્ઞ હવન,પ્રસાદ વિતરણ સહિત આયોજન કરાયા હતા.

# મહાશિવરાત્રીએ કોટડાસાંગાણીના શિવ મંદિરોમાં ભકતોએ લીધો મહાઆરતી લ્હાવો

**અબતક, સલીમ પતાણી, ધ્રાંગધ્રા**



કોટડા સાંગણીમાં શિવરાત્રિ મહા પર્વ નિમિતે વિવિધ શિવ મંદિરો ભકિત ભાવ થી વિભોર થયા .. ગામ ના વિવિધ શિવ મંદિરો માં વહેલી સવાર થી રાત્રી સુધી લોકો એ દર્શન અને પૂજનનો લાભ લઈ ને સ્વાતમાં કલ્યાણ નુ ભક્તિ પૂર્વ કર્યા કર્યુ હતું.. વર્ષો ની પરંપરા મુજબ કોટડા સાંગાણી ના ફૂલનાથ મહાદેવ મંદિર,પંચનાથ મહાદેવ મંદિર, બિલેશ્વર મહાદેવ મંદિર ,રોકડેશ્વર મહાદેવ મંદિર , ભવનાથ મહાદેવ મંદિર વગેરે શિવ મંદિરો માં શિવરાત્રિ ની ઉત્સાહ અને ભક્તિ પૂર્ણ ઉજવણી કરવા માં આવી હતી ..

# વિરમગામની મહિલાનો ખોવાય ગયેલ મોબાઈલ પરત આપતી સુરેન્દ્રનગર પોલીસ

## નેત્રમ કમાન્ડ કંટ્રોલ રૂમ દ્વારા રીક્ષા ચાલકનો સંપર્ક કરી મહિલાને મોબાઈલ અપાવ્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં નેત્રમ કમાન્ડ કંટ્રોલ રૂમની મદદથી અનેક વખત લોકોના ખોવાયેલ તેમજ ગુમ થયેલ મોબાઈલ, પાકીટ સહિતની કિંમતી ચીજ વસ્તુઓ તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત મૂળ માલિકને પરત સોંપી સરાહનીય કામગીરી કરી છે ત્યારે તાજેતરમાં તા.૧૪ ફેબ્રુઆરીના રોજ વિરમગામ તાલુકાના કમીઢલા ગામે રહેતા નીતાબેન રાજુભાઈ ચારોલા સુરેન્દ્રનગર ખાતે સગા સંબંધીની ખબર કાઢવા આવ્યા હતા.

જે દરમિયાન તેઓ સુરેન્દ્રનગર એસ.ટી.બસ સ્ટેન્ડ પાસેથી રીક્ષામાં બેસીને શહેરના બાલા હનુમાન રોડ પર આવેલ હોસ્પિટલમાં સંબંધીની ખબર કાઢવા આવ્યા હતા તે વખતે ઉતાવળમાં તેઓ રીક્ષામાં જ પોતાનો સ્માર્ટ મોબાઈલ કિંમત રૂ.૧૦,૦૦૦ વાળો રીક્ષામાં જ પડી ગયો હતો જેની જાણ થતા નીતાબેનએ સુરેન્દ્રનગર એસ.પી.કચેરી ખાતે આવેલ નેત્રમ કમાન્ડ કંટ્રોલ રૂમ ખાતે કરતા અરજદાર મહિલા કઈ રીક્ષામાં બેઠા હતા તે સીસીટીવીમાં ચેક કરી રીક્ષાનો નંબર મેળવ્યો હતો અને રીક્ષા ચાલકનો સંપર્ક કરતા તે બહારગામ હોવાથી રીક્ષા ચાલકની પત્ની પાસે થી અરજદાર નીતાબેનને પડી ગયેલ મોબાઈલ પરત આપી સરાહનીય કામગીરી કરી છે.

# હિંમતનગર ખાતે પૂર્વ સૈનિક પરિવારો માટે કેન્ટીન શરૂ કરવા રક્ષામંત્રીની મંજૂરી

## એકસ સર્વીસમેન કેન્ટીન શરૂ કરવા સાંસદ શોભનાબેન બારૈયાએ કરેલી રજુઆતને મળી સફળતા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રહેતા એક્સ આર્મી મેન દ્વારા જીવન જરૂરી વસ્તુઓ લેવા માટે ગાંધીનગર અને અમદાવાદ સુધી જવું પડતું હોવાની રજૂઆત સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા સમક્ષ કરવામાં આવી હતી. સાંસદએ આ મુદ્દાને પ્રાથમિકતા આપી ભારત સરકારના રક્ષા મંત્રી રાજનાથ સિંહ સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી જેના પરિણામે રક્ષા મંત્રાલય (ભારત) હેઠળના કેન્ટીન સ્ટોર ડીપાર્ટમેન્ટ દ્વારા હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન શરૂ કરવા માટે સિદ્ધાંતક મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૨૫,૦૦૦ થી વધુ માજી સૈનિકો અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે હવે ભૂતપૂર્વ સૈનિકોને જીવન જરૂરી વસ્તુઓ લેવા માટે દૂર શહેરોમાં જવાની જરૂર નહીં રહે અને પોતાના વિસ્તારમાં હિંમતનગર ખાતે યોગ્ય દરે સામાન ઉપલબ્ધ થશે

સાંસદએ જણાવ્યું કે આ નિર્ણય ભૂતપૂર્વ સૈનિકોના સન્માન,સુવિધા અને કલ્યાણ માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે અને સરકાર હંમેશા સૈનિકો તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે

સાંસદની રજુઆતને ધ્યાને લઈને હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન શરૂ કરવા માટે સિદ્ધાંતક મંજૂરી આપવા બદલ સાંસદએ ભારત સરકારના રક્ષા મંત્રી રાજનાથ સિંહને રૂબરૂ મળી એમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજમાં આઈ.ટી.આઈ ખાતે ગુરૂવારે રોજગાર ભરતી મેળા યોજાશે

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

રોજગાર અને તાલીમ વિભાગ, ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા પ્રાંતિજ ખાતે તારીખ ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે આ ભરતીમેળામાં સ્ટર્લિંગ એબ્રેસિવ લિમિટેડ,ટેકવર્સ એન્જિનિયર પ્રાઈવેટ લિમિટેડ, ઓસ્ટ્રેલિયન પ્રીમિયમ સોલર અને એકસાઈડ એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ જેવી સંસ્થાઓ ભાગ લઈ વિવિધ જગ્યા માટે ભરતી કરવાની છે આ કંપનીઓ દ્વારા આઈ.ટી.આઈ ફિટર, કોપા, ઈલેક્ટ્રિશિયન, વાયરમેન, વેલ્ડર તેમજ સી.એન.સી ઓપરેટર જેવા વિવિધ ટ્રેડના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

આ ભરતીમેળો આચાર્યની કચેરી, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજ (મહાદેવ મંદિર પાસે, મોટી બોખ, જિ. સાબરકાંઠા) ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમિયાન યોજાશે રોજગાર મેળવવા ઈચ્છુક તમામ લાયક ઉમેદવારોને આ તકનો લાભ લેવા અને નિયત સમયે હાજર રહેવા આચાર્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થા પ્રાંતિજ દ્વારા જણાવાયું છે.

# ગીર સોમનાથ વિકાસ મંડળ દ્વારા બાંધકામ પરવાનગી આપવાનું શરૂ

## સુડાએ બે મંજુરી આપતા અરજદારોમાં હર્ષ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ-સોમનાથ તેમજ આસપાસના વિસ્તારોનો વિકાસ થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા સોમનાથ શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી છે.

આ મંડળ દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં બાગ-બગીચા, રોડ-રસ્તા, વીજળી સહિતના વિવિધ વિકાસકાર્યો માટે રાજ્ય સરકારનું વધુ અનુદાન પ્રાપ્ત થશે અને જેને લઈને શહેરી સુખાકારીની સુવિધાઓમાં વધારો થશે.

આવા જ એક નિર્ણય અંતર્ગત સોમનાથ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મકાન બાંધકામની વિકાસ પરવાનગી ઝડપથી આપવામાં આવી રહી છે. જેનો નાગરિકો મોટાપાયે લાભ ઉઠાવી શકશે.

ટાઉન પ્લાનર દ્વારા મકાન બાંધકામ અંગેની અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે. જેમાંથી બે કિસ્સાઓમાં વિકાસ પરવાનગી પણ આપી દેવામાં આવી છે.

### ભયમુક્ત ભારત વિશ્વ વિજેતા બનવા સજ્જ

# અભિષેક નહિ એક્સ ફેક્ટર ઈશાને પાકિસ્તાનની "ભઠ્ઠી" બગાડી નાખી

## ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે શાનદાર રમતથી પાકિસ્તાનને ૬૧ રને હરાવ્યું: ઈશાન કિશનના ૭૭, બુમરાહ અને અક્ષર બોલિંગમાં ઝળક્યા, વર્લ્ડ કપમાં પાક. સામે ઈજારાશાહી જારી



**અબતક, રાજકોટ**

ઈશાન કિશનની આક્રમક બેટિંગ બાદ જસપ્રિત બુમરાહ સહિત બોલર્સે કમાલ કરતાં ભારતે આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં કટ્ટર અને પરંપરાગત હરીફ પાકિસ્તાનને ૬૧ રનથી કચડી નાખ્યું હતું. આ સાથે પાકિસ્તાને ટુર્નામેન્ટ અગાઉ ભારત સામે રમવા અને નહીં રમવા અંગે સર્જેલા વિવાદનો સૂર્યકુમાર યાદવની ટીમે મેદાન પર જવાબ આપી દીધો હતો. આ ઉપરાંત પાકિસ્તાન સામે વર્લ્ડ કપ કે કોઈ મલ્ટિ ટીમ ઈવેન્ટમાં ભારતે પોતાની ઈજારાશાહી પણ જાળવી રાખી હતી. આ સાથે ભારતીય ટીમ આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાઈ થઈ ગયું હતું.પાકિસ્તાન સામેની આ પ્રકારની ઈવેન્ટમાં ભારતનું હંમેશાં વર્ચસ્વ રહ્યું છે અને તેને કાયમ રાખતાં ભારતે ટીર૦ વર્લ્ડ કપમાં તેના આ કટ્ટર હરીફ પડોશી સામે આઠમાંથી સાતમી મેચ જીતી લીધી હતી.કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમની સ્લો અને સ્પિનર્સને મદદરૂપ પિચ પર ભારતે તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ એક સમયે તો પાકિસ્તાન માટે આ સ્કોર પણ પહાડ સમાન બની રહ્યો હતો. અંતે તે ૧૮મી ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ માત્ર ૧૧૪ રન કરી શક્યું હતું.૧૭૬ રનના ટારગેટ સામે રમતાં પાકિસ્તાની ઈનિંગ્સનો પ્રારંભ અત્યંત કંગાળ રહ્યો હતો. હાર્દિક પંડ્યાએ પહેલી જ ઓવરમાં ખતરનાક ઓપનર સાહિબજાદા ફરહાનને આઉટ કર્યો હતો તો બુમરાહની પહેલી ઓવરના પહેલા જ બોલે સિક્સર ફટકાર્યા બાદના બોલે સઈમ ઐયૂબ લેગબિફોર થયો હતો.પાકિસ્તાન આ આઘાતમાંથી બહાર આવે તે પહેલાં તો બુમરાહે એ જ ઓવરમાં પાકિસ્તાની ટીમના સુકાની સલમાન આગાને પણ આઉટ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૧૩ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. પાંચમી ઓવરમાં અક્ષર પટેલને અજમાવવામાં આવ્યો હતો અને તેણે પણ ટીમને વધુ એક અને અત્યંત મહત્વની સફળતા અપાવતા અનુભવી બેટર બાબર આઝમને બોલ્ડ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૩૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને હજી ટીમની પાંચ જ ઓવર થઈ હતી. આ જ રીતે પાકિસ્તાનની વિકેટોનો સિલસિલો છેક સુધી જારી રહ્યો હતો.અગાઉ ભારતની ઈનિંગ્સમાં ઈશાન કિશનની આક્રમક બેટિંગ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. જેની પાસેથી સૌથી વધુ અપેક્ષા રખાતી હતી અને તાજેતરની બીમારીમાંથી બહાર આવનારો ઓપનર અભિષેક શર્મા પહેલી જ ઓવરમાં માત્ર ચાર બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો. જોકે તિલક વર્મા સાથે મળીને ઈશાન કિશને શાનદાર બેટિંગ કરી હતી. કિશને વર્તમાન સિઝનનું તેનું ફોર્મ આગળ ધપાવતાં આક્રમક બેટિંગ કરીને ૨૭ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૪૦ બોલમાં દસ ચોગ્ગા અને ત્રણ સિક્સર સાથે ૭૭ રન ફટકાર્યા હતા જે ટીમનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. ઈશાન કિશન સિવાયના બેટર્સને રન કરવામાં મુશ્કેલી પડતી હતી. ઈશાન કિશન રમતો હતો ત્યારે ભારતનો સ્કોર ૨૦૦ના આંકને પાર થઈ જશે તેવી અટકળ થતી હતી પરંતુ આર. પ્રેમદાસા સ્ટેડિયમની પિચ ધીમી રહી હતી અને તેને કારણે ભારતના બાકીના બેટરને તકલીફ પડી હતી. તેમાંય સૂર્યકુમાર યાદવ જેવો ખેલાડી પણ રન કરી શકતો ન હતો. ૧૨૬ રનના કુલ સ્કોરે સઈમ ઐયૂબે ભારતને ઉપરા ઉપરી બે આંચકા આપ્યા હતા. તેણે ડાબેરી બેટર તિલક વર્માને લેગબિફોર કર્યા પછીના જ બોલે હાર્દિક પંડ્યાને પેવેલિયનમાં મોકલી દીધો હતો. આ સમયે ઐયૂબ હેટ્રિક પર હતો અને તેણે ત્રીજા બોલે શિવમ દૂબે માટે અપીલ પણ કરી હતી પરંતુ રિપ્લેમાં દૂબે નોટઆઉટ જાહેર થયો હતો.





### યુવરાજ સિંહનો ૧૪ વર્ષ જૂનો રેકોર્ડ "ઈશાનદાર" કિશને તોડ્યો

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટીર૦ આંતરરાષ્ટ્રીય મેચોના ઈતિહાસમાં અત્યાર સુધી યુવરાજ સિંહના નામે ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ હતો. ૨૦૧૨ માં અમદાવાદ રમાયેલી મેચમાં સૌથી વર્ષ ખાતે યુવરાજ સિંહે ૨૯ બોલમાં અડધી સદી ફટકારી હતી. જોકે, ઈશાન કિશને આજે કોલંબોમાં માત્ર ૨૭ બોલમાં આ સિદ્ધિ મેળવીને નવો માઈલસ્ટોન સ્થાપિત કર્યો છે. ઈશાને કુલ ૪૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૩ ગગનચુંબી છગ્ગાની મદદથી ૭૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેણે ભારતીય ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી.

### હાર ભાળી ગયેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ ઉભી પૂંછડીએ ભાગ્યા!

ભારત-પાકિસ્તાન મેચ પહેલા મોહસીન નકવી દ્વારા બનાવેલ વાતાવરણ, જે રીતે તે ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા લાગ્યો, અને પછી પોતાની જીદ છોડીને રમવા માટે સંમત થયો. આ બધા નાટક પછી, પાકિસ્તાનની હાર હવે તેના માટે શરમજનક છે. આ જ કારણ છે કે પાકિસ્તાનની હારની પુષ્ટિ થાય તે પહેલાં તે સ્ટેડિયમ છોડીને ચાલ્યો ગયો હોવાના અહેવાલો સામે આવ્યા.

સ્પષ્ટ છે કે મોહસીન નકવી પોતાની ટીમની સ્થિતિથી શરમ અનુભવતા મેચ સમાપ્ત થાય તે પહેલાં જ સ્ટેડિયમ છોડીને ચાલ્યા ગયા હતા.

### મેચ હારવા છતાં પાકિસ્તાને ઈતિહાસ રચ્યો!!!

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ગ્રુપ એની મેચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મહામુકાબલો રમાયો હતો. આ મેચમાં પાકિસ્તાને એક અનોખો અને ઐતિહાસિક નિર્ણય લીધો હતો - તેણે ભારત સામે પોતાના ૨૦ ઓવરમાંથી ૧૮ ઓવર સ્પિનરો પાસેથી જ ફેંકાવ્યા! આ ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ સ્પિન ઓવરનો રેકોર્ડ બરાબર કર્યો છે.પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આઘાએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો હતો. પિચ સ્પિનરોને મદદ કરતી હોવાનું જોતાં પાકિસ્તાને પોતાના આક્રમણમાં ૬ સ્પિનરોનો ઉપયોગ કર્યો - જે ટીર૦ વર્લ્ડ કપમાં કોઈ ટીમે એક ઈનિંગમાં સૌથી વધુ સ્પિનરો વાપર્યા છે. આમાં ઉસ્માન તારિક, અબ્રાર અહેમદ, મોહમ્મદ નવાઝ, શદાબ ખાન, સૈમ આયુબ અને કેપ્ટન સલમાન આઘા જેવા ખેલાડીઓ સામેલ હતા. માત્ર શાહીન શાહ આફ્રિદીએ ૨ ઓવર જ ફેંકી હતી, બાકીના તમામ ઓવર સ્પિનરોએ ફેંકી.

### ભારત-પાકિસ્તાન મેચ, રવિવારની રજા, સ્વિગી-ઝોમેટોએ ઘરબેઠા લોકોને મોજ કરાવી દીધી

આઈસીસી ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચે માત્ર ક્રિકેટના મેદાન પર જ નહીં, પરંતુ અર્થતંત્રમાં પણ ધમાલ મચાવી દીધી છે. આ મેચે ખોરાક ડિલિવરી પ્લેટફોર્મ્સ, ક્વિક કોમર્સ, જાહેરાત ઉદ્યોગ અને રેસ્ટોરન્ટ્સમાં વધારો જોવા મળ્યો છે.સ્વિગી અને ઝોમેટો જેવા પ્લેટફોર્મ્સ પર ઓર્ડર્સમાં ૫૦%થી વધુનો વધારો થયો છે,સ્વિગી અને ઝોમેટોએ 'ચિયર ફોર ઈન્ડિયા' જેવા ખાસ ડીલ્સ અને ફ્લેટ ઑફર્સ ચલાવ્યા, જેનાથી ફેન્સે ઘરે બેસીને મેચ જોતાં-જોતાં ખાવાનું ઓર્ડર કર્યું. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર ચિપ્સ, કોલ્ડ ડ્રિંક્સ અને બીયર જેવી વસ્તુઓની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો.

### ૩ ગુજરાતીઓએ પાકિસ્તાનના સૂપડા કર્યા સાફ

ભારતીય બોલરોએ શાનદાર લાઈન અને લેન્થ સાથે દબાણ જાળવી રાખ્યું. ખાસ કરીને ગુજરાતના ત્રણ ખેલાડીઓએ પાકિસ્તાનની ટીમ પર ભારે પ્રહાર કર્યો. અક્ષર પટેલે ૨૯ રનમાં ૨ વિકેટ લઈને મધ્યક્રમને ઝટકો આપ્યો. હાર્દિક પંડ્યાએ પણ ૧૬ રનમાં ૨ વિકેટ લઈને મહત્વપૂર્ણ સફળતા મેળવી. જ્યારે જસપ્રિત બુમરાહે ૧૭ રનમાં ૨ વિકેટ લઈને પાકિસ્તાનની આશાઓ પર પાણી ફેરવી દીધું.





### ટીમ આગામી મેચ પર ધ્યાન કેન્દ્રિત કરશે: સૂર્યકુમાર યાદવ

જીત બાદ સૂર્યકુમારે કહ્યું કે, "મને લાગે છે કે આ જીત ભારત માટે ખાસ છે. અમે અમારા બ્રાન્ડનું ક્રિકેટ રમ્યા. આ વિકેટ પર પહેલા બેટિંગ કરવી શ્રેષ્ઠ વિકલ્પ હતો." તેણે સ્વીકાર્યું હતું કે શૂન્ય રન પર એક વિકેટ ગુમાવ્યા પછી કોઈ એક બેટ્સમેનને જવાબદારી લેવાની હતી અને ઈશાન કિશને તે જવાબદારી શાનદાર રીતે નિભાવી. નોંધનીય છે કે પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનું પસંદ કર્યું, જે સૂર્યકુમારની નજરમાં ખોટો નિર્ણય હતો.કેપ્ટને કહ્યું હતું કે, પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરવી સરળ નહોતી કારણ કે એ અંદાજ લગાવવો મુશ્કેલ હતો કે ઝાકળ આવશે કે નહીં અને લાઈટમાં પીચ કેવી રીતે વ્યવહાર કરશે તેનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ છે. સૂર્યકુમાર યાદવે બોલરોની પણ પ્રશંસા કરી અને કહ્યું કે બધાએ સાથે મળીને યોગદાન આપ્યું. તેમણે એમ પણ કહ્યું કે ટીમ હવે અમદાવાદ જશે અને આગામી મેચો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### ભારત-પાકિસ્તાન મેચ હવે રાઈવલરી રહી જ નથી

છેલ્લા ઘણા વર્ષોમાં આઈસીસી ઈવેન્ટ્સ અને એશિયા કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૩ મેચ રમાઈ, જેમાંથી ભારતે ૧૯ જીતી છે.ટીર૦ તો ભારતનું વર્ચસ્વ વધુ સ્પષ્ટ છે. છેલ્લી સાતથી આઠ મેચમાં સતત જીત. પાકિસ્તાનની ટીમ હવે ભારત સામેની મેચમાં પહેલાં જેવો આત્મવિશ્વાસ દેખાડી શકતી નથી.

મેચ પછી પાકિસ્તાની ચાહકો અને ઈન્ફ્લુએન્સર્સ પણ માની રહ્યા છે કે આ રાઈવલરી નથી રહી, આ તો એકતરફી થઈ ગઈ છે. કેટલાકે તો કહ્યું કે, હવે રાઈવલરી કહેવું પણ શરમજનક લાગે છે.જીત ભારતની વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની સતત ૮મી જીત હતી.ભારતીય ઉપ-કેપ્ટન અક્ષર પટેલે મેચ પછી કહ્યું, અમે તેમને માત્ર એક ટીમ તરીકે જોઈએ છીએ, કોઈ ખાસ રાઈવલ તરીકે નહીં.ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ અગાઉ કહ્યું હતું કે જો હેડ-ટુ-હેડ ૧૩-૦ કે ૧૦-૧ જેવું હોય તો તે રાઈવલર ના કહેવાય.

# ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં એસસી-એસટી પર અત્યાચારની ૧૭૧૮૨ ઘટનાઓ !!

## ભાજપના શાસકો બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ: કોંગ્રેસ

**અબતક, રાજકોટ**

ગુજરાતની ભાજપ સરકારના 'વિકાસ'ના પોકળ દાવાઓ વચ્ચે રાજ્યનો દલિત અને આદિવાસી સમાજ આજે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. લોકસભાના પટલ પર રજૂ થયેલા આંકડાઓએ સાબિત કરી દીધું છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ છે જ નહીં. અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિ પરના અત્યાચારમાં થઈ રહેલા વધારા, પગલા ભરવામાં નાકામ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કેર જણાવ્યું હતું ભાજપ સરકારની માનસિકતા દલિત-આદિવાસી વિરોધી છે. ગુજરાતમાં એસસી-એસટી પર વધી રહેલી અત્યાચારની ઘટનાઓ રાજ્ય માટે કલંક સમાન છે. ભાજપ સરકાર માત્ર મતોની રાજનીતિ જાણે છે, પરંતુ બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ રહી છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ પર અત્યાચારની કુલ ૧૩,૬૨૯ ઘટનાઓ બની છે. જે દર્શાવે છે કે રાજ્યમાં દરરોજ સરેરાશ ૩થી વધુ દલિતો અત્યાચારનો ભોગ બની રહ્યા છે. આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુનાઓના છે, જ્યારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ તો પોલીસ ચોપડે ચડતા જ નથી. આદિવાસી સમાજ પરના હુમલા અંગે પણ ભાજપ સરકારની ઉદાસીન વલણ દાખવી રહી છે. ભાજપ શાસનમાં ગુજરાતના આદિવાસી સમાજ (જઝ) પર પણ અત્યાચારોનો આંકડો સતત વધી રહ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં આદિવાસી સમાજ પર પણ અત્યાચારનાં કુલ ૧૫૯૦ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં અનુસુચિત જનજાતિ સમાજ પર અત્યાચારનાં કુલ ૩૫૫૩ કેસનાં ટ્રાયલ બાકી છે. ભાજપ સરકારમાં દર ૪૮ કલાકે એક આદિવાસી ભાઈ-બહેન પર અત્યાચાર કે હુમલાની ઘટના બને છે. સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે ગુનેગારોને સજા અપાવવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં એસટી અત્યાચારના કેસોમાં સજાનો દર ૧ ટકા કરતા પણ ઓછો છે.

ગુજરાતમાં અનુસુચિત જાતી પર અત્યાચારનાં નવા નોધાયેલામાં વર્ષ ૨૦૧૯માં ૧૪૧૬, વર્ષ ૨૦૨૦માં ૧૩૨૬, વર્ષ ૨૦૨૧માં ૧૨૦૧, વર્ષ ૨૦૨૨માં ૧૨૭૯, વર્ષ ૨૦૨૩માં ૧૩૭૩ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૫૯૬ કેસે નવા નોધાયા છે.

ગુજરાતમાં અનુસુચિત જનજાતી પર અત્યાચારનાં નવા નોધાયેલામાં વર્ષ ૨૦૧૯માં ૩૨૧, વર્ષ ૨૦૨૦માં ૨૯૧, વર્ષ ૨૦૨૧માં ૩૪૧, વર્ષ ૨૦૨૨માં ૩૩૦, વર્ષ ૨૦૨૩માં ૩૦૭ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૫૯૦ કેસે નવા નોધાયા છે. ગુજરાતમાં અમદાવાદ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, જુનાગઢ જેવા જીલ્લાઓમાં પણ અનુસુચિત જાતી પર થયેલ અત્યાચાર વધી રહ્યા છે. સમગ્ર દેશમાં એસસી-એસટી અધિકારો માટે ૧૫,૦૦૦થી વધુ જનજાગૃતિ કાર્યક્રમો થયા, ત્યારે ગુજરાતની 'સંવેદનશીલ' ગણાતી સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં માત્ર ૬-૬ કાર્યક્રમો કર્યા અને ૨૦૨૦માં તો એક પણ કાર્યક્રમ કરવાની તસ્દી લીધી નથી. આ સ્પષ્ટપણે ભાજપની દલિત અને આદિવાસી વિરોધી માનસિકતા છતી કરે છે. રાજ્યમાં પેન્ડીંગ કેસોમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને કેસો ફાસ્ટટ્રેક કરવામાં આવે, દલિત અને આદિવાસી સમાજની સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# દર્શકો ઘટવાથી જાહેરાતની આવક તૂટતા ટીવી કંપનીઓ ઉચાળા ભરશે ?

## ટીવી ઉદ્યોગનું ભવિષ્ય ધૂંધળું: વ્યૂઅરશિપમાં સતત ઘટાડો, સ્માર્ટફોન અને ઓટીટીના યુગમાં પરંપરાગત ટીવી ચેનલો સામે અસ્તિત્વ ટકાવવાનો પડકાર; વિજ્ઞાપનદાતાઓનો ઝુકાવ હવે ડિજિટલ મીડિયા તરફ વધ્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. વર્ષો સુધી જે ટીવી ચેનલો (જનરલ એન્ટરટેઈનમેન્ટ ચેનલો) ભારતીય ઘરોમાં રાજ કરતી હતી, તે હવે સંકટનો સામનો કરી રહી છે. તાજેતરના અહેવાલો મુજબ, ટીવી જોનારા દર્શકોની સંખ્યામાં મોટો ઘટાડો અને જાહેરાતોની આવકમાં આવેલી સુસ્તીને કારણે ટીવી કંપનીઓના ગ્રોથ પર મોટી બ્રેક લાગી છે.

આર્થિક નિષ્ણાતો અને ઈન્ડસ્ટ્રીના ડેટા મુજબ, પરંપરાગત ટીવી બિઝનેસ માટે ગ્રોથનું ચિત્ર હવે અસ્પષ્ટ બની રહ્યું છે. સૌથી મોટું કારણ ગ્રાહકોની બદલાયેલી પસંદ છે. હવે લોકો કેબલ કે ડિટીએચ પર નિર્ભર રહેવાને બદલે મોબાઈલ અને સ્માર્ટ ટીવી પર ઓટીટી પ્લેટફોર્મ જોવાનું વધુ પસંદ કરે છે. ખાસ કરીને યુવા વર્ગ ટીવીથી દૂર થઈ રહ્યો છે, જેના કારણે ટીવી ચેનલોની વ્યૂઅરશિપમાં ગાબડું પડ્યું છે.

જાહેરાતદાતાઓ હંમેશા ત્યાં જ પૈસા રોકે છે જ્યાં દર્શકો હોય. વ્યૂઅરશિપ ઘટવાને કારણે એફએમસીજી અને અન્ય મોટી કંપનીઓએ ટીવી પરનું બજેટ ઘટાડીને ડિજિટલ મીડિયા તરફ વાળ્યું છે. ડિજિટલ પ્લેટફોર્મ પર ટાર્ગેટ ઓડિયન્સ સુધી પહોંચવું સરળ હોવાથી ટીવીની જાહેરાતની આવક સ્થિર થઈ ગઈ છે અથવા ઘટી રહી છે.

ક્રિકેટ મેચો અને અન્ય પ્રીમિયમ કન્ટેન્ટ હવે મોબાઈલ પર મફત અથવા નજીવી કિંમતે ઉપલબ્ધ છે. આના કારણે પે-ટીવી સબ્સ્ક્રાઈબર્સની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે, જેની સીધી અસર બ્રોડકાસ્ટર્સની સબ્સ્ક્રિપ્શન રેવન્યુ પર પડી છે. મીડિયા કંપનીઓના ત્રિમાસિક પરિણામો પણ આ મંદીનો સંકેત આપી રહ્યા છે. તહેવારોની સીઝન હોવા છતાં, ટીવી એડવર્ટાઈઝિંગમાં અપેક્ષિત ઉછાળો જોવા મળ્યો નથી. વિશ્લેષકોનું માનવું છે કે જ્યાં સુધી ટીવી કંપનીઓ પોતાની સ્ટ્રેટેજીમાં બદલાવ નહીં લાવે, ત્યાં સુધી રિકવરી મુશ્કેલ છે.

નિષ્ણાતો માને છે કે ટીવી કંપનીઓએ હવે 'ડિજિટલ ફર્સ્ટ' અભિગમ અપનાવવો પડશે. માત્ર લીનિયર ટીવી (પરંપરાગત પ્રસારણ) પર નિર્ભર રહેવું જોખમી બની શકે છે. આ ઉપરાંત, મીડિયા ઉદ્યોગમાં હવે કોન્સોલિડેશન (વિલીનીકરણ) નો દોર વધશે, જેથી કંપનીઓ ખર્ચ ઘટાડીને ટકી શકે.

# દેશી-વિદેશી રોકાણકારોને આકર્ષવા સરકારે માસ્ટર પ્લાન ઘડયો

## નાના રોકાણો માટે લઘુતમ મર્યાદાનો નિયમ લાગુ કરવા વિચારણા, જેથી મંજૂરી પ્રક્રિયા ઝડપી અને સરળ બને

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકાર પાડોશી દેશો, ખાસ કરીને ચીન સાથેના રોકાણના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહી છે. ૨૦૨૦માં લાગુ કરાયેલી કડક 'પ્રેસ નોટ ૩'ની સમીક્ષા કરવામાં આવી રહી છે. રિપોર્ટ મુજબ, સરકાર નાના રોકાણો માટે લઘુત્તમ મર્યાદાનો નિયમ લાવવા વિચારી રહી છે, જેનાથી વિદેશી રોકાણની પ્રક્રિયા સરળ બની શકે.

સરકાર એક થ્રેશોલ્ડ (મર્યાદા) નક્કી કરવા વિચારી રહી છે. જો કોઈ વિદેશી કંપનીમાં પાડોશી દેશનો હિસ્સો અમુક ચોક્કસ ટકાવારી (જેમ કે ૧૦% કે તેથી ઓછો) થી ઓછો હોય, તો તેને સરકારની મંજૂરી લેવાની લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળી શકે છે. હાલમાં, પાડોશી દેશોમાંથી આવતા એક રૂપિયાના રોકાણ માટે પણ સરકારની પૂર્વ મંજૂરી ફરજિયાત છે. લઘુતમ મર્યાદાના નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણને ઝડપી બનાવવાનો છે. હાલમાં નાની રકમના રોકાણો પણ મંજૂરી માટે મહિનાઓ સુધી અટકી રહે છે. જો આ નિયમ લાગુ થશે, તો નાના અને મધ્યમ કદના રોકાણો ઓટોમેટિક રૂટ દ્વારા આવી શકશે, જેનાથી ભારતીય કંપનીઓને ભંડોળ મેળવવામાં સરળતા રહેશે.

વર્ષ ૨૦૨૦માં કોવિડ મહામારી દરમિયાન ચીન જેવા દેશો ભારતીય કંપનીઓનું સસ્તામાં અધિગ્રહણ ન કરી લે તે માટે ભારતે પ્રેસ નોટ ૩ જાહેર કરી હતી. આ અંતર્ગત ભારત સાથે જમીની સરહદ ધરાવતા દેશો (ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, ભૂતાન અને અફઘાનિસ્તાન) ના રોકાણો પર કડક નિયંત્રણો મુકવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી ઉદ્યોગજગતમાં એવી રજૂઆતો થઈ રહી હતી કે કડક નિયમોના કારણે સપ્લાય ચેઈન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મુશ્કેલીઓ વધી રહી છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોમાં, જ્યાં ચીની પાર્ટ્સ અને ટેકનોલોજીની જરૂર પડે છે, ત્યાં રોકાણ અટકી જવાથી ઉત્પાદન પર અસર થઈ રહી છે.

જોકે, અહેવાલો સૂચવે છે કે સરકાર સંવેદનશીલ અને વ્યૂહાત્મક ક્ષેત્રો (જેમ કે સંરક્ષણ, ટેલિકોમ, સ્પેસ) માટે હજુ પણ કડક નિયમો યથાવત રાખશે. માત્ર એવા ક્ષેત્રોમાં જ છૂટછાટ મળશે જ્યાં રાષ્ટ્રીય સુરક્ષાને કોઈ ખતરો ન હોય.

આ પ્રસ્તાવ પર હાલમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ અને અન્ય સંબંધિત મંત્રાલયો વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ટૂંક સમયમાં આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

### હનુમાન ટેકરી વિસ્તારમાં રેલવે નોટિસને લઈને

# દાયકાઓથી વસવાટ કરતા રહીશોની સમસ્યા સાંભળી સાંસદ પૂનમબેન માડમ આપી સહાનુભૂતિ





## દિગજામ સર્કલ નજીક સાત દિવસમાં જગ્યા ખાલી કરવાની સૂચનાથી રહીશો ચિંતિત

### રહીશોને વૈકલ્પિક વ્યવસ્થા માટે પૂરતો સમય મળવો જોઈએ: પૂનમબેન માડમ



સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે રેલવે તંત્રની નોટિસ બાદ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવું સ્વાભાવિક છે. જેમને નોટિસ મળી છે તેમાં કેટલાક મહાનગરપાલિકાના વિસ્તારમાં વસવાટ કરે છે, કેટલાકને ભૂતકાળમાં સનદ આપવામાં આવી છે અને કેટલાક રેલવેની જમીન પર રહે છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિકાસકાર્યો કે રાજ્યવ્યાપી અભિયાન અંતર્ગત જો જગ્યા ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવે તો સ્થાનિકોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને તેમની સાથે ચર્ચા કરીને કાર્યવાહી કરવી જરૂરી છે. રહીશોને વૈકલ્પિક વ્યવસ્થા માટે પૂરતો સમય આપવામાં આવવો જોઈએ, જેથી કોઈ પરિવાર રસ્તા પર ન આવી જાય.હાલ સ્થાનિકો સરકાર અને રેલવે તંત્ર પાસેથી માનવિય અભિગમ અપનાવવાની માંગ કરી રહ્યા છે. આગામી દિવસોમાં આ મુદ્દે શું નિર્ણય લેવાશે તે અંગે સમગ્ર વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આજે કલેકટર અને રેલવે તંત્ર સાથે વાતચીત કરી અને રહીશોને પણ કોઈ અન્યાય ન થાય અને વૈકલ્પિક વ્યવસ્થા માટે સમય પૂરતો મળી રહે એ રીતે વાતચીત કરવામાં આવશે

જામનગર શહેરના દિગજામ સર્કલ નજીક આવેલા હનુમાન ટેકરી વિસ્તારમાં રેલવે તંત્ર દ્વારા સાત દિવસની અંદર જગ્યા ખાલી કરવાની નોટિસ આપવામાં આવતા સ્થાનિકોમાં ભય અને અશાંતિનો માહોલ ફેલાયો છે. વર્ષોથી આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશો અચાનક મળેલી નોટિસથી ગભરાઈ ગયા છે અને સંભવિત તોડફોડની કાર્યવાહી અંગે ચિંતિત બન્યા છે.

નોટિસ મળતાં જ વિસ્તારમાં લોકો એકત્રિત થયા હતા અને પોતાના મકાનો તોડી પાડવાની શક્યતા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અનેક પરિવારો દાયકાઓથી અહીં રહેતા હોવાનો દાવો કરી રહ્યા છે. કેટલાક રહીશોનું કહેવું છે કે તેઓ મહાનગરપાલિકાના વિસ્તાર હેઠળ આવે છે, જ્યારે કેટલાકને ભૂતકાળમાં સનદ મળ્યાનું પણ જણાવ્યું છે. તે છતાં નોટિસ મળતાં લોકોમાં અનિશ્ચિતતા અને ડરનો માહોલ ઊભો થયો છે.

સ્થિતિની ગંભીરતા જોતા સ્થાનિકો સાંસદ પુનમબેન માડમના શરણે પહોંચ્યા હતા. નવી દિલ્હીથી પરત ફર્યા બાદ સાંસદે કાર્યાલય ખાતે અરજદારો સાથે મુલાકાત કરી તેમની રજૂઆતો સાંભળી હતી.

# મહાશિવરાત્રીના પર્વે છોટીકાશી બન્યું શિવમય



### શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ ૪૫મી ભવ્ય શિવ શોભાયાત્રામાં ચાંદી-સુવર્ણ અલંકારોથી સજ્જ પાલખી બની મુખ્ય આકર્ષણ

જામનગર જેને છોટીકાશી તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં આજે મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શહેરના શિવાલયોમાં શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી હતી અને ''હર હર મહાદેવ''ના નાદથી સમગ્ર નગર ગુંજી ઉઠ્યું હતું.

છોટીકાશીનું બિરુદ પ્રાપ્ત કરાવનાર ચાર દ્વારવાળું પવિત્ર કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

આ ઉપરાંત સિદ્ધનાથ મહાદેવ મંદિર, જડેશ્વર મહાદેવ મંદિર, ભીડભંજન મહાદેવ મંદિર, પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, નિલકંઠ મહાદેવ મંદિર અને નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ભક્તોએ દૂધ, જળ અને બિલિપત્ર અર્પણ કરી ભગવાન શિવની પૂજા-અર્ચના કરી હતી.

મહાશિવરાત્રી નિમિત્તે હિંદુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૪૫મી ભવ્ય શિવ શોભાયાત્રા પણ યોજાઈ હતી. અગિયાર કિલો ચાંદીથી મઢિત અને સુવર્ણ આભૂષણોથી અલંકૃત ભગવાન શિવજીની પાલખી યાત્રાનું મુખ્ય આકર્ષણ બની હતી. ૧૨ સંસ્થાના ૧૯ જેટલા ચલિત ઝાંખીઓ ભક્તિભાવ જગાવતા કેન્દ્ર બન્યા હતા.

શોભાયાત્રા સિદ્ધનાથ મહાદેવ મંદિરથી પ્રારંભ થઈ શહેરભરમાં ભ્રમણ કરી ભીડભંજન મહાદેવ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. ત્રિશૂલ, ડમરૂ, ચંદ્ર, કુંડળ, માળા, જનોઈ, છત્ર અને પાઘડી જેવા સુવર્ણ અલંકારોથી સજ્જ ભગવાન શિવના દર્શને ભક્તો ભાવવિભોર બન્યા હતા.''હર હર મહાદેવ''ના ગુંજતા નાદ સાથે આજે સમગ્ર જામનગર શહેર શિવભક્તિમાં લીન થઈ શિવમય બની ગયું હતું.

# સિક્સ લેન રોડ સહિતના વિકાસ કામોનું મંત્રી રીવાબા જાડેજા હસ્તે ખાતમુહૂર્ત

### કામની ગુણવત્તા અને સમયમર્યાદા અંગે કડક તાકીદ કરતા મંત્રી રિવાબા જાડેજા

જામનગર શહેરના ૭૮ વિધાનસભા વિસ્તારમાં નાગરિકોની સુવિધા માટે ૬૧ કરોડ રૂપિયાના ખર્ચે ૫૯ વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના વોર્ડ નં. ૧, ૨, ૫, ૬, ૧૦ અને ૧૧માં રસ્તા, પાણીના નિકાલ અને લાઈટિંગ જેવી માળખાકીય સુવિધાઓ મજબૂત કરવાના કામો હાથ ધરવામાં આવ્યા છે.



આ વિકાસ યોજનાના ભાગરૂપે સાત રસ્તાથી દિગજામ સર્કલ સુધીના માર્ગને ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે ૬-લેન બનાવવામાં આવશે. હાલના ૭.૫૦ મીટરના રોડને વધારીને ૧૧.૫૦ મીટર કરવામાં આવશે, જેમાં રાહદારીઓ માટે ફૂટપાથ, પાર્કિંગ, અને વરસાદી પાણીના નિકાલ માટે મજબૂત નાળાની સુવિધા પણ સામેલ છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રી રીવાબા જાડેજાએ કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી કે કામની ગુણવત્તામાં કોઈ સમાધાન ચલાવી લેવામાં આવશે નહીં અને નક્કી કરેલી સમયમર્યાદામાં જ તમામ કામો પૂર્ણ કરવાના રહેશે.

# સચિન તેંડુલકર પરિવાર સાથે અંબાણી પરિવારના મહેમાન બન્યાં

### અર્જુન તેંડુલકરના પ્રી-વેડિંગ શૂટ માટે આગમન સમયે યુવરાજ સિંહ પણ પહોંચ્યા: કડક સુરક્ષા વચ્ચે રિલાયન્સ ગ્રીનના ખાતે પધાર્યા







ક્રિકેટ જગતના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેડુલકર પરીવાર સાથે જામનગર નજીકની રિલાયન્સના મહેમાન બન્યા હતા. આજે સવારે તેઓનું એરપોર્ટ પર આગમન થયું હતું. સચિન તેડુલકર સાથે અર્જુન તેડુલકર, અંજલી તેડુલકર, સારા તેડુલકર તમામ પરિવારના સભ્યો અંબાણી પરિવારના મેહમાન બન્યા છે. સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર સચિન પુત્ર અર્જન તેડુલકરના પ્રિવેડીંગ શુટ માટે રિલાયન્સ ગ્રીન ખાતે પધાર્યા છે. સાથે સાથે ટિમ ઈન્ડિયાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન યુવરાજસિંગ પણ આ પ્રંસગે જામનગર એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. તમામ સેલિબ્રેટી રિલાયન્સના કડક બંદોબસ્ત સાથે રિલાયન્સ ગ્રીન ખાતે પહોંચ્યા હતા.

# ધ્રોલ: હિન્દુ સેના દ્વારા મહાશિવરાત્રી પર્વે શોભાયાત્રામાં ભક્તોનં મહેરામણ ઉમટ્યું



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

મહાશિવરાત્રીના મહાપર્વ નિમિત્તે આજે ધ્રોલ શહેર શિવભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. હિન્દુ સેનાના ઉપક્રમે આયોજિત ભવ્ય શોભાયાત્રાએ સમગ્ર શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું. આ ભક્તિમય આયોજનમાં શહેરના અગ્રણીઓ, વેપારીઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. શોભાયાત્રાનું પ્રસ્થાન સાંજે ૪:૦૦ કલાકે ધ્રોલના સુપ્રસિદ્ધ શ્રી તંબોળેશ્વર મહાદેવના મંદિર ખાતેથી કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં હિન્દુ સેના દ્વારા તૈયાર કરવામાં આવેલ ખાસ અદ્યતન અને સુશોભિત રથ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. ડીજેના તાલે ગુંજતા 'હર હર મહાદેવ'ના નાદ અને શિવ-પાર્વતીની મનમોહક વરણાગી સાથે ભકતો ભકિતમાં તરબોળ થયા હતા.

આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે ગાંધી ચોક, મેઈન બજાર, પડધરી નાકા અને જોડીયા રોડ પરથી પસાર થઈ હતી. માર્ગમાં ગાંધી ચોક, મોચી બજાર તથા જોડીયા નાકે શિવભક્તો માટે લચ્છીના વિતરણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પર્વની વિશેષતા એ રહી કે શહેરના નાના-મોટા વેપારીઓએ સ્વયંભૂ અડધો દિવસ પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને આ શોભાયાત્રામાં જોડાઈ શિવભક્તિનો પરિચય આપ્યો હતો.

શોભાયાત્રા પરત તંબોળેશ્વર મહાદેવના મંદિર ખાતે પહોંચતા ત્યાં જોડાયેલા તમામ શિવભક્તો માટે ફરાળની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા હિન્દુ સેનાના કાર્યકરો અને આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી, જેના કારણે ધ્રોલમાં શિવરાત્રી પર્વની ઉજવણી યાદગાર બની રહી હતી.

# લાલપુર નજીક બાંધકામ સાઈટ પર પાણી છાંટતા સમયે પટકાતા મજૂરનું મોત

જામનગર નજીક આવેલા લાલપુર બાયપાસ નજીક કન્સ્ટ્રક્શન સાઈડ ઉપર દુર્ઘટના સર્જાઈ હતી. ઉપરના માળે પાણી છાંટતી વેળાએ એકાએક પટકાઈ પડતા યુવાનનું મોત નીપજ્યું હતું.

જામનગરના લાલપુર બાયપાસ નજીક આવેલ સપના હોટલ પાછળ શીવા ૨૬ બીલ્ડીંગમા રહેતા મુળ ભાણવડ તાલુકાના મેવાસાગામના વતની કારાભાઈ આલાભાઈ સાદીયા નામના ૪૮ વર્ષીય યુવાનનું મોત નિપજ્યું છે. કારાભાઈ આલાભાઈ સાદીયા કન્ટ્રકશનની બીલ્ડીંગ ઉપર પહેલા માળે પાણીની નળી વળે પાણી છાટતા હતા. ત્યારે પાણીની નળી ખેચતા સ્લીપ થઈ ગઈ હતી. જેને લઈને શરીરનુ બેલેન્સ બગડતા તેઓ પહેલા માળેથી નીચે પટકાઈ પડ્યા હતા. જેને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે જામનગર જી.જી.હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ દરમિયાન તેનું મોત નિપજ્યું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. આ અંગે મૃતકના પુત્ર નીલેશભાઈ સાદીયા (રહે, હાલ યાદવનગર ક્રિષ્ના ચોક પહેલા)એ પોલીસમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

### મહાશિવરાત્રી નિમિત્તે

# સાંસદ પૂનમબેન માડમે જૂનાગઢ ભવનાથ મહાદેવના દર્શન કરી દેશની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી

### ભવનાથ મેળામાં સાંસદ પુનમબેન માડમ સંતો-મહંતો સાથે મુલાકાત બાદ ઈન્દ્રભારતી બાપુ આશિર્વચન મેળવ્યા

જામનગરના લોકલાડીલા સાંસદ પૂનમબેન માડમએ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે જુનાગઢ ખાતે આવેલ ઐતિહાસિક ભવનાથ મહાદેવ મંદિર ખાતે યોજાયેલા પ્રસિદ્ધ ભવનાથ મહાદેવના મેળાની મુલાકાત લીધી હતી. મહાશિવરાત્રીના અવસરે દર વર્ષે યોજાતો આ મેળો ભક્તિ, પરંપરા અને આસ્થાનો અનોખો સમાગમ માનવામાં આવે છે.સાંસદએ ભવનાથ મહાદેવના દર્શન કરી વિધિવત પૂજા-અર્ચના કરી અને રાજ્ય તથા દેશની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. મંદિર પરિસરમાં ઉપસ્થિત સંતો-મહંતો સાથે મુલાકાત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા તેમજ દૂર-દૂરથી આવેલા શ્રદ્ધાળુઓ સાથે સંવાદ સાધી તેમની શુભેચ્છાઓ સ્વીકારી હતી.આ ઉપરાંત સાંસદશ્રીએ જુનાગઢ ખાતે આવેલ ઈન્દ્રભારતી બાપુના આશ્રમની મુલાકાત લઈ તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન આધ્યાત્મિક ચર્ચા કરી અને સમાજહિતના કાર્યો અંગે પણ વિચારવિમર્શ કર્યો હતો. મહાશિવરાત્રીના આ પવિત્ર દિવસે ભવનાથ મહાદેવના દર્શન અને સંતોના આશીર્વાદ મેળવી સાંસદએ પોતાની ભાવનાઓ વ્યક્ત કરી કે આ પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો સમાજમાં એકતા, શ્રદ્ધા અને સકારાત્મક ઊર્જાનો સંચાર કરે છે.





# ગુજરાત "ખાલિસ્તાન"માં ફેરવાશેઃ મોદી- શાહ નિશાના પર

## અમદાવાદની ૧૬ અને વડોદરાની ૧૮ સ્કૂલ અને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યો ઈમેઈલ પંજાબી ભાષામાં મળતા ખળભળાટ

**અબતક, રાજકોટ**

ગુજરાતના બે મોટા શહેર અમદાવાદ અને વડોદરાની ૩૪ સ્કૂલોને બોમથી ઉડાડી દેવાની ધમકી ભર્યો ઈ-મેઈલ પંજાબી ભાષામાં મળતા રાજ્યભરમાં ડરનું મોજૂ ફરી વળ્યું છે. ગુજરાત

ખાલિસ્તાનમાં ફેરવાશે આજે બપોરે તમામ શાળાઓને બોમ્બથી ઉડાડી દેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ નિશાના પર છે. આ બંને ખાલિસ્તાનઓના દુશ્મન છે. તેવો પંજાબી ભાષામાં લખેલો ઈ-મેઈલ મળ્યો છે.

વડોદરા અને અમદાવાદમાં ફરી બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. જેમાં વડોદરાની ૧૮ અને અમદાવાદની ૧૬ સ્કૂલને ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી છે. વડોદરા શહેરની ઉર્મિ,ડી.આર. અમીન, નાલંદા, જીવનસાધના, શનેન સ્કૂલ, નવયુગ સહિત ૧૮ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતાં શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલિક છોડી મૂકવામાં આવ્યા છે. તેમજ ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ સાવચેતીના ભાગરૂપે હાલ ખાલી કરી દેવામાં આવી છે.બોમ્બની ધમકી મળી હોવાની જાણ થતાં શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્કવોડ અને ડોગ





સ્કવોડની મદદથી સ્કૂલની તપાસ કરવામાં આવી રહી છે.અમદાવાદની ૧૬ સ્કૂલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાનું સામે આવ્યું છે. જેમાં વસ્ત્રાપુરની એશિયા સ્કૂલ, સેટેલાઈટની એ વન સ્કૂલ, મકરબાની ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, અંકુર ઈન્ટરનેશનલ સ્કૂલને ધમકીના ઈમેઈલ મળતાં તંત્રમાં દોડધામ મચી છે. બોમ્બની ધમકીને પગલે સ્કૂલને ખાલી કરી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

અગાઉ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬એ અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલોને ઈમેઈલ દ્વારા (અનુ. આઠમા પાને)

**પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમો દ્વારા તમામ સ્કૂલોમાં સઘન ચેકિંગ બાળકોને શાળામાંથી રજા આપી દેવાય ઈમેઈલ મોકલનારની તપાસ શરૂ**

---

### સોશિયલ મીડિયા સ્ટાર – વિવાદીત

# કીર્તી પટેલ અને પી.આઈ. વરિયાએ મૃગી કુંડમાં સાધુ- સંતો સાથે સ્નાન કરતા 'મહા વિવાદ'



## સાધુ –સંતોમાં ભાર નારાજગીઃ વહિવટી તંત્ર દ્વારા બન્ને સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી શકયતા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મિની મહાકુંભ તરીકેનું બિરૂદ્ધ જેને આપવામાં આવ્યું છે કે જુનાગઢના ભવનાથમાં યોજાયેલા મહા શિવરાત્રીના મેળામાં મહા વિવાદ સર્જાયો છે. સોશિયલ મીડીયા સ્ટાર અને હમેશા કોઈને કોઈ વિવાદમાં રહેલી કીર્તી પટેલે ગઈકાલે મૃગી કુંડમાં સાધુ-સંતો સાથે સ્નાન કરતા ભારે વિવાદ ફાટી નીકળ્યો છે. આ ઉપરાંત પોલીસ અધિકારી પીઆઈ વરિયાએ પણ મૃગી કુંડમાં સ્નાન કરતા હોવાનો વિડીયો વાયરલ થયો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બન્ને સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે.

જુનાગઢમાં ભવનાથમાં યોજાતા મહા શિવરાત્રીના મેળામાં અંતિમ દિવસે રવાડી બાદ મધરાતે મૃગી કુંડમાં થતા મહા સ્નાનમાં સાધુ સંતો સિવાય કોઈને મંજુરી આપવામાં આવતી નથી. દરમિયાન ગઈકાલે રાત્રે વિવાદીત સોશિયલ મીડીયા સ્ટાર કીર્તી પટેલે ભગવા વસ્ત્રો સાથે સાધુનો વેશ ધારણ કરી સાધુ સંતો મૃગી કુંડમાં સ્નાન કર્યુ હતું. સ્નાન દરમિયાન હર હર મહાદેવના નાદ પણ કર્યા હતા. જયારે તેઓ ભવનાથમાં આવ્યા ત્યારે પોલીસ અધિકારીઓ તેઓની પાછળ ફરી રહ્યા હતા. ત્યારે તેઓની સામે આંખ કાઢી આંગળી ચિંધી કીર્તી પટેલે એવી ચિમકી આપી હતી કે 'હું કોઈ આરોપી

(અનુ. આઠમા પાને)

---

# ફેબ્રુઆરીમાં ઉનાળાનો અહેસાસ ૪ શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીને પાર

## ડિસા ૩૫.૮ ડિગ્રી સાથે સૌથી ગરમ રાજકોટ ૩૫.૩ ડિગ્રી સાથે બીજા નંબરે

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરીના મધ્યાહને આકરા ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે. રાજયના ચાર શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર થઈ ગયા છે. ડિસા ૩૫.૮ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યુ હતુ. સવારના સમયે હજી ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હોળી-ધુળેટીના તહેવાર બાદ આકરા તડકા પડવાનું શરૂ થશે આ વર્ષ ઉનાળો આકરો રહે તેવા એંધાણ અત્યારથી જ વર્તાવા લાગ્યા છે. હવામાન વિભાગના રેકોર્ડ પર રવિવારે રાજયના ચાર શહેરોનું મહતમ તાપમાન ૩૫ ડિગ્રી આસપાસ કે તેથી વધુ નોધાયું હતુ. જયારે ૬ શહેરમોં મેકિસમમ ટેમ્પરેચર ૩૪ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. ડિસાનું તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતુ. જે રાજયભરમાં સૌથી વધુ હતુ જયારે રાજકોટ શહેરનું મહતમ ૩૫.૩ ડિગ્રી નોંધાયું હતુ. રાજકોટ રાજયનું બીજા નંબરનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આ ઉપરાંત કંડલાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી અને ભૂજનું તાપમાન ૩૪.૯ ડિગ્રી નોંધાયું હતુ.

આ ઉપરાંત અમદાવાદનું તાપમાન ૩૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૪.૭ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૧.૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ડાંગનું તાપમાન દિવનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૫.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૮.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૯ ડિગ્રી સુરતનું તાપમાન ૩૪ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૨૯.૮ ડિગ્રી નોંધાયું હતુ. ફેબ્રુઆરીના તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું છે. તો એપ્રીલ-મે માસમાં પારો કયાં પહોચશે તેની કલ્પના પણ પરસેવો છોડાવી રહી છે.

---

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ભાજપ ગુનાહિત ઈતિહાસ ધરાવનારને ટિકિટ નહિ આપેઃ 'વડીલો'ને પણ નિવૃત્ત કરાશે

## ૬૦ વર્ષ કે તેથી વધુની વય ધરાવતા આગેવાનો હવે માત્ર પક્ષના માર્ગદર્શક બની રહેશેઃ ત્રણ ટર્મ લડેલાને ટિકિટ નહી આપવાના ક્રાઈટએ રિયાને હવે બે ટર્મ કરવાની વિચારણા


**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી એપ્રિલ કે મે માસમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજાવાની છે તે પૂર્વ સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ટિકીટ ફાળવણી અંગે કેટલાક નિયમો બનાવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે આ નિયમોને હજી સુધી સત્તાવાર બહાલી આપવામાં આવી નથી કે જાહેર પણ કરવામાં આવ્યા નથી. ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને ટિકીટ નહીં આપવાનું નકકી કરવામાં આવ્યું છે. સ્વચ્છ છબી ધરાવનાર વ્યકિતને મેદાનમાં ઉતારી મતદારોમાં એક નવો જ સંદેશો આપવામાં આવશે.

સામાન્ય રીતે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ ફાળવણી માટે ખાસ કોઈ નિર્ણય હોતા નથી પાલિકા અને પંચાયતમાં સ્થાનીક કક્ષાના સમિકરણોને ધ્યાનમાં રાખી ટિકીટ આપવામાં આવતી હોય છે. પરંતુ ૨૦૨૧માં ભાજપના તત્કાલીન પ્રદેશ અધ્યક્ષ અને હાલ કેન્દ્ર સરકારમાં જળ શકિત મંત્રાલયના કેબિનેટ મંત્રી સી.આર. પાટીલે કેટલાંક મહત્વ પૂર્ણ નિર્ણયો લીધા હતા. જેમાં ત્રણ ટર્મ કે તેથી વધુ સમય ચૂંટાયેલા વ્યકિતને ફરી ટિકીટ આપવી નહી, ૬૦ વર્ષ કે તેથી વધુની વય ધરાવતા આગેવાનને ચૂંટણીના મેદાનમાં ઉતારવા નહી. સંગઠનમાં સ્થાન ધરાવતા વ્યકિતને ટિકીટ આપવી નહી જો આપવામાં આવે તો સંગઠન માંથી રાજીનામુ લઈ લેવું આ ઉપરાંત પદાધિકારીઓને ચૂંટણી આપવી નહી જેવા નિયમો બનાવવામાં આવ્યા હતા. આ પ્રયોગ એકંદરે સફળ રહ્યો હતો.

હાલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ પદે ધારાસભ્ય જગદીશભાઈ વિશ્વકર્મા જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારે કાર્યકરો અને ચૂંટણી લડવા ઈચ્છુક ભાજપના આગેવાનો એવું માની રહ્યા હતા કે, હવે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં પક્ષ દ્વારા કોઈ નિયમોની બાંધછોડ રાખવામા આવશે નહી સ્થાનિક સમિકરણોને ધ્યાનમાં રાખી ટિકીટની ફાળવણી કરવામાં આવશે.

દરમિયાન



વિશ્વસનીય સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર હાલ પક્ષ દ્વારા સ્થાનીક સ્વરાજયની આગામી એપ્રિલ-મે માસમાં યોજાનારી ચૂંટણીમાં ટિકીટ ફાળવણીમાં કેટલાક નિયમો લાવવામાં આવશે જેમાં સૌથી મોટો નિયમ એ હશે કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ આપવામાં આવશે નહી આ નિયમનું ચૂસ્તપણે પાલન કરવામાં આવશે.

આ ઉપરાંત ૬૦ વર્ષ કે તેથી વધુની ઉમર ધરાવતા આગેવાનને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવશે નહી. ૨૦૨૧માં એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે ત્રણ ટર્મ કે તેથી વધુ ટર્મ ચૂંટાયેલા વ્યકિતને હવે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ મળશે નહી. જેમાં મોટો ફેરફાર કરવામાં આવશે હવે માત્ર બે ટર્મ પાલિકા કે પંચાયતમાં ચૂંટાયેલા વ્યકિતને ટિકીટ મળશે નહી. આ ઉપરાંત શહેર જિલ્લા કે પ્રદેશના સંગઠન માળખામાં હોદો ધરાવતા વ્યકિતને પણ ચૂંટણીમાં ટિકીટ મળશે નહી. આ ઉપરાંત સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં મહત્વપૂર્ણ હોદો સંભાળી ચૂકેલા આગેવાનને પણ હવે ટિકીટ નહી આપવાનો નિયમ બનાવવામાં આવશે હાલ પ્રાથમિક ચર્ચામાં ઉકત નિયમોની અમલવારી કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી મહિને તમામ સ્થાનીક સ્વરાજયની સંસ્થાની મુદત પૂર્ણ થયા બાદ નિયમોની સત્તાવાર ધોષણા કરવામાં આવશે અમુક પંચાયત કે પાલિકાઓમાં સ્થાનીક સમિકરણોને ધ્યાનમાં રાખી નિયમોમાં થોડી છુટછાટ પણ આપવામાં આવે તેવી શકયતા જણાય રહી છે.

---

# ધોરાજીમાં ૧૧ વર્ષની બાળકી પર ૪૦ વર્ષીય ઢગ્ગાનું અનેકવાર દુષ્કર્મ

- પારિવારિક સંબંધ ધરાવતા નરાધમે ઘરે ઘસી આવી ત્રણેક વાર માસુમનો દેહ ચૂંથ્યો
- ખૂનની ધમકી આપી કુકર્મ ગુજારતા શખ્સનું કૃત્ય પાડોશી જોઈ જતાં પરિવારને જાણ કરાઈ
- ધોરાજી પોલિસે દુષ્કર્મ, પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધી હેવાનની ધરપકડ કરી

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં ૪૦ વર્ષીય ઢગ્ગાએ ૧૧ વર્ષની બાળકી પર અવારનવાર દુષ્કર્મ ગુજારી પિંખી નાખ્યાનો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસે તુરંત જ દુષ્કર્મ, પોકશો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી લઈ આકરી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, ધોરાજીમાં રહેતાં મૂળ તાલાળાના એક પરિવારે પોલીસ મથકે આવી જણાવ્યું હતું કે, તેઓને ૧૧ વર્ષની એક પુત્રી છે. તેમની પડોશમાં હનીફ નિયાઝ ફકીર (ઉ.વ.૪૦) તેમના ઘરમાં ઘુસી તેઓની ૧૧ વર્ષની દિકરી સાથે અગાસી પર જ જબરદસ્તી શરીર સબંધ બાંધતો હતો જે પાડોશી જોઈ ગયાં હતાં.

જેથી પડોસીઓએ બાળકીના પરીવારને જાણ કરતાં પરીવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બાદમાં પરિવારજનોએ બાળકીની પૂછપરછ કરતાં તેણીએ જણાવ્યું હતું કે આપણા પાડોશમાં રહેતો શખ્સ હનીફ અગાઉ પણ બે વખત ઘરમાં ઘૂસીને તેની સાથે બળજબરી કરી ધમકી આપી દુષ્કર્મ આચાર્ય હતું. તેમજ ગઈકાલે પણ તે ઘરમાં ઘૂસી અગાસી પર પહોંચી ગયો હતો અને તેણી કપડાં સૂકવતી હતી ત્યારે બળજબરી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. જેથી પરીવાર તુરંત જ પોલીસ પાસે પહોંચી હતી.

બનાવ અંગે ધોરાજી સીટી પોલીસ મથકના પીઆઈ ગરચર અને ટીમે દુષ્કર્મ,પોકસો સહિતની આકરી કલમ ગુનો નોંધી આરોપી હનીફને દબોચી લીધો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી અપરણીત છે અને કોઈ કામ ધંધો કરતો નથી તેમ જ ફરિયાદી પરિવાર સાથે મિત્રતા કેળવી આ કુકર્મ આચાર્યનું પ્રાથમિક સામે આવી રહ્યું છે.

---

# દેશભરના સહકાર મંત્રીઓની કાલે ગાંધીનગરમાં 'મંથન બેઠક': અમિત શાહ કલાસ લેશે

## બેઠકમાં દેશભરમાં ૨ લાખ નવી એમપીએસીએસ, ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપના સહિતની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા કરાશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક તથા આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને કાલે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ , ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે. તદ્દુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

આ બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ,

(અનુ. આઠમા પાને)

---

# "ડિજિટલ અન્ન વિતરણ" વ્યવસ્થા સમગ્ર દેશમાં લાગુ કરાશેઃ અમિત શાહ

## સીબીડીસી જેવી ટેકનોલોજી આધારિત વિતરણ વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર અને વચેટિયાઓ સંપૂર્ણ નાબુદ થશેઃ કેન્દ્રીય ગૃહ મંત્રી

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ૧ કિલોના સીલબંધ પેકિંગમાં ચણા અને તુવેરદાળના વિતરણ, અમદાવાદના સાબરમતી ઝોનમાં અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ સુવિધા તેમજ 'ગરિમા પોષણ - સુપોષિત ગરુડેશ્વર તાલુકો'





અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. જાહેર વિતરણ વ્યવસ્થાને ડિજિટલ અને પારદર્શક બનાવતા વિવિધ પ્રકલ્પોના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે 'ડિજિટલ ઈન્ડિયા'નું વિસ્તરણ જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચ્યું છે. એક દાયકા પહેલા દેશના ૬૦ કરોડ લોકોના પરિવારમાં એકપણ બેંક એકાઉન્ટ નહોતું, પરંતુ આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ડિજિટલ ટ્રાન્ઝેક્શન ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે અને દુનિયામાં થઈ રહેલા કુલ ડિજિટલ વ્યવહારોના અડધા ડિજિટલ વ્યવહારો માત્ર ભારતમાં જ થઈ રહ્યા છે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વિશે વધુમાં વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું કે, હવે ગરીબોને સસ્તું અનાજ આપવાની દિશામાં પણ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાકાર થઈ રહ્યું છે. જે અંતર્ગત સીબીડીસી એટલે કે, સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પ્રોજેક્ટ અને 'મેડ ઈન ગુજરાત' એવા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. આ નવી ટેકનોલોજી આધારિત વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ થશે અને વચેટિયાઓનો અંત આવશે, જેનાથી છેવાડાના ગામડા, આકાંક્ષી જિલ્લાઓ અને પછાત વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના હકનું પૂરે-પૂરું અનાજ સીધું અને પારદર્શક રીતે મળી

(અનુ. આઠમા પાને)